કુમાર

સ્થાપક
રવિશંકર રાવળ

સળંગ
અંક
૫૮૫



દશભુજ ગણેશ · એક તંત્રમાર્ગીય પ્રાચીન કલાત્મક પ્રતિમા (ફોટો : ઈ. એસ. મહાલિંગમ્) પરિચય માટે જુઓ આ અંકમાં લેખ 'ગણપતિ'

વર્ષ ૪૯મું · અંક ૯મો · સપ્ટેમ્બર ૧૯૭૨ · તંત્રી · બચુભાઈ રાવત



લોકભરતમાં ગણપતિ : સતત ગળપણ ખાવાથી જેમ મોં ભાંગી જઈને મિષ્ટાન્ન અકારું લાગવા માંડે છે, તેમ યથાર્થ દર્શન (હોય તેવું તૂબહૂ આલેખન કરતી) કળાથી ચેતનવંતા સર્જકો કંટાળી ગયા. વળી ફોટોગ્રાફી પણ હવે તો વાસ્તવદર્શી નિદર્શન કરતી થઈ ગઈ હતી. એટલે એ યાંત્રિક ક્રિયાથી અતિરિક્ત, અને જેમાં વ્યક્તિગત સર્જનની છાપ પ્રકટી ઊઠે એવી અભિવ્યક્તિ કરવા માટે કલાકારોએ નિરૂપણના અવનવા તરીકા અપનાવ્યા. એમાંથી મન પર તત્ક્ષણ પડતી છાપ ઉતારવાની પદ્ધતિ-ઈમ્પ્રેશનિઝમ. ચિત્રવિષયનું આલેખન નહિ પણ ચોસલાં રૂપે નિરૂપણ કરીને તેની આભા પ્રકટાવતું ક્યૂબિઝમ, વાસ્તવદર્શનની બધી ઝીણવટો દૂર કરીને ન્યૂનતમ રૂપમાં મનની છાપ ઉતારતી સેઝાં, હેન્રી માતીસ વગેરે જેવાની પદ્ધતિ, આંતરસ્ફુરણા થાય તે ઉતારતું એક્સ્પ્રેશનિઝમ તેમજ જેમાંથી કાંઈ પણ સ્વરૂપ, હેતુ કે અર્થ પ્રકટ ન થાય એવી અમૂર્ત બિંદુ-અર્થશૂન્ય ઍબ્સ્ટ્રેક્ટ પદ્ધતિ----એમ, વિવિધ કલારૂપો પશ્ચિમમાં પ્રકટ્યાં. આ સર્વનું મૂળ બીજ એક જ-અંતઃસ્ફુરણા છે. શું પ્રાકૃત જનોની લોકકલા, કે શું બાળકોની બાળકલા આદિમ આર્ટ. એનું ઉદ્ભવસ્થાન પણ અંતઃસ્ફુરણા જ છે. સ્ફુરણા થાય તેમ હાથમાંથી આલેખ અને રંગ વહેવા માંડે. એમાં પણ માનવપાત્રો, પ્રાણીઓ, નિસર્ગતત્ત્વો વગેરે સર્જકની સ્ફુરણા અનુસારની ન્યૂનતમ કાયા ધારણ કરીને સંજ્ઞારૂપ બની રહે. આપણા પ્રાકૃત જનોના લોકભરતની આકૃતિઓમાં પણ એ જ વ્યક્ત થાય છે. અંતઃપ્રેરણાના બળમાંથી સ્ફુટ થતાં આ પ્રતિબિંબો પ્રચલિત ધારણા મુજબનાં સુંદર ન પણ લાગે, છતાં એ તૃપ્તિ અને આનંદ આપે છે. અત્રે રજૂ કરેલા ગણેશ અને રિદ્ધિ-સિદ્ધિના ભરતમાં આકારનું સૌંદર્ય ભલે ન લાગે, પણ એની ફૂલ-ગોપટનાં શોભનો સાથેના આકારની ભરણી અને રંગમેળમાંથી અભિવ્યક્તિનો વિશિષ્ટ ભાવ તો નીતરે જ છે. (શ્રી અમિન ગંગાલાલના સંગ્રહમાંથી)

કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૨ · અંક ૫૮૫

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦, પરદેશ : રૂ. ૨૮; પા. ૧-૬૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ. ૧-૭૫



આકાશદર્શન-૧૦: સપ્ટેમ્બર-ઑક્ટોબર

પર્સીઅસે જ્યારે મેડુસાનો વધ કર્યો ત્યારે વહેલા રક્તમાંથી એક પાંખાળો દેવતાઈ ઘોડો 'પેગાસસ' ઉત્પન્ન થઇને સીધો આકાશમાં ઊડયો એની એક ગ્રીક પુરાણ-કથા છે. ઉત્તર તરફ પીઠ કરીને જોતાં એ 'ખગાશ્વ' (Pegasus)ને તારામંડળોમાં ઓળખી શકાશે. એના પેટના સ્થાને લગભગ એકસરખા તેજસ્વી ચાર તારાનો એક વિશાળ ચોરસ રચાય છે, જેના પશ્ચિમ તરફના બે 'પૂર્વા ભાદ્રપદા' અને પૂર્વ તરફના બે 'ઉત્તરા ભાદ્રપદા' નક્ષત્રના તારા છે. ઉ. ભાદ્રપદાના તારા પાસેથી ખગાશ્વના પાછલા બે પગ રૂપે તારાઓની જે બે હાર જતી દેખાય છે તે 'દેવયાની' (Andromeda) તારામંડળ છે. દેવયાનીના આરંભનો ઉ. ભાદ્ર.નો તારો તો ત્રણ તારાનો બનેલો છે. 'દેવયાની'માં 'મે-૩૧'ની સંજ્ઞાથી ઓળખાતી એક નિહારિકા છે. આપણાથી ૨૦ લાખ પ્રકાશવર્ષ દૂરની છતાં નરી આંખે ઝાંખા તારા જેવી દેખાતી આ વિરાટ નિહારિકા આપણા તારાવિશ્વ જેવી ખાસિયતો ધરાવતું એક અતિ વિરાટ તારાવિશ્વ છે. એના લગભગ દોઢ લાખ પ્રકાશવર્ષ જેટલા વિસ્તારમાં આપણા સૂર્ય જેવા કરોડો તારા છે. દેવયાનીની બીજી બાજુ 'મે-૩૩' સંજ્ઞાની, આપણાથી ૭ા લાખ પ્રકાશવર્ષ દૂર એક બીજી નિહારિકા પણ છે. ◖ દક્ષિણમાં હોડી આકારે ગોઠવાએલા અને એકબે સિવાય બાકીના ઝાંખા તારાઓવાળી 'મકર' (Capricornus) રાશિ દેખાય છે. દોઢેક હજાર વર્ષ પૂર્વે સૂર્ય દક્ષિણે વધુમાં વધુ આ મકરરાશિ સુધી જતો દેખાતો, જેના પરથી મકરવૃત્ત નામ પડયું. મકર પછી કુંભ (Aquarius) રાશિ છે. એના ઘણાખરા તારા નિસ્તેજ છે. કુંભમાં 'શતતારા' નક્ષત્ર છે. 'યમમત્સ્ય' (Pisces Austrinus=દક્ષિણની માછલી)માં તેના મુખસ્થાને આવેલો તેજસ્વી 'મીનાસ્ય' આપણાથી ૨૩ પ્રકાશવર્ષ દૂર છે. 'બક' (Grus) અને 'ગૃધ્ર' (Phoenix) એ બે બીજાં નાનાં મંડળો છે. ગૃધ્રનો તેજસ્વી તારો તે 'જટાયુ'. 'સિંધુ' (Indus) અને (Pavo) 'મયૂર' એ બીજા બે દક્ષિણના જાણીતા તારા છે.

ઢીબનાં પાણી / હરિકૃષ્ણ પાઠક

· ગાન ·

આ તો ભાઈ, ઢીબનાં પાણી.
તરસી પાંખને કો'ક દી ઊંડી આરત લાવે તાણી,
આ તો ઢીબનાં પાણી.
ન્હોય નદીનાં નીર કે એમાં ઊમટે ઘરમર પૂર,
થીર ના કોઈ તળાવ કે એમાં ઊગવાં કમળ-ફૂલ;
તરસ્યું કોઈ આવશે – ખોબો'ક રેડતા એટલું જાણી,
આ તો ઢીબનાં પાણી.
કોઈ દી એને કાંઠડે નહિ વસવાં નગર-ગામ,
કોળવાં નહિ વંન કે લીલાં મંન કે ટગર-ફૂલશાં ભીનાં નામ,
થાક ભરેલાં પળનો પોરો પામતાં એ જ કમાણી,
આ તો ઢીબનાં પાણી.
કોતર-કાંઠા, બેટ કે ભાઠા કોઈ નહિ અસબાબ,
ઢળતું માથે છાપરું, ઝૂકે ડાળખી, અને આંગળું તરે આભ;
નેહની ભીની મટકીમાંથી ખેવના કેરી લ્હાણી,
આ તો ઢીબનાં પાણી.

ખેતરમાં / રામચંદ્ર બ. પટેલ

· શિખરિણી ·

અને ઊભું રાખી હળ, ચલમ ખંખેરી ભરી હું
મૂકું અંગારો જ્યાં–મહુડી પરથી સારસ ઊડી
પણે આવી બેઠાં. તરત તરસ્યું ખેતર બધું
ચગ્યું લીલું, એમાં પવન વન ન્હેરી ચીતરવા
મને માંડયો :
જાણે હું થઈ હળવો ભાત જમતો
બપોરે, તું પૂળા લઈ બળદની પાસ વળતી,
પછી કૂવાથાળે કિચુડ રવમાં ધોતી કપડાં;
વળી કોઈ વેળા જલ રગશિયું હોય જવું તો
જતો ખેંચી ઘેસ્સી પર લઈ તને, નીક સરખી
કરી દેતાં ત્યારે ગગન ઢળતું પોષતણું; ને
હતો આ દા'ડો, તું સુરભિઝર લીલો મધુરવો
લઇ ચાલી ભારો કઈ તરફ?
હું ખેતર મહીં–
અહીં જો કોઇનો પિયળ પડછાયો અડી જતો,
ચડી આવે આંધી, ઘડીક કણુસી હું સળગતો.

વાત / મહેશ જોશી

· મિશ્ર ·

અંતે કહી વાત સૂકેલ કાષ્ઠને,
ફૂટી પડી કુંપળ એક ઝહાવરી;
થયાં દગો છલછલ પૃથ્વી કેરાં,
ઊડયાં ખગો સ્રોવરને કિનારે.

ખંડેરની ભીંત પરે ઊગેલ,
અશ્વત્થની કૂંપળ લાલ લાલ
સુણી કથા સૂર્ય-પ્રકાશને વિષે
ઝળાંહળાં ગાય કશુંક અદ્ભુત.

રે પર્ણના સંકુલ અગ્ર ભાગથી
સરી રહે વાત, ઝિલાય ભૂમિએ
ને પૃથ્વીનાં લોચનની ઉદાસીએ
આવી ઊભે વ્યોમ સમગ્ર ભીનું.

ચાડિયો / કરસનદાસ લુહાર

· ગઝલ ·

ચાંચોની ટોળીઓ થકી ઠોલાય ચાડિયો,
ચૈતન્યના સપનમાં ઝબોળાય ચાડિયો.

ભમવાનું ભૂરું આભ વિહંગોની આંખમાં.
ખેતરને ચાસ ચાસ ઊગી જાય ચાડિયો.

પળપળ ભરી પીએ છે કસુંબા લીલાશના,
ના તો ય કેફમાં કદી ખરડાય ચાડિયો.

કલરવના ડાયરા કે ન ફફડાટ પાંખનો,
ને લીલી શૂન્યતા અહીં ભીંસાય ચાડિયો.

પકડીને એની આંગળી ભાગી જવું'તું કયાંક;
આંધી વહી જતાં હવે પસ્તાય ચાડિયો.

પૂરા થવાના હાશ! હવે શ્વાસ દંભના,
ખેતરમાં કાપણી ને સમેટાય ચાડિયો!

રેવાને તીરે / પ્રિયવદન શેઠ

· વસંતતિલકા ·

માર્તણ્ડ શ્રાન્ત અવ લે ક્ષિતિજે વિરામ,
ને વર્ણ સ્વર્ણમયથી લસતી પ્રતીચી;
લાવણ્ય જેનું ઝીલતી નિજ નીરમાંહી
આછે તરંગ ઊછળન્ત વહન્ત રેવા.
સામે તીરે નિબિડ વૃક્ષની કુંજ મધ્યે
સોહન્ત હંસ મુનિનો મઠ શ્વેતરંગી,
ને દૂર ત્યાં યજનકુંડ હુતાશ કેરી
જ્વાલા સમા પ્રજળતા કંઈ વાયુકૂપ.*
અંગે હવા હલમલે વિચિસ્પર્શભીની,
ને દર્શને નિખિલનાં મુજ નેત્ર લીન;
આનંદ દિવ્યતણી એ અનુભૂતિમાંથી
હું વાસ્તવે સરું તદા લહું ધ્વાન્ત વ્યાપ્ત.
ત્યાં તો કશે મધુર આરતીગાન સંગે
ગુંજી રહે શ્રવણમંજુલ ઘંટનાદ,
ને વ્યોમ વ્યોમ પ્રગટે પ્રતિનાદ એના
તેજે રસેલ લઘુ તારકના સ્વરૂપે.

* ગૅસના કૂવા–અંક્લેશ્વરના તેલકૂપના

નથી દેતાં! / 'ચાતક'

· મુક્તક ·

તમારું દિલ અરીસા જેવું છે,
તો પણ તમે તેમાં
કદી કયારે ય કોઈની છબી
પડવા નથી દેતાં!
કે કાજળ આંખમાં આંજો છો,
પણ એવી ખૂબીથી કે
કીકીને કોઈ દી કાળાશ પણ
અડવા નથી દેતાં!

મૂંઝાતું ફળિયું

કનુ મહેતા 'વ્યોમ'

· લાવણી ·

આંગણે એકલતા ઊભરાય,
લીમડો ઊભો ઊભો અકળાય;
છાંયડો આથમતી કાયાને
ઝંખે ખખડેલી ખાટલીએ.

ખાટલી જામેલા હોકાની
ઝંખે ગુડગુડ મીઠી ઘૂંટ;
ચીપિયો આકુળવ્યાકુળ થઈ
વળેલી રાખ વીંખવા ઝંખે.

ઓશરી આથમતી વેળાની
ઝંખે રામનામની માળા,
માળા મૂંઝાતા મણકાને
ચાંપત એ જ ટેરવાં ઝંખે.

લાકડી, કોટ, પાઘડી, જોડા
થઇને નોધારાં નોધારાં
તાકી એકમેકની સામે
તલસે ઢળતે દાઢે ન્હોર
ફરીને રોજ ડેલીએ જાવા.

સાંજે સૂનમૂનતા ઓઢી
રઝળે સોનપરીની વાતો;
વાતો કાન ભરી પીવાને
વલખે માયાળુ ચહેરાઓ.

શ્વાસે લાગણીઓ રૂંધાય
નિમાણું થઈ ફળિયું મૂંઝાય!

ભારતીય પ્રતિભા, પાંડિત્ય ધર્મ અને સંસ્કારસંપત્તિની જીવન્ત પરંપરા રૂપ મહામનીષી,



'પ્રાચ્ય-વિદ્યા પરંપરાના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનારા આ પંડિતે સંસ્કૃત જ્ઞાનગિરાની અનેક શાખાઓ પૈકી બે —ધર્મશાસ્ત્ર અને અલંકારશાસ્ત્ર—પર પોતાનાં અભ્યાસ, વિદ્વત્તા અને લેખન-પ્રવૃત્તિને કેન્દ્રિત કર્યાં, અને અખંડ પરિશ્રમ ખેડી પોતાની શાસ્ત્રીયતા, ચોકસાઇ, સ્પષ્ટતા પ્રામાણ્ય, નિખાલસતા અને નિર્ભીતતાભર્યા અત્યંત અધિકૃત, શાસ્ત્રીય તેમજ પાંડિત્યપૂર્ણ ગ્રંથો આપ્યા.' (પ્રા. રમેશ બેટાઇ)

જેમના વ્યક્તિત્વમાં ભારતીય પ્રતિભા, પાંડિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસની સૈંકડો સદીઓની પરમ્પરા જીવન્ત જણાતી હતી, અને જેમના દર્શનથી ભારતીય આત્માના સંસ્પર્શનો અનુભવ થતો હતો તે મહામનીષી, મહામહોપાધ્યાય, ભારત-રત્ન ડૉક્ટર પાંડુરંગ વામન કાણે (અણ્ણાસાહેબ કાણે) ૯૨ વર્ષનું સુખી, શાન્ત, સમાધાન-પૂર્ણ દીર્ઘાયુષ્ય ભોગવી મુંબાઈમાં પોતાના નિવાસ-સ્થાન (આંગ્રેવાડી–ગિરગામ) પર ૧૮મી એપ્રિલ ૧૯૭૨ ને મંગળવારે ચિરનિદ્રામાં વિલીન થઈ ગયા. તેઓ આ યંત્રપ્રધાન વ્યાવસાયિક યુગમાં પણ ભારતીય ઋષિ-મુનિઓની ભાવનાના તપઃપૂત પ્રતિનિધિ સમા હતા.

મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાને દેશનાં અનેક મહાપ્રાણ નરરત્નો-ને ઉત્પન્ન કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. લોકમાન્ય તિલક, મહર્ષિ અણ્ણા-સાહેબ કર્વે, ગણિતકેસરી ડૉ. રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે જેવા પુરુષ-પુંગવોની બાલક્રીડા-ભૂમિ એ રત્નાગિરિના, પરશુરામ નામક ગામમાં, ૭મી મે ને દિવસે શ્રી કાણેનો જન્મ થયો હતો. કુટુંબ પ્રતિષ્ઠિત પંડિતનું. એમના પિતા પરંપરાગત ગોરપદું છોડીને દાપોલી ગામમાં વકાલાત કરતા હતા. પિતાની એવી ભાવના હતી કે પુત્ર પણ એમને જ પગલે ચાલીને એક હોશિયાર વકીલ બને; પરંતુ તરુણ પાંડુરંગના ચિત્તમાં વિવિધ મહત્ત્વાકાંક્ષાઓ રમી રહી હતી.

પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ દાપોલીમાં પૂરું કરીને એસ. પી.જી. મિશન હાઈસ્કૂલમાંથી મૅટ્રિક પાસ થઈ મુંબાઈ ગયા, ને ત્યાં પ્રિન્સિપલ ડૉ. મૅકિકનની પ્રેરણા અને પ્રભાવથી ઉચ્ચ કેળવણી માટે એમની વિલ્સન કૉલેજમાં દાખલ થયા. ત્યાં પોતાની બૌદ્ધિક પ્રતિભા અને પુરુષાર્થ વડે લગાતાર પ્રગતિ કરીને અનેક શિષ્યવૃત્તિઓ અને પુરસ્કારો મેળવ્યાં અને મુંબાઈ વિશ્વવિદ્યાલયમાંથી ઈ. ૧૯૦૩માં સંસ્કૃત અને અંગ્રેજી વિષયો લઇ એમ. એ. થઇને ઝાલા વેદાંત પારિતોષિક મેળવ્યું.

નબળી આર્થિક સ્થિતિને લઇને એમ. એ. થયા કે તરત જ એઓ રત્નાગિરિની સરકારી શાળામાં શિક્ષક તરીકે જોડાયા અને ત્રણ વર્ષ બાદ મુંબાઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં સંસ્કૃતના મુખ્ય શિક્ષકને પદે આવ્યા. અહીં એમને એલએલ. બી.ની પરીક્ષા ઉત્તીર્ણ કરવાની (૧૯૦૮માં) તક સાંપડી. ત્યાર બાદ તે એલ્ફિન્સ્ટન કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે જોડાયા. તે પછી ડેક્કન કૉલેજમાં એમની નિમણૂકની બાબતમાં કંઈક અપમાનજનક પ્રસંગ ઊભો થતાં એમણે આ શિક્ષણક્ષેત્ર છોડી વકાલતનું ક્ષેત્ર અપનાવ્યું; અને સાથેસાથે લૉ કૉલેજમાં કાયદાશાસ્ત્રના અધ્યાપક-ની પણ કામગીરી બજાવી.

મુંબાઈના વરિષ્ઠ ન્યાયાલયમાં પિસ્તાળીસ વર્ષના લાંબા કાળ સુધી વકાલતના ધંધાની સાથેસાથે એમણે પ્રાચીન ધર્મશાસ્ત્રોનું સંશોધનકાર્ય પણ ચાલુ રાખેલું. તે માટે વ્યવસાયના કામમાંથી નિયમિત અવકાશ કાઢી એઓ મુંબાઈની એશિયાટિક સોસાએટીની લાયબ્રેરીમાં રોજ સાંજે સાડાસાત સુધી બેસી પોતાના શોધકાર્યની નોંધો ટપકાવતા અને ઘેર રાતના તે વ્યવસ્થિત કરી ગ્રંથ-લેખનની ભૂમિકા તૈયાર કરતા. આ ઉપરાંત આ કાર્ય અંગે એમણે વડોદરા, ઉજ્જૈન, વારાણસી, તાંજોર અને મદ્રાસ-ની સમૃદ્ધ અને જાણીતી લાયબ્રેરીઓ પણ ફેંદી નાખી હતી.

આવા પાંત્રીસ વર્ષના અખંડ વિદ્યાભ્યાસંગ અને સંશોધનકાર્ય પછી એમણે અંગ્રેજીમાં 'હિંદુ ધર્મશાસ્ત્રનો ઇતિહાસ' પર પાંચ મોટા ગ્રંથ (મુદ્રિત રૂપમાં છ હજાર પાનાં અને હસ્તલિખિત રૂપમાં વીસ હજાર પાનાંના) તૈયાર કર્યાં. આમાં પ્રથમ ગ્રંથ અને પાંચમા ગ્રંથના તો બબ્બે વિભાગો છે. પૂનાની વિખ્યાત વિદ્યાસંસ્થા 'ભાંડારકર પ્રાચ્યવિદ્યા-સંશોધન-મંદિરે' પંચ્યાશી હજાર રૂપિયાના ખર્ચે એ પાંચે ગ્રંથ પ્રસિદ્ધ કર્યા છે. આ ભગીરથ સારસ્વતકાર્ય માટે એમને વૈદિક કાળથી લઇને ડેઠ પં-દરમી સદી સુધીના સમસ્ત ધર્મશાસ્ત્રીય વાઙ્મયના ગહન વારિધિમાં અવગાહન કરવું પડચું હતું. શોધપ્રબંધ માટે એમણે આ વિષય જ શા માટે પસંદ કર્યો એવા પ્રશ્નના ઉત્તરમાં એ કહેતા: 'અંગ્રેજ વિદ્વાનોએ આપણા ઇતિહાસ અને બીજાં શાસ્ત્રો વિષે અનેક ભ્રમણાભર્યાં વિધાનો કર્યાં છે. તે બધી ખામીઓનું નિરાકરણ અને નિરસન કરવા માટે મેં આ વિષય પસંદ કર્યો.' એ પાંત્રીસ વર્ષો દરમ્યાન બીમારી વગેરે અનેક વિઘ્નો નડયાં. પરંતુ પોતાના સંકલ્પ અને સાધના પ્રત્યે સમર્પિત કૃત-નિશ્ચયી અણ્ણાસાહેબ એ બધાં નડતરોને ઘોળીને પી જઇને એકધારી ઉપાસના અને પરિશ્રમથી એ મહાભારત કામ પૂરું કર્યું. એમના 'ધર્મ-શાસ્ત્રના ઇતિહાસ'થી દેશદેશાન્તરમાં એમની યશોદુંદુભિ વાગી ઊઠી.

ધર્મશાસ્ત્ર ઉપરાંત સંસ્કૃતના વિદગ્ધ સાહિત્ય પ્રત્યે પણ અણ્ણાને ખૂબ અભિરુચિ હતી. સાહિત્યક્ષેત્રમાં એમની નીચે જણાવેલી રચના-

પોતાના સંકલ્પ અને સાધના પ્રત્યે સમર્પિત કૃતનિશ્ચયી વિદ્વાન, પ્રોજ્જ્વલ પ્રજ્ઞા તથા વિદ્યા-સંપદાથી સંપન્ન તેજોદીપ્ત સારસ્વતપુંગવ

ભારતરત્ન મહામહોપાધ્યાય

ડૉ. પી. (પાંડુરંગ) વી. (વામન) કાણે

લેખક: શંકરદેવ વિદ્યાલંકાર

ઓને લીધે પણ એઓ સારો આદર પામ્યા છે: ૧) સાહિત્યદર્પણની ભૂમિકા; ૨) બાણભટ્ટની કાદંબરીની વ્યાખ્યા–ત્રણ ખંડ; ૩) વ્યવહાર-મયૂખનું સંપાદન; ૪) હિન્દુ ધર્મશાસ્ત્ર-વિચાર (મરાઠી); ૫) હિંદુ કસ્ટમ્સ ઍન્ડ મૉડર્ન લૉ; ૬) હિસ્ટરી ઑવ સંસ્કૃત પોએટિક્સ (અંગ્રેજી).

સોળ વર્ષની ઉંમર હતી ત્યારે અણ્ણાને એક વિચિત્ર પ્રકારનું ઉદર-શૂળ ઊપડેલું. તેને માટે જાતજાતના ઉપચાર કર્યા, પણ કંઈ ફાયદો થયો નહિ. તેથી એમણે પોતાના આહાર-વિહાર અને પથ્યસેવનના નિયમોનું કડક રીતે પાલન શરૂ કર્યું અને એ પથ્યપાલન જીવનના અંત સુધી ચાલુ રાખ્યું. દા. ત. ફણસના ગોટા નહિ ખાવા, લીલી છાલનાં કેળાંનું તો નામ ન લેવું, ચણાની દાળ બંધ, ખાટા-તીખા પદાર્થોનું સેવન બંધ. માત્ર ઘઉંની પૂરી, હલકી ભાજીઓ અને દૂધનો આહાર અનુકૂળ આવ્યો, અને સદાને માટે તેનો જ સ્વીકાર કર્યો. દંડ-બેઠકની કસરત જે નિયમિત કરતા તે ઉદરશૂળ ઊઠયા પછી કાયમ માટે બંધ કરી. તેના બદલે સવાર-સાંજ ફરવાનો ક્રમ ચાલુ કર્યો અને તે નિરપવાદ પાળ્યો. પોતાના નિવાસસ્થાન આંગ્રેવાડીથી નીકળીને સમુદ્રને તીરેતીરે ચાલી મલબાર હિલની પરિક્રમા પચાસ વર્ષ સુધી એમણે ચાલુ રાખેલી. પોતાના મનીષી મિત્ર પ્રિન્સિપલ અશ્વત્થામા બાલાચાર્ય ગજેન્દ્રગડકર સાથે ચોપાટીના સાગરતીરનું આ ભ્રમણ કરતા એમને ઘણા સજ્જનો જોતા. આ એમની કઠોર સંયમભરી જીવનરીતિ પણ સિદ્ધિવાંછુઓને માટે ઉદાહરણ પૂરું પાડે તેમ છે.

'હિન્દુ ધર્મશાસ્ત્રોનો ઇતિહાસ' જેવા ગ્રંથમણિના સર્જક અણ્ણા સાહેબનો ધર્મ પ્રત્યેનો અભિગમ આશ્ચર્ય પમાડે તેવો હતો. તેઓ ઉદર-શૂળને કારણે ખાનપાનની બાબતમાં ખૂબ જ ચોકસ અને સંયમશીલ હતા; પણ એમનાં ધર્મપત્ની પરંપરાગત ધાર્મિક રિવાજોના પરિપાલનનાં ખૂબ આગ્રહી, અને ઉપવાસ તથા વ્રતપૂજા આદિમાં ચુસ્ત નિયમનિષ્ઠ હતાં. અણ્ણા એમને વિનોદમાં કહેતા: 'ઉપવાસ કરવાથી સ્વર્ગ મળી જતું હોય તો બધા ગરીબ લોકો માટે સ્વર્ગપ્રાપ્તિ કોઈ રીતે અશક્ય નથી! ઉપવાસના દિવસોમાં પણ મહિલાવર્ગને દૈનિક ગૃહકાર્યોનો પરિ-શ્રમ તો ઉઠાવવો જ પડે છે, અને આ શ્રમને લીધે શારીરિક અશક્તિ આવી જાય એ સ્વાભાવિક છે; એટલે એમના પેટમાં થોડોઘણો આહાર જાય તો સ્વાસ્થ્યની દષ્ટિએ હિતકર ગણાય.' પરંતુ અણ્ણાસાહેબની આ બધી તર્કસંગત વાતો ધર્મપત્નીને છેવટ સુધી ગળે ઊતરી નહિ. અણ્ણા અનેક વાર કહેતા: 'જુઓ આ સ્વર્ગ-બ્વર્ગમાં હું માનતો નથી. મૃતાત્માઓ માટેના શ્રાદ્ધકાર્યમાં પણ મને કોઈ પ્રકારની શ્રદ્ધા નથી; કારણ કે તેનો અનુભવ કાંઈ કોઇએ કર્યો નથી. માત્ર 'બાબા વાક્યંમ્ પ્રમાણમ્' માનીને લોકો આ બધી વાતોને વળગી રહે છે.' અણ્ણા સાહેબના નખશિખ પૌરસ્ત્ય પોશાક ને ધર્મગ્રંથોના એમના અભ્યાસ પરથી એમની ધર્મસમજ વિષે ઉપરછલ્લો અભિપ્રાય બાંધનારા ભુલાવામાં પડે એમ હતું. વસ્તુતઃ એમની ધર્મભાવના વિશુદ્ધ અને દષ્ટિસંપન્ન હતી.

વિદ્વદ્વર્ય શ્રી અણ્ણાને જ્ઞાનચર્ચાસંપન્ન સભાસંમેલનોમાં જવું બહુ ગમતું. મરાઠી સાહિત્ય-સંમેલન તથા કૉંગ્રેસ અને ઇતિહાસ-પરિષદ જેવી સંસ્થાઓનાં અધિવેશનોમાં તેઓ ઉત્સાહપૂર્વક જતા. પ્રાચ્યવિદ્યા પરિષદ્નાં પારી(સ), ઈસ્તંબુલ અને કેમ્બ્રિજમાં ભરાએલાં સંમેલનોમાં તો એમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. એમની વિદ્વત્તાને અનુલક્ષીને એમને ઈ. ૧૯૫૫માં 'પદ્મશ્રી'નો ઈલકાબ આપવામાં આવેલો. પરંતુ પાછળથી સરકારે જાણે પોતાની આ ભૂલ સુધારી હોય તેમ એમની શાસ્ત્રીય વિદ્વત્તાના ઉપલક્ષ્યમાં 'મહામહોપાધ્યાય' અને 'ભારતરત્ન'ના ઈલકાબોથી નવાજ્યા. ઉપરાંત સરકારે એમને 'રાષ્ટ્રીય પ્રાધ્યાપક'નું પદ આપી ૧૫૦૦ રૂપિયાનું વર્ષાસન પણ નિયત કરી આપ્યું. ઈ. ૧૯૫૨માં એમને રાજ્યસભાના સદસ્ય પણ બનાવેલા. સાહિત્ય અકાદમીએ એમને 'ધર્મશાસ્ત્રનો ઇતિહાસ'ના ચોથા ખંડ માટે ૫૦૦૦ રૂપિયાનું પારિતોષિક આપેલું. પોતાની જ્ઞાનદાત્રી માતૃસંસ્થા મુંબાઈ યુનિવર્સિટીના ઉપકુલ-પતિ બનવાનું ગૌરવ પણ એમને મળ્યું હતું. ઈ. ૧૯૪૭થી '૪૯ સુધી એમણે એ સ્થાન શોભાવ્યું. ત્યારે પણ એમની સાદાઇ અજોડ હતી. એવા ઉચ્ચોચ્ચ હોદ્દા પર પોતે હતા, છતાં એ હમેશાં ટ્રામમાં જ જતા-આવતા. સાચી વિદ્વત્તા પ્રાપ્ત થતાં મનુષ્ય સાદાઇને વરે છે તે આનું નામ. એમના બે ઓરડાના ઘરમાં પણ જૂના રાચરચીલા વચ્ચે એ જ સાદાઈથી એઓ જીવતા. આથી જ ક. મા. મુનશીએ એમના વિષે કહેલું કે આજુબાજુની મહાન વસ્તુઓ માણસને મહાન નથી બનાવતી, પણ મહાન માણસ આજુબાજુની ક્ષુલ્લક ચીજોને મહાનતા અર્પે છે.

આવી પ્રોજ્જ્વલ પ્રજ્ઞા અને વિદ્યાસંપદાથી મંડિત હોવા છતાં શ્રી કાણે પોતાની ખ્યાતિથી સદા પરાઙ્મુખ રહેતા. લોકપ્રિયતા માટે એમણે કોઈ દિવસ પોતાના અંતરાત્માની પ્રતારણા નહોતી કરી. જાણે કે તેઓ ભારતના સર્વપ્રસિદ્ધ ધર્મશાસ્ત્ર મનુસ્મૃતિમાં જણાવેલા આદેશનું પરિ-પાલન કરી રહ્યા હતા:

'सन्मानाद् ब्राह्मणो नित्यं उद्विजेत विषादिव'

અર્થાત્—બ્રાહ્મણે માનપ્રાપ્તિ માટે વિષની જેમ અણગમો રાખવો.

જિંદગીનો મોટો ભાગ એમણે અખંડ વિદ્યોપાસનામાં જ ગાળ્યો હતો. સરસ્વતી અને શ્રીમાંથી એમને સરસ્વતીનું જ આકર્ષણ રહ્યું હતું; નહિ તો મહારાષ્ટ્ર સરકારે એમને ઉપકુલપતિપદ બાદ માસિક રૂપિયા ૨૦૦૦ના વેતનથી રોકાઈ જવા જણાવ્યું ત્યારે ખૂબ જ આસાનીથી એ માતબર રકમવાળી જગ્યાનો એમણે ઈન્કાર કર્યો ન હોત!

મુંબાઈ, પૂના અને પ્રયાગનાં વિશ્વવિદ્યાલયોએ એમના પ્રગાઢ પાંડિત્ય અને સારસ્વત-સેવા માટે એલએલ. ડી. તથા ડી. લિટ્.ની ઉપાધિઓ આપી એમનું બહુમાન કર્યું હતું. આ વખતે એમની વિનમ્રતા અને શિક્ષણસચ્ચાઈ છતાં થયા વગર રહેલાં નહિ. આ ઉપાધિનો સ્વીકાર-જવાબ વાળતાં એમણે કહેલું: 'વિદ્વત્તાનાં ધોરણો આજકાલ ખાડે જતાં રહ્યાં છે. આ મારા જેવાને એલએલ. ડી.ની પદવી અપાય છે એ જ જુઓને!' તો શિક્ષણની કથળતી જતી દશા જોઈ અન્યત્ર એમનો ઉકળાટ આ પ્રમાણે પ્રગટ થયો છે: 'નવી પેઢીએ સ્વદેશના ઉત્કર્ષ માટે સતત પરિ-શ્રમશીલ રહેવું જોઇએ. આજે નવી પેઢીમાં વાચન ઓછું, સાહસ ઓછું, મહેનત ઓછી! થોડીક સિદ્ધિ મળી કે તરત ફૂદાફૂદ કરનારાઓની સંખ્યા ઠીકઠીક વધી છે. કૉલેજો વધતી રહી છે, પણ વિદ્વત્તા વધી નથી. વિદ્યાર્થીઓ નોકરી માટે ભણે છે. નવી પેઢીમાં આળસ એવું વધ્યું છે કે જેમને પગાર મળે છે તેમાંના અનેક જણ કશું કરતા નથી. કૉલેજોમાં પ્રાધ્યા-પકોને પૂરા પગારે દર વર્ષે ત્રણ માસની રજા મળે છે, પણ અનેક પ્રોફે-સરો જ્ઞાનવૃદ્ધિ માટે કશું કરતા નથી.' એમની આ વેદનાયુક્ત ટકોર કોઈ પણ આદર્શ વિદ્યાર્થી અને અધ્યાપકને માર્ગદર્શક છે.

આવી સારસ્વત-સંપદા અને સંસ્કાર-સમૃદ્ધિથી સંપન્ન શ્રી કાણે સ્વભાવે સૌમ્ય, નિરાડંબરી, વિનોદપ્રિય અને વત્સલ હતા. એમનું પારિવારિક જીવન સુખી અને સંતોષી હતું. જ્યેષ્ઠ પુત્ર ડૉક્ટર જી. પી. કાણે મહારાષ્ટ્ર સરકારના વાણિજ્ય વિભાગમાં સેક્રેટરી (સચિવ) છે. નાના પુત્ર ડૉક્ટર પ્રભાકર પાંડુરંગ કાણે પવઈ (મુંબાઇ)માં આવેલા ટેક્નૉલૉજિકલ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રાધ્યાપક છે. ત્રણ પુત્રીઓ પૈકી ડૉક્ટર શાંતાબાઈ અણ્ણાસાહેબની સેવાશુશ્રૂષા માટે એમની સાથે જ રહેતાં.

પોતાનાં બાળકોને અણ્ણાએ કોઈ દિવસ વ્યર્થ ઉપદેશ આપવાનો પ્રયત્ન કર્યો નથી. બાળકોને તેઓ એમની વિવેકબુદ્ધિથી કાર્ય કરવા દેતા. બાળકો તરફથી પૈસા વગેરેની માગણી થતાં તત્કાલ તેઓની જરૂરીઆતો પૂરી પાડતા; છતાં ય બાળકોને તેઓ કોઈ વખતે પૂછતા નહોતા કે તમે આ પૈસા ક્યાં અને કેવી રીતે વાપર્યા. એક તપઃપૂત આદર્શ બ્રાહ્મણનાં શીલ અને આભિજાત્યથી એમનું જીવન સુરભિત હતું. વૃદ્ધાવસ્થામાં પોતાના પૌત્રો અને પૌત્રીઓ સાથે આનંદ-વિનોદ કરતાં કરતાં એમને સંસ્કૃતના શ્લોકો યાદ કરાવતા અને તેના અર્થો સમજાવતા. તેઓ બાળકો વચ્ચે આવે ત્યારે તેમનું હિમાલય જેવું ઉત્તુંગ વ્યક્તિત્વ સામાન્ય ધરાતલ પર આવી જતું. બાળકો પણ એમને પોતાના સાથી સમજીને એમની સાથે ખૂબ ગમ્મત કરતાં.

ઘણા ઓછા લોકો જાણે છે કે આવા ધીરગંભીર વ્યક્તિત્વવાળા શ્રી કાણે એક રસિક અને મનોરંજનપ્રિય સજ્જન હતા. શહેરમાં આવતાં સારાં નાટકો અને ચિત્રપટો જોવાનો નિર્ણય તેઓ અગાઉથી કરતા નહિ. વાંચતાં વાંચતાં કે લખતાં લખતાં થાકી જાય તો તરત ઘડિયાળ જોઈ કપડાં પહેરીને ચિત્રઘરોમાં પહોંચી જતા અને ધર્મપત્નીને પોતાનું ભાણું ઢાંકી રાખવાનું સૂચવતા જતા. મોડી રાત સુધી મરાઠી નાટકો જોયાં હોય તો પણ બીજે દિવસે વખતસર પોતાના કામ પર હાજર થઈ જતા. મુંબાઈની બ્રાહ્મણ-સભા દ્વારા એમણે સંસ્કૃત ભાષાનાં મૂળ નાટકો ભજવાવવા માટે ખૂબ મહેનત લીધી હતી. મુંબાઈ, પૂના વગેરેમાં ભજવાતાં સંસ્કૃત નાટકોની પાછળ એમનો જ મોટો પુરુષાર્થ અને પ્રોત્સાહન રહ્યાં છે. મહારાષ્ટ્રના તેજોદીપ્ત સારસ્વત-પુંગવો (આપટે, કર્વે, ગોખલે, પરાંજપે આદિ)ની પરંપરામાં ભારત-રત્ન અણ્ણાસાહેબ કાણે સદાને માટે પોતાના યશથી અમર બની ગયા છે.

> **હરિઃ ૐ આશ્રમ તરફનું**
> **ઑગસ્ટ અંક માટેનું રૂ. ૫૦નું**
> **જીવનચરિત્ર પારિતોષિક**
> **'કસુંબલ રંગ'ના લેખક**
> **શ્રી કનુભાઈ જાનીને મળે છે.**

जयन्ति ते सुकृतिनः रससिद्धाः मनीषिणः।
नास्ति येषां यशः काये जरा-मरणजं भयम्॥

વિદ્યાપ્રીતિ ને સાદાઈ, નિરાભિમાનિતા ને નિખાલસતા, વિદ્વત્તા અને વિનમ્રતા એમના વ્યક્તિત્વમાં ચરિતાર્થ થએલાં કોઈપણને દેખાશે. એમનું જીવન એટલે એક તપસ્વીનો તપોધર્મ. સાદા જીવન અને ઉચ્ચ વિચારના એ હિમાયતીની જીવનલીલા એટલે સદાબહાર વિદ્યાર્થીની સરસ્વતી-પૂજા. સંશોધનની કેડીને એમની જિજ્ઞાસા અને પરિશ્રમ હમેશાં ઉજાળતાં. આવા અર્વાચીન ઋષિનો દેહવિલય ભારતીય વિદ્વત્તાના ક્ષેત્રમાં ચિરકાલ સુધી ન પુરાય તેવી ખોટ ઊભી કરતો ગયો છે. □

આગમન

અને એ સાંભળતો જ રહ્યો.

હમેશા એ આમ જ સાંભળતો રહેતો. લૉંગ પ્લેયિંગ રેકર્ડની પર્મેનન્ટ પિનની જેમ બા, બહેન, પત્ની બોલ્યે જતાં. એમના શબ્દોની વણઝાર વણથંભી હતી, ને ભંડકિયામાં ખડકાએલા ખડકલા જેવી અખૂટ.

એને થયું કે એ 'બેસ્ટ લિસનર' હતો. ગમે તેવા ને ગમે તેવી રીતે બોલાતા શબ્દોના પ્રહારોને કાનોમાં સેબરજેટની જેમ ધૂસી જતા એ અનુભવી રહેતો, છતાં અસ્વસ્થતા એના ચહેરા પર ઝાંખવાનું નામે ન લેતી. કદાચ એનું મગજ મહાસાગર જેવું વિશાળ હતું—સૌના અભિશાપોને સમાવી લેતું; કે પછી ચહેરાપરની તમામ રેખાઓનું નામોનિશાન મટી ગયું હતું? ......અને એ સાંભળતો જ રહ્યો.

'તું કંઈ સાંભળે છે કે નહિ? આટલીવારથી બકબક કર્યે જાઉં છું.'—બા.

'હવે કેમ ચૂપ થઈ ગયા, ભાઈ! ભાભીની વાત આવી તો કેમ જીભ સીવાઈ ગઈ? બા પર તો પટ પટ પટ જીભ ચાલે છે.'—બહેન.

'તમે વળી કોણ આવ્યાં અમારી બિની વચ્ચે પડનારાં? સાસરામાં ઝગડા કરી સંતોષ ન થયો તે અહીં...'—પત્ની.

'તારી સગી નણંદને ઊઠીને તું આજકાલની છોકરી વેણ સંભળાવે છે! અલ્યા એ, તું કેમ કાંઈ ફાટતો નથી? તારી વહુ તો જાણે ઉપરથી સીધેસીધી ઊતરી આવી છે! એને કેમ કાંઈ કહેવાય?'—બા.

'એ શું બોલવાના હતા! માવડિયા ક્યાંના! પત્ની એટલે જાણે ઘરની નોકરડી...'—પત્ની. પછી બા—બહેન—પત્ની, પત્ની—બા—બહેન, બહેન—પત્ની—બા, પત્ની—બહેન...

પછી રડવાના ને છાતી તથા માથું કૂટવાના અવાજો.

ને અચાનક ડોરબેલ ધણધણી ઊઠી. કમરામાંનાં સૌ ચોંકી ઊઠયાં. બા, બહેન ને પત્ની રસોડામાં ધસી ગયાં. એણે ઊભા થઈ બારણું ખોલ્યું, ને...

'ઓહો! તું? આવ ભાઈ આવ: કેમ કાંઈ બહુ દિવસે ભૂલો પડયો?'

'હા. ઘણા દિવસ થઈ ગયા તને મળ્યાને. ભાઈસાહેબને તો ફુરસદ છે જ નહિ...થયું, ચાલ, મળી આવું.'

'સારું થયું તું આવી ગયો. બા...જો તો, કોણ આવ્યું છે!'

રસોડામાંથી બા બહાર આવી: 'કોણ હેમન્ત? તને ફુરસદ મળી ખરી, કેમ ભાઈ? પરણી ગયા પછી ક્યાંથી મોઢું દેખાડાય? ને કેમ વહુને સાથે નથી લઈ આવ્યો?' 'એ તો પિયેર ગઈ છે,—રોકાવા.'

'હંઅ... એટલે જ ભાઈને સમય મળ્યો અહીં આવવાનો. ભાભીથી છૂટા થવાય ત્યારે ને?'—બહેન.

'અરે વહુ, બિટા! અંદરથી પાણી લઈ આવશો?'—બા.

'કેમ છો હેમન્તભાઈ? ભાભી કેમ છે?'—પત્ની.

'તમને પણ, ભાભી, ટાઈમ નથી મળતો અમારે ત્યાં આવવાનો?'

'તમારા ભાઈ લઈ આવે તોને!'—પત્ની સસ્મિત.

'હવે એને માટે કાંઈ ચા-બા બનાવશો કે નહિ!'—બા.

'ભાભી, તમે બેસો નિરાંતે. હું અબઘડી આવી ચા બનાવીને'—બહેન.

'પણ હું હમણાં જ પીને આવ્યો છું; ને મારે વળી ઉતાવળ છે.'

'એક તો વરસ દહાડે મોઢું બતાવવું, માંડ માંડ અહીં આવવું, ને બેઠો ન બેઠો ત્યાં જવાની વાત કરે છે!'—બા.

'પણ...'—હેમન્ત. 'અરે બેસ ને યાર'—એ.

બધાંએ મળીને હેમન્ત સાથે ઘણી બધી વાતો કરી; ઘણો બધો સમય વીત્યો; ને... 'ચાલો ત્યારે, આવજો બધાં?'—હેમન્ત.

'આવજો હેમન્તભાઈ; આવજો; બિટા આવજે; આવજે હેમન્તભાઈ, ને બીજી વાર આવો ત્યારે એકલા નહિ આવતા.'—બહેન, એ, બા, પત્ની.

ફરી દરવાજો બંધ થયો. ફરી કમરાની અંદરની હવા વિધવિધ અવાજોથી ગૂંગળાતી રહી ને... — ને એણે વિચાર્યું: રોજ ને રોજ, કોઈ ને કોઈનું, આમ જ આગમન થતું રહે તો...

નેમ સોતા

ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ

લેખક
કનુભાઈ જાની

ભારતીય અસ્મિતાના અત્યંત અગત્યના તબક્કાઓ સાથે મેઘાણીનું જીવન વણાએલું છે: એક, ઈ. ૧૮૮૫ (કૉંગ્રેસની સ્થાપના)થી ઈ. ૧૮૯૬–'૯૭ (મવાળ-જહાલ-જૂથ) સુધીનો કાળ—જન્મસમયની ભૂમિકારૂપ; બીજો તબક્કો: ઈ. ૧૮૯૭થી ૧૯૧૫–૧૬ સુધીનો (બંગભંગ, સ્વદેશી, બહિષ્કાર, ક્રાંતિકારક મંડળો ને વિનીત લડતોનો) કાળ, એ બી.એ. થયા ત્યાં સુધીનો; ત્રીજો તબક્કો(ગાંધીજીના આગમનથી આરંભીને અસહકારની ટોચ સુધીનો) ૧૯૧૬થી '૨૨નો ગાળો: કલકત્તાવાસ; અને ૧૯૨૨થી '૪૨ ને '૪૭ સુધીનો રાષ્ટ્રીય લડતનો આખરી તબક્કો. સ્વતંત્ર ભારતીય રાષ્ટ્રે આંખો ખોલી તે જ વર્ષે-એ ઘટના પહેલાં પાંચ મહિને—આ અખંડ આતશે આંખો મીંચી.

ઝવેરચંદ કૉલેજમાં ગયો તે જ વર્ષે ત્યાં અધ્યાપક તરીકે દાખલ થએલા શાહાણી સાહેબે લખ્યું છે: 'મેઘાણી પ્રથમ અને અગ્રિમ એક હિંદી રાષ્ટ્રવાદી હતા. એમનું ગદ્ય અને પદ્ય મને પ્રશિયાના બે પ્રસિદ્ધ નરપુંગવો ફિસ્તે અને આંતની યાદ આપતું. આંત કવિ ને ગાયક હતો. ફિસ્તે ફિલસૂફ ને શિક્ષણશાસ્ત્રી. એ બંનેએ પ્રશિયાને એના અતિ નિરાશામય દિવસોમાં રાષ્ટ્ર તરીકે ખડું કરવા પ્રયાસો કર્યા હતા. મેઘાણીનાં કાવ્યો અને એનું ગાન આંતથી જરાય ઊતરતાં ન હતાં. હિંદના રાષ્ટ્રધર્મના અણથાક ઉત્સાહને વ્યક્ત કરતા...એમના તંત્રીલેખો...જર્મન પ્રજાને ઉદ્દેશીને કરેલાં ફિસ્તેનાં પ્રવચનો સાથે બરાબર સરખાવી શકાય.' (વર્મા-પરમાર સંપાદિત 'ઝવેરચંદ મેઘાણી-સ્મરણાંજલિ' પૃ. ૧૬૪)

ધરતીપ્રેમ. એ લેખક મેઘાણીનું સૌથી આગળ તરી આવતું લક્ષણ છે. એ અનેક રીતે વ્યક્ત થયું છે. એ ધરતીએ જ એની આગવી ભાતીગળ સંસ્કૃતિના એમને ચાહક-શોધક-આલેખક-પ્રશંસક-ભક્ત-ગાયક બનાવ્યા. એ પ્રેમે એના લોકો પ્રતિ ને એમના પ્રશ્નો પ્રતિ એમને અભિમુખ કર્યા; લોકસાહિત્ય પ્રત્યે વાળ્યા; પત્રકારત્વ અપનાવડાવ્યું; સુપ્ત શક્તિઓ જગાડીને માણસાઈના ગાયક બનાવ્યા; ગવડાવ્યું, લખાવ્યું, ભાષણો કરાવ્યાં, જેલયાત્રા કરાવી. ગુનેગારમાંની માણસાઈ ને નબળાઈનું દર્શન કરવાની શક્તિ જેમ આપી તેમ જ ગાંધીના ચિંતનમાં ચાલતાં મંથનોની કલ્પના કરવાની સૂઝ પણ આપી. 'રાષ્ટ્રીય શાયર' કહેવામાં ગાંધીજીએ એમની કવિત્વશક્તિ વિષે અત્યુક્તિ કરી ભલે, એમની ચેતનાનું પ્રધાન લક્ષણ પકડી પાડયું. રાષ્ટ્રીયતા જાણે અનેકરૂપે એમનામાં લીલા કરી રહી છે. આમ કેમ બન્યું? એ પંદર વર્ષના થયા ત્યાં સુધીનું જીવન તો જોયું. એ ખયાલમાં રાખીને ત્યાં સુધીનાં પરિબળો સહેજ વિગતે જોઈએ.

એમના જન્મસમયનું વાયુમંડળ કેવું હતું? ભારતીય સંસ્કૃતિના શ્રેષ્ઠત્વનાં પ્રચારક બળો તરીકે રામકૃષ્ણ મિશન, આર્યસમાજ અને થિયૉસૉફીનો પ્રભાવ ફેલાયો હતો. ઈ. ૧૮૨૪માં કાઠિયાવાડના મોરબી રાજ્યના ટંકારામાં જન્મેલા મૂળશંકરે, સંન્યસ્ત લઈ, દયાનંદરૂપે ૧૮૭૫માં આર્યસમાજ સ્થાપ્યો, ૧૮૭૭ સુધીમાં તો લાલા હંસરાજ, મુનશીરામ (સ્વામી શ્રદ્ધાનંદ) ને લાલા લજપતરાય જેવાને ભારતવ્યાપી કામે લગાડી દીધા હતા. કૉલેજો ને ગુરુકુળો નવી ઢબે સ્થપાયાં હતાં. ઈ. ૧૮૭૫માં ન્યૂ યૉર્કમાં સ્થપાએલી થિયૉસૉફીનાં બે સંસ્થાપકો રશિયન વિદુષી બ્લૅવૅટ્સ્કી તથા અમેરિકાના એકવખતના લશ્કરી અફસર કર્નલ ઑલ્કૉટ દયાનંદના આમંત્રણથી જ ૧૮૭૯ના ફેબ્રુઆરીની ૧૬મીએ ભારત આવી, ભારત જ 'હિંદી રાષ્ટ્રની આગેવાની હિંદીઓએ જ લેવી જોઈએ ને એની આધ્યાત્મિક સંસ્કૃતિ ગૌરવ લેવા જેટલી અનન્ય ને ઉચ્ચ પ્રતિની છે' એમ લોકોને ઠસાવવા માંડયું હતું. એ સંપ્રદાયે તે કાળે પરોક્ષ રીતે રાજકીય જાગૃતિ લાવવાનું ને પ્રત્યક્ષ રીતે સર્વધર્મસંગ્રાહક વિચારપ્રવાહનું રૂપ લીધું હતું. ઈ. ૧૮૮૨થી એનું થાણું મદ્રાસ પાસે અદ્યારમાં નંખાયું હતું ને છેક કાઠિયાવાડના હડાળા જેવા ખૂણામાં પડેલા વાજસૂર વાળા જેવા નાનકડા જાગ્રત ઠાકોરના ચિત્ત સુધી એનાં આંદોલનો પહોંચ્યાં હતાં. મૂળ આયર્લૅન્ડનાં, અંગ્રેજ પતિને પરણેલાં, પહેલાં નાસ્તિક પછી બૌદ્ધમત તરફ ઢળીને આખરે ભાગવતધર્મમાં શ્રદ્ધાવાળાં બનેલાં, કૃષ્ણભક્ત ઍની બેસન્ટે પણ ૧૮૯૩માં ભારત આવી બનારસમાં 'સેન્ટ્રલ હિંદુ કૉલેજ'ની (આજના બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયની) સ્થાપના કરી હતી; એ તો, પછી, ભારતીય રાજકારણમાં પણ સક્રિય બન્યાં હતાં. ભારતીય નારીના જાગરણમાં તો બેસન્ટે અવિસ્મરણીય ફાળો આપ્યો હતો. રામમોહન રાય, બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, નવી કેળવણી, ફૉર્બ્સ જેવાની કામગીરી, ભાવનગર-જૂનાગઢ જેવાં સ્થળોમાં પણ ઉચ્ચ કેળવણીનો પ્રચાર-પ્રભાવ,—આ બધું વાયુમંડળમાં હતું. લોકમાન્ય ને ગોખલે જેવા નેતાઓ સરકારનો પ્રતિકાર કરવા લોકોને પ્રેરતા હતા.

અને ઈ. ૧૮૯૬–'૯૭નાં વર્ષો યે અગત્યનાં છે. 'સ્વદેશી'ની હિલચાલનો એ જન્મકાળ. સરકારે વિલાયતથી ભારતમાં આયાત થતા સૂતર ઉપરની જકાત રદ કરી ને વિલાયતથી આયાત થતા તથા અહીંની મિલોમાં પેદા થતા કાપડ પર પાંચને બદલે સાડાત્રણ ટકા જકાત કરી. માંચેસ્ટરને ઉત્તેજન આપવા અહીંના ગરીબોના જાડા કાપડનેય મુક્ત ન રહેવા દીધું! એ માટે તિલક ગર્જ્યા: 'સરકારે અન્યાય કર્યો..., તેનો પ્રતિકાર કરવાનું...તો આપણા હાથમાં જ છે. એ પ્રતિકાર એ છે કે, સૌકોઈએ દેશી કાપડ વાપરવાની શરૂઆત કરવી.' 'દેશી કાપડ વાપરવું એ જો સારી વસ્તુ હોય તો તે બાબતમાં લોકોમાં લાગણી અને અભિમાન પેદા કરવાં એ સ્વદેશભક્તિનું એક કાર્ય છે એમ માનવું જોઈએ.' ('આધુનિક ભારત', પૃ. ૨૮૫) ઠેરઠેર આ માટે સભાઓ ભરાઈ ને પ્રતિજ્ઞાઓ લેવાઈ.

ઈ. ૧૮૯૭ (મેઘાણી-જન્મ વર્ષ)માં જ આ નવી શક્તિનો જન્મ થયો. એ જ વર્ષે રાણી વિક્ટોરિયાનો હીરક મહોત્સવ ઊજવાયો, ને એ જ ટાણે પૂનામાં પ્લેગ કમિશનર રૅન્ડ ને આયર્સ્ટનાં ખૂન થયાં. તિલક પર એનો આરોપ મુકાયો. એક તરફ એમનો જહાલ પક્ષ કામ કરતો હતો, બીજી તરફ નાનાં ગુપ્ત સશસ્ત્ર ક્રાંતિમંડળો કામ કરતાં હતાં. તિલક પર કેસ ચાલ્યો, દોઢ વરસની સજા થઈ; ને એ મહારાષ્ટ્રી આગેવાન આખા ભારતના નેતા તરીકે ખ્યાત બન્યા. લોકમાન્યે 'કેસરી'માં જેની કારકિર્દીને ઔરંગઝેબ સાથે સરખાવેલી તે જુવાન લૉર્ડ કર્ઝન ૧૮૯૯માં વાઈસરૉય તરીકે કલકત્તા આવ્યો. ત્યારે કલકત્તાની વડી ધારાસભામાં એનો વિરોધી, લોકપ્રતિનિધિ જુવાન ગોખલે પણ એના માપનો હતો.

આમ ૧૮૯૭ એ દુકાળ ને પ્લેગનું વર્ષ; કાળઝાળ કર્ઝનનાં ભારતમાં પગરણ; ૧૮૯૭, જહાલ-મવાળ પંથો; ૧૮૯૭, સ્વદેશીની ચળવળ; ૧૮૯૭,-વિક્ટોરિયાનો હીરક મહોત્સવ ને રૅંડ-આયર્સ્ટનાં ખૂન; લોકમાન્યને દોઢવરસની જેલ. એ વર્ષે જાણે ભારતીય રાષ્ટ્રીય જાગૃતિનો પ્હૉ ફાટયો.

ઈ. ૧૯૦૩માં કર્ઝને બંગાળના ભાગલાની યોજના મૂકી. વિરોધ છતાં એ યોજના ૧૯૦૫ના જુલાઈની ૨૦મીએ જાહેર થઈ ને ૧૬મી ઑક્ટોબરથી અમલમાં આવી. એને પરિણામે બંગાળના જે બે વિભાગો થયા એમાં એકમાં સવાત્રણ કરોડ ને બીજામાં સાડાપાંચ કરોડની વસતિ થતી હતી, પણ બેમાંથી એકેમાં બંગાળીઓની બહુમતી ન થાય અને

હિન્દુ-મુસ્લિમ બાખડી પડે એવો ઘાટ ઉતારાયો હતો. પણ આની સામે સમસ્ત બંગાળનો રાષ્ટ્રવાદ ભારતભરમાં ભભૂકી ઊઠયો. ૧૯૦૫ના ઑગસ્ટની ૭મીએ બંગાળનાં બધાં જ શહેરોમાં સભાઓ થઈ. સ્વદેશીની પ્રતિજ્ઞાનો ને વિલાયતીના બહિષ્કારનો નાદ ગાજ્યો. એ ચળવળ ભારતમાં વ્યાપી વળી. વિલાયતમાં દાદાભાઈએ આ જાગૃતિના સમાચાર વાંચ્યા. ઊભરતે આનંદાશ્રુએ એમણે લંડનના કૅક્સ્ટન હૉલમાં કર્ઝનનો વિરોધ કરતાં મોટી સભા સમક્ષ જાહેર કર્યું : 'હવે અમે ગુલામોની જેમ રહેવાના નથી. સ્વરાજ્ય મેળવવાનો હિન્દીઓએ અંતિમ સંકલ્પ કર્યો છે. ગોખલે ને લજપતરાયે ઇંગ્લૅંડ જઇને ભારતના વિરોધને ગાજતો કર્યો.

ઈ. ૧૯૦૫માં 'ભારત-સેવકસમાજ' સ્થપાયો. ૧૯૦૬માં દાદાભાઈએ કૉંગ્રેસના પ્રમુખપદેથી દેશને સ્વરાજનો મંત્ર અને સ્વદેશી, રાષ્ટ્રીય કેળવણી, તથા બહિષ્કારના કાર્યક્રમો આપ્યા. સરકારે 'વંદેમાતરમ્' ગાવા પર પ્રતિબંધ મૂકયો તો બંગાળના બારીસાલ-અધિવેશનમાં હજારો લોકોએ સરઘસાકારે ફરી એ ગીત રસ્તાઓ પર લલકાર્યું. સુરેન્દ્રનાથ બૅનરજી ગિરફતાર થયા ને લોકો ઉપર લાઠીઓ વિંઝાઈ. એ જોઈ ત્યાં હાજર રહેલા ત્યારના વડોદરાના પ્રોફેસર અરવિંદ ઘોષે ક્રાન્તિને જીવન સમર્પી દેવાનો નિશ્ચય કરી વડોદરાના શિક્ષણ ખાતામાંથી નિવૃત્તિ લીધી, ને 'વંદેમાતરમ્' પત્રનું તંત્રીપદ લીધું. એમના નાના ભાઈ બારીન્દ્રે, વિવેકાનન્દના ભાઈ ભૂપેન્દ્ર દત્તના સહકારથી, સશસ્ત્ર ક્રાન્તિ ને ગુપ્ત સંગઠનનો રાહ લીધો. એ જ ગાળામાં મહારાષ્ટ્રમાં નાસિકમાં સાવરકરે 'અભિનવ ભારત' દ્વારા એ જ રાહ લીધો. 'મિત્રમેળા' જેવાં કૈં મંડળો ભારતમાં થયાં. પંજાબના લાલા હરદયાળના મંડળે પાછળથી અમેરિકામાં 'ગદર' નામે મંડળથી ક્રાંતિકાર્ય ચલાવ્યે રાખ્યું. સાવરકર–શ્યામજી કૃષ્ણ વર્માએ પણ ઇંગ્લૅન્ડમાં એમ જ કર્યું. આમ ભારત બહારથી પણ દોરીસંચાર થવા લાગ્યા.

૧૯૦૭માં સૂરત-કૉંગ્રેસ જહાલ-મવાળની સાઠમારીમાં પડી ભાંગી; લજપતરાય દેશનિકાલ થયા ને પાછા છોડી મુકાયા. ૧૯૦૮માં અરવિંદ પર કેસ ચાલ્યો, ને નિર્દોષ છૂટયા; લોકો પર ધાક બેસાડવા સરકારે દમનનો દોર છૂટો મૂકયો. બંગાળમાં બૉમ્બ ફાટયો, ને તિલકે 'કેસરી'માં એ પર લેખ લખ્યો, એટલે સજા મળી! ૧૯૦૯માં હિંસક કાવતરાના આરોપમાંથી નિર્દોષ ઠરેલા અરવિંદે મુક્તિ માટે યોગને જીવનકાર્ય ગણીને પૉંડીચેરી પ્રયાણ કર્યું. એથી તો બંગાળના જુવાન વર્ગને સશસ્ત્ર ક્રાન્તિને માર્ગે જતાં રોકનારું યે કોઈ ન રહ્યું. ૧૯૧૦ની આખરે જ્યૉર્જ પાંચમાના રાજ્યાભિષેક ટાણે દિલ્હીમાં દરબાર ભરાયો; ભારતની રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડાઈ; બંગાળના ભાગલા રદ કરાયા; મોર્લીમિન્ટો સુધારા આવ્યા. વાઈસરૉય લૉર્ડ હાર્ડિંજ પર, પાછળથી ટાગોરને નામે જાપાન નાસી જનાર રાસબિહારી બોઝને હાથે, બૉમ્બ ઝિંકાયો, તોય એમણે દમનનીતિ ન અપનાવી. નેતાઓમાં અંગ્રેજી હકૂમતમાં વિશ્વાસ બેસે એવી હવા ફેલાઈ. ૧૯૧૨માં સ્થાનિક સ્વરાજની વાતો ચાલી, ને એ વાતાવરણમાં ઝવેરચંદ મૅટ્રિક થયો. તે પહેલાં જ સ્વાશ્રય ને સ્વદેશીનો નાદ લાગી ચૂકયો હતો એ તો કપડાંમાં ય દેખાતો હતો. કલકત્તા ગએલા મોટા ભાઈ દ્વારા ત્યાંના ઘમસાણના ખબર મળતા રહેતા.

ઝવેરની સાંભરણનું પરોઢ ઊગ્યું રાજકોટમાં–બેથી આઠની ઉમર સુધી એટલે કે ૧૮૯૯થી ૧૯૦૫-૬ સુધી. બંગભંગના વર્ષે એ આઠ વરસનો, સમજણો. પછી બગસરા–અમરેલીમાં ૯ થી ૧૫નો થયો ત્યાં સુધીમાં તો સ્વદેશી ચળવળ, આર્યસમાજ ને થિયોસૉફીનાં સંસ્કારબીજ વવાયાં, —બાજુમાં હડાળા ને રાવત વાંક જેવા સહાધ્યાયી હોવાથી. એમાં પાછું પડોશના રાયસાંકળીમાં જ દરબાર ગોપાળદાસ; ને પોતાનું મિત્રમંડળ પણ પ્રાગતિક વિચારોને પોષક. છોકરાને વળી નાટકનો ભારે નાદ. નાટકો ભજવે તેમાં ય ખુમારી વ્યક્ત થાય. કોઈ વાર કો'ક અંગ્રેજ અમલદાર પ્રમુખસ્થાને હોય તો એ છાતી કાઢીને બમણા જોરથી ગર્જે : 'I am a Thracian and a Soldier.' (હું રાષ્ટ્રપુત્ર છું ને સિપાઈબચ્ચો છું.') 'સિંધુડો' ગાનાર ભવિષ્યના શાયરનો આ હુંકાર છે. રાષ્ટ્રીય ચેતનાના ઊછળતા લોઢના એ જમાનામાં એને એ ધીંગી ધરતીનાં નદી-નાળાં, કોતર-ડુંગર, ને જંગલઝાડીવાળો શ્રીસભર પટ ખૂંદવો પડયો છે. એનો એને આજીવન અણઉતાર કૅફ ચડી ગયો છે.

'ભાઈ પરમાનન્દ કાપડિયા એના નિત્યના મધુર કટાક્ષોમાં મને સંભળાવે છે કે "સારું જ છે કે કુદરત પ્રતિની તારી આટલી પ્રબળ ઊર્મિલતાએ કાઠિયાવાડની બહાર જઇને પશ્ચિમ વગેરે બાજુનાં સૃષ્ટિસૌન્દર્ય દીઠાં નથી. દીઠાં હોત તો ખરેખર તારું હૃદય ફાટી જ પડત. કાઠિયાવાડની આછી-પાતળી પ્રકૃતિરચના ને સામાન્ય એવી પ્રાચીનતાઓ તને આટલો બહેકાવી મૂકે છે તો પછી પશ્ચિમ તરફની ભવ્ય મૂર્તિઓ ને વનરાજીઓ સામે તારી છાતી સાબૂત રહી જ ન શકત." આ વાત સાચી જ છે. સોરઠની લઘુતામાં પણ હું અતિશય રાચું છું. મમત્વનો માર ખરેખર વસમો છે.'—આમ એ મોટપણે ('સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં') કહે છે.

જૈન પાઠશાળામાં ભક્તિભાવે સ્તવનો ગાતો નાનકડો કિશોર જરા મોટો થઈને મૅટ્રિકના વર્ષમાં આવતાંઆવતાંમાં તો ઠીકઠીક વિચારતો થઈ ગયો છે. મિત્રો સાથે એણે શરૂ કરેલા બોર્ડિંગ હાઉસમાં એકવાર એ એક મિત્રની ઓરડી પર પહોંચે છે. જોયું તો પેલો દેવસેવા કરે. 'ગુલાબચંદ! ભાઈ! હવે આ જમાનામાં આ શું લઈ મંડયા છો?' એણે પૂછયું. ત્યારે તો ગુલાબચંદ મૂંગો રહ્યો. પણ પછી એકવાર એની જ ઓરડીમાં જતાં જ્યારે જોયું કે ત્યાં ઍની બેસન્ટની છબી છે, ને એની આગળ ધૂપ સળગે છે, ત્યારે એનો વારો આવ્યો કહેવાનો: 'કાં ઝવેરચંદ, આ શું?'

ઝવેરચંદ કહે : 'આવા ગ્રેઈટ સોલ્સ પાસેથી તો પ્રેરણા મળે છે.'

'ત્યારે બસ. આ જ રીતે આથી યે જે ગ્રેઈટર છે એવા લૉર્ડ ક્રિશ્ના પાસેથી યે પ્રેરણા મળે છે, એ વાત કેમ ભૂલી જાઓ છો?' બન્ને વચ્ચે પછી આ વાત પર લાં...બી ચર્ચાઓ વારંવાર ચાલતી. ઝવેરને ય થતું કે આ બધું હમ્બગ તો નથી.

આવા મિત્રોનો સથવારો; સ્થળાંતરોથી થતો ધરતીનો વૈવિધ્યભર્યો પરિચય; અંતરને સભર કરી દેતી નિસર્ગશ્રીનો તો સાહસભર્યો સતત સંપર્ક; ગરીબી—ઘરમાં ને બહાર; સ્વાશ્રયની તાલીમ; પરઘેર રહી ભણવું પડતું તેમાં પારકે રોટલે ઓશિયાળાપણાનો પદેપદે થતો અનુભવ; એથી ઘર ને મિત્રો તરફ વધતી મમતા ને આવતું ખડતલપણું; સ્વભાવમાં વધતો સંકોચ; રજાઓ પૂરી થયે ભાતું બંધાવતી માની મમતા; લોકસાહિત્યનો પ્રત્યક્ષ સતત સંપર્ક ને એ પ્રત્યે જાગેલ અદમ્ય રુચિ; પોતાની પાસે મીઠું, દર્દીલું ગળું ને કવિતાનું આકર્ષણ; નાટય-વાચન–ભજવણીનો છંદ; વાચનશૉખ; સાગર, કલાપી, નાનાલાલ, લલિત જેવા કવિઓની કવિતાનો નાદ; 'વિલાપી' નામે કવિતા જોડવાના કોડ; ઘરમાં ને બહાર ખુમારી અને શૌર્યના જોવા-સાંભળવા મળતા પ્રસંગોના ચિત્ત પર પડયે જતા સંસ્કારો; બહારવટિયા પાછળ ભમતા છાતીઘડા પિતા ને એમની નિર્ભયતા; એને ય કયારેક ભેટી જતા બહારવટિયા; ભારતની જાગૃતિને વાતો ને પ્રવૃત્તિઓ સુધી લઈ આવે એવું મિત્રમંડળ; હડાળાના વાજસૂરવાળા ને રાયસાંકળીના દરબાર ગોપાળદાસ જેવા ઠાકોરોનો સંસ્કારસમૃદ્ધ પાડોશ; સ્વદેશીનો કપડાંમાં ઊતરેલો નાદ; ઍની બેસન્ટ ને થિયોસૉફીના વિચારોનો પ્રથમ પરિચય;—આ બધા સંસ્કારો લઇને ઝવેરચંદ મૅટ્રિક પાસ થયો. ઘડીભર તો પરીક્ષાના ઓછાયા નીચે 'નથી ભણવું' એમ એને પણ લાગ્યું. પરીક્ષાનો ત્રાસ અનેકોની પાસે આ જ ઉદ્ગારો કઢાવે છે. એ 'નિશ્ચય' નથી હોતો. વળી, હોય તો ય મધ્યમ વર્ગને કમાવા માટે પણ ભણવું પડે એ લાચારી પણ નથી? 'નથી પરણવું' એમ એક કાળે કેટલા નથી કહેતા? એટલે ઝવેરચંદનો પેલો ઉદ્ગાર—'I have no more ambition to appear at the University'—પરીક્ષાના

કંટાળાના એક તત્કાલીન પ્રત્યાઘાતથી વિશેષ કશું નહોતો. પણ એને એક વાત જચી ગઈ હતી. પિનાકિનની માફક એના મનમાં પણ સ્પષ્ટ હતું :

મીતર કીજે 'મંગણાં', અવરાં આળ-પંપાળ;
જીવતડાં જશ ગાવશે, મૂઆં લડાવણહાર.

થવું તો કવિતાના કે કવિના—કો'ક ભાટ-ચારણના મિત્ર થવું; બાકી બધું તો નકામું છે, આળપંપાળ છે. એટલે એ ભલો ને એનું કામ ભલું. મનને જ એણે મીત બનાવ્યું હતું. શામળદાસ કૉલેજની લૉબીમાં, જાડું ફરટી પાટલી-નું ધોતિયું, ખમીસ, ઉપર સફેદ લાંબા ડગલા જેવો બગસરામાં હાથે વણાએલી ગજીનો કોટ, માથે બગસરાનો ચોકડીદાર છોગાળો ફેંટો કે કાળી રેંછાદાર ઊંચી દીવાલની ઍંગલોરી ટોપી, ને પગમાં સ્લીપરવાળો, બેઠી દડીનો, જૂની રાજપૂતીની ઝાંખી કરાવતી લાલાશવાળી મોટી ઘેઘૂર સ્વપ્ન-ભર આંખો ને ગોળમટોળ મોં તથા વાંકડિયાં ઝુલ્ફાંવાળો એ બગસરાનો જુવાન, બે પીરિયડોની વચ્ચેની પાંચ મિનિટોમાં પણ, કોઇની સાથે બોલવા-હળવામળવાને બદલે મૂગોમૂગો લૉબીનો કઠેરો પકડી વિચાર-મગ્ન થઈ ઊભો રહેતો. સહાધ્યાયીઓને લાગતું: 'આ મુનિ મહારાજ કાં કોઈ સાથે હળેભળે નહિ ?' 'એ બહુ સંકોચશીલ લાગે છે; નહિ ?' કોક કહેતું. એને બહારની પ્રવૃત્તિઓમાં ઝાઝો રસ નહોતો. એના રસનું ભાજન સભર થતું હતું. સામેના પિલ ગાર્ડન્સનાં વૃક્ષોની ઘટાને આંખોમાં ભરતો એને ઊભેલો જોઇને, એની આગળના વર્ષના—ઈન્ટર આર્ટ્સના એક ઊંચા, ગોરા, ભવ્ય લલાટ ચમકદાર આંખ ને સહેજ આગળ પડતા પણ નમણા નાકવાળા એક વિદ્યાર્થીને રોજ કૌતુક થતું. એ પોતે કવિ હતો. શામળદાસ કૉલેજના સાહિત્યરસિક મંડળમાં જાણીતો હતો. આ જુવાન પણ સાહિત્યરસિક જ માત્ર નહિ સાહિત્યજ્ઞ હોય એમ એને લાગ્યું.

એવામાં એક દિવસ કૉલેજના ચર્ચામંડળની એક સભા મળી. પ્રો-ફેસર 'કાઠિયાવાડી' પ્રમુખસ્થાને. ૫૦–૬૦ વિદ્યર્થીઓ હાજર હશે. આ જુવાન પણ આવીને પાછલી હારના એક બાંકડા પર બેઠો. માથે ફેંટાને સ્થાને રુંવાટીદાર ઊંચી દીવાલની ટોપી હતી. ચર્ચા કાંઈ જામી નહિ. પ્રમુખશ્રીએ સૂચવ્યું: 'આમ આ ડિબેટિંગ સોસાએટી નહિ ચાલે. અમુક વિદ્યાર્થીઓએ તો તૈયાર થઇને આવવું જોઇએ. કાંઈક ચોક્સ કાર્યક્રમ નક્કી કરો.' થોડી વાર સ્મશાનની શાન્તિ રેલાઈ ગઈ. વળી પાછો પ્રમુખે અનુરોધ કર્યો: 'આ તો તમારી ચર્ચાસભા છે. સંકોચ રાખ્યા વિના તમારામાંથી જ કોઇકે આગળ આવવું જોઇએ. જાતે જ વિષય નક્કી કરવો જોઇએ. ચાલો, કોણ પહેલ કરે છે ?' ફરીથી શાન્તિ ફરી વળી. ત્યાં એ શાન્તિ પર તરતા શબ્દો આવ્યા—પેલો જુવાન કહેતો હતો : 'Sir, if you allow me, I read in the next meeting some passages from Kalapi's *Mala and Mudrika*.' એ આત્મ-શ્રદ્ધાભર્યો મીઠો રણકતો અવાજ, એમાં નીતરતો સંકોચ, હજી તો આ-ગલે વર્ષે જ (૧૯૧૨માં) બહાર પડેલા પુસ્તકની આની જાણકારી, વિદ્યાર્થીસમૂહમાં ય હજી જેનું નામ નવુંનવું હતું એ કવિનું છેલ્લું તાજું પુસ્તક લાવીને ચર્ચાસભા વચ્ચે વાંચવાની વાત ! 'જરૂર આ કોઈ સા-હિત્યનો જીવ હોવો જોઇએ. એની ભાળ લેવી જ રહી'—ઈન્ટરવાળા પેલા ગઝલકારે મનમાં નક્કી કર્યું.

કૉલેજમાં એ દિવસોમાં એ એક પ્રવૃત્તિશીલ વિદ્યાર્થી ગણાતો. રમવામાં, ચર્ચામાં, વાર્ષિક મેળાવડાઓમાં એ એક નેતા બનતો, એટલે સૌ એને ઓળખે. વળી, ભાવનગરમાં ૧૯૧૦માં, ઠક્કરબાપાએ જેમને પોતાના ચાર ગુરુઓમાંના એક ગણાવ્યા છે તે શિન્દેએ સ્થાપેલી અંત્યજ શાળાનો એ મંત્રી હતો. એણે પ્રિવિયસના એક વિદ્યાર્થીને પૂછ્યું: 'આ ભાઈ તમારા ક્લાસમાં છે તે કોણ છે? ક્યાંના છે? કંઈ જાણો છો?'

'હા.' 'શું ?'

'એ છે જનકરાજા.' 'એટલે?'

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિ: ૐ આશ્રમ નડિયાદ) તરફથી
તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે આપવાનું રૂ. ૫૧)નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

ઈ. ૧૯૭૧ના સપ્ટેમ્બરથી ૧૯૭૨ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કાર પરંપરાને પોષક અને જીવન-ઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ-લેખ માટેનું,
'શિવરામ-કિંકર'ના લેખ માટે શ્રી મુકુંદરાય પારાશર્યને મળે છે.

'એ જનક જેવા વિ-દેહી છે. ક્લાસમાં ઠેઠ પછવાડે બેસે છે. બરાબર એકધ્યાન થઇને પ્રોફેસરને સાંભળે છે. ક્યારેક ચર્ચા પણ કરે છે; પણ અમારા કોઈની સાથે ન બોલે, ન ચાલે ! દરેક લેક્ચર પૂરું થયે વર્ગની બહાર આવીને ઊભા રહે છે !' 'એનું નામ તમે શું કહ્યું? જનક...?'

પેલાએ હસીને જવાબ વાળ્યો: 'એ તો અમે ઉપનામ આપ્યું છે.'

ભાળ ન મળી. આ ગઝલકારને યાદ આવ્યો ગિજુભાઈ—આખું નામ ગિરજાશંકર અંબાશંકર ભટ્ટ. ત્યારે પ્રીવિયસમાં ભણે. સારું ગાય. તેમાં પણ આની ગઝલ પર મુગ્ધ. આ પંક્તિ તો વારંવાર રટે :

'અમારી શ્યામ આંખો પર પડ્યા છે બર્ફના છાંટા.'

એને આ ગઝલકારે પૂછ્યું. એ કહે : 'હા, ઓળખું છું.' નામ, ગામ બધું કહી, એણે ઉમેર્યું: 'મેં તારી ઓળખાણ એને આપી છે.' 'કઈ રીતે?'

'હું ગઝલ ગાતો'તો. એને ગમી. હવે એ ય ગાય છે. પેલી પંક્તિઓ તો એને ખૂબ ગમે છે.' 'કઈ?'

'તમારા ઈશ્કખાનામાં છબી મારી ભૂલી જાતે;
વધારે વાતથી વ્હાલા! હૃદયને કેમ ભરમાવું?

ને એણે તો આનો સરસ અર્થ પણ તારવ્યો. કહે: ઈશ્કખાનું એટલે હૃદય.'

'તો આપણે એને મળવા જઈશું ?' ગઝલકારે પૂછ્યું. બંને ચાલ્યા.

ઈ. ૧૯૧૩ના ઊઘડતે વર્ષે જ ઝવેરચંદ કૉલેજમાં પહોંચી ગએલો. એ શામળદાસ કૉલેજ ઈ. ૧૮૮૫માં શરૂ થઈ. એ કાળે બધી યે પરીક્ષા-ઓનાં પરિણામો ડિસેમ્બરમાં બહાર પડી જતાં ને કૉલેજનું પહેલું સત્ર જાન્યુઆરીથી આરંભાતું. ઝવેરચંદની સ્થિતિ કૉલેજનું ખરચ ખમે એવી નહિ, એને દરબાર ગોપાળદાસ જેવા તરફથી આર્થિક સ-હાય મળે તેવી વ્યવસ્થા થઈ હતી. ઉપરાંત કૉલેજમાંથી મળતી ગ્રેડેશન સ્કૉલરશિપોમાંથી પાંચ કે છ રૂપિયાની એક એને ભાગે આવેલી. શરૂઆત-માં ભાવનગરના 'દશા શ્રીમાળી વણિક વિદ્યાર્થીભવન'માં દાખલ થયો; પણ થોડા સમય બાદ જ કૉલેજની જૂની રેસિડેન્સીમાં એને એક ઓરડી મળી ગઈ. એ સ્થળ પિલ ગાર્ડન્સની બીજી બાજુએ વિશાળ ચોગનવાળા જશોનાથના શિવાલયની પાછળ આવેલું હતું. આ જૂની રેસિડેન્સી ઉપરાંત ઈ. ૧૯૧૧-૧૨માં એક નવી રેસિડેન્સી પણ શરૂ કરવામાં આવેલી. એ પાનવાડીને રસ્તે હતી. એમાં ત્રીસેક વિદ્યાર્થી સમાઈ શકે એમ હતું. ત્યાં રહેનારા વિદ્યાર્થીઓ પણ કરકસરથી રહી શકતા. મહિનામાં બે વખત મિષ્ટાન્ન જમતાં પણ માસિક રૂપિયા દસથી વધારે બિલ ન આવતું. એટલે સામાન્ય સ્થિતિનો વિદ્યાર્થી માસિક વીસ રૂપિયામાં તો હોસ્ટેલમાં આસાનીથી રહીને ભણી શકતો. હોસ્ટેલની ઓરડીનું તો કંઈ જ ભાડું આપવાનું નહોતું. ઉઘાડે માથે, કફની-ભર કૉલેજમાં કે બહાર ફરવાનો એ સમય નહોતો. 'સંપૂર્ણ પોષાક'નો રિ-વાજ હતો. છતાં આ વિદ્યાર્થીનો પોષાક જ્યારે જુઓ ત્યારે સફેદ બાસ્તા જેવો રહેતો. એ કપડાં હાથે જ ધોતો.

શામળદાસ કૉલેજનું મકાન પણ ત્યારે વડવાને નાકે, પિલ ગાર્ડન્સની સામે પાનવાડી રોડ પર. ઈલાકાની બધી કૉલેજોમાં એ વધુ સસ્તી મ-

નાતી. સત્ર-ફી—જિમખાના-ફી સાથે—છવ્વીસ રૂપિયા લેવાતી. કૉલેજના પ્રિન્સિપલ એ સમયે હતા કાવસજી જમશેદજી સંજાણા. પ્રખર ગણિતશાસ્ત્રી ને અંગ્રેજી ને સંસ્કૃત-ગુજરાતીના પણ અભ્યાસી તરીકે એમની નામના. વાઈસ પ્રિન્સિપલ તરીકે હતા જેકિસનદાસ જેઠાભાઈ કણિયા. એ સંસ્કૃત લેતા. ફારસી લેતા જહાંગીરજી ગંભીર; અંગ્રેજી, વિઠ્ઠલરાય મહેતા; લૉજિક-ફિલૉસૉફી, નરભેશંકર પ્રાણજીવન દવે ('પ્રો. કાઠીઆવાડી'-ના તખલ્લુસથી શેક્સપીઅરનાં નાટકોનાં ભાષાન્તરો વગેરેથી જાણીતા); વિજ્ઞાન, મણિશંકર જયાનંદ ભટ્ટ; ગણિત, કેવળરામાણી. હનુમંતરાવ ભીડે તો એક વરસ પછી આવ્યા. પણ ઝવેરચંદ કૉલેજમાં ગયો તે જ વર્ષે અધ્યાપક તરીકે ત્યાં જોડાયા તેજુમલ કરમચંદ શાહાણી.

એ કૉલેજમાં એ વર્ષે આગલાં વર્ષોના પ્રમાણમાં સંખ્યા પણ વધી. બધા થઈને લગભગ સવાસો વિદ્યાર્થી હતા. પ્રિવિયસમાં સાડેક હતા. પ્રોફેસરો ને વિદ્યાર્થીઓ વચ્ચે વક્તા-શ્રોતાનો જ સંબંધ. પ્રોફેસરો અંગ્રેજીમાં જ શીખવે. પ્રશ્નો પૂછવા હોય તો પણ અંગ્રેજીમાં જ. વર્ગ બહાર વિદ્યાર્થી અધ્યાપક વચ્ચે સંસર્ગ જૂજ. ભણવું હોય તે ભણે; વર્ગમાં હાજરી પણ ભાગ્યે જ પુરાય. પણ વર્ગમાં સારી પેઠે શાન્તિ રહે. છેલ્લે બેઠેલા પણ સાંભળી શકે. ઝવેરચંદ છેલ્લે બેસતો પણ અધ્યાપકના વ્યાખ્યાનમાંથી વિશેષ વાચન ને મૌલિક વિચારો બન્નેનો ઉપયોગ કરતો.

એની જશોનાથવાળી ઓરડી પર તે દી' બે જણ જઈ પહોંચ્યા. 'અહોહોહો! ભાઈ, તમે?' એણે ઊઠીને ગિજુભાઈને આવકાર આપ્યો.

'હા, આ ભાઈને તમને મળવાની બહુ ઇચ્છા હતી. આ કપિલભાઈ ઠક્કર.' 'બહુ આનંદ થયો, ભાઈ. તમે તો ઇન્ટરમાં છો ને? તમારી ગઝલ તો ભાઈ, મને બહુ ગમે છે.' એણે બેઠક આપતાં કહ્યું. હાથમાંનું પુસ્તક ટેબલ પર મૂક્યું. કપિલભાઈની નજર ગઈ. એ સ્કૉટનું 'લેડી ઑવ ધ લેઇક' હતું.

'તમારે તો આ ટેક્સ્ટ છે, નહિ?' કપિલભાઈએ પૂછ્યું.

'હા; પણ અમસ્તું ય. એ સ્કૉટલૅન્ડનો પ્રદેશ, એ બૉર્ડર-મિન્સ્ટ્રેલ્ઝી, બૅલડ—એ બધું મને પ્રિય છે.' ઝવેરભાઈએ જવાબ વાળ્યો.

'તમારા બગસરાની યાદ આપે છે ને એ પ્રદેશ?' દોસ્તે પૂછ્યું.

'આપણો ગિર, ચોટીલા, લાખાપાદર, નદીઓ, પહાડો, કંદરાઓ—બધું એના જેવું નથી?' એણે સામું પૂછ્યું. પછી તો હડાળા ને બગસરાના દરબાર વાજસૂર વાળા વિષે વાતો ચાલી: 'કપિલભાઈએ કહ્યું 'એક વાર મુંબાઇમાં એમને મેં વિક્ટોરિયા ટર્મિનસ પર મદ્રાસ જતી ગાડીમાં બેસવા આવતા જોએલા.' 'તમે એમને કેવી રીતે ઓળખો?' ઝવેરભાઈએ પૂછ્યું. 'કેમ? કપિલભાઈ પોતે થિયોસૉફિસ્ટ છે.' ગિજુભાઇએ કહ્યું. 'અમારું હડાળા તો મૂળ દરબાર સાહેબનું જ ગામ.' 'એ તો હાલ પોરબંદરના સીનિયર ઍડમિનિસ્ટ્રેટર છે ને?' 'કલાપીના ખાસ મિત્ર.'

ને પછી તો ઝવેરચંદ ને કપિલભાઈ વારંવાર મળતા. ધીમે, ધીમે બંને વચ્ચે ગાઢ મૈત્રી થઈ. અહીં પણ ઝવેરચંદને જે મીત મળ્યો તે 'મંગણા' કવિ હતો. એમની વાતો મોટે ભાગે બગસરા, હડાળા, કલાપી, થિયોસૉફી ને વાજસૂર વાળાની આસપાસ ચકરાવા લેતી. ક્યારેક સામસામે મૂંગા બેસી જ રહેતા. ક્યારેક ફરવા પણ જતા. બડાશ તો બાજુ પર રહી, પણ પોતાની શક્તિ કે જાણકારી યે રખેને પ્રગટ થઈ જાય, એની ઝવેરચંદ જાણે તકેદારી રાખતો. બધાની સાથે એ ઓછું બોલતો. હોસ્ટેલમાં તો વિદ્યાર્થીઓ પરસ્પર મજાક-મશ્કરી કરે જ; ક્યારેક બીજાને ય ઝપટમાં લે. પણ ઝવેરચંદની છાપ જ એવી પડેલી કે કોઈ એની સાથે છૂટ ન લઈ શકે. મળે સૌની સાથે; પણ એક મર્યાદા એની સૌ જાળવે. કૉલેજનાં ચર્ચામંડળોમાં એણે બતાવેલી વકતૃત્વશક્તિને કારણે કે પછી પૂનમની રાતોમાં જશોનાથના ચૉગાનમાં મળતાં સ્નેહસંમેલનોમાંનાં કલાપી-નાનાલાલનાં મુગ્ધકર મીઠાં ગીતો ગાવાને કારણે, 'ઈન્દુકુમાર' 'જયાજયન્ત' 'હૅમ્લેટ' 'કેકારવ' જેવાં પુસ્તકોની સહજ રીતે પ્રગટ થતી એની જાણકારીને કારણે કે એના સ્વચ્છ સાદા છતાં ગૌરવપ્રદ પહેરવેશને કારણે, અધ્યાપક સાથે પણ અંગ્રેજીમાં ચર્ચા કરવાની એની ફાવટને કારણે કે રોજ પરોઢે ઊઠી ઠંડે પાણીએ નાહી કપડાં ધોઇ, કામે ચડી જવાની એની કાર્યપરસ્તીને કારણે—આવાં અનેક કારણોથી એ સ્નેહાદર પામ્યો હતો.

બે વખત જમવા સિવાયની કોઈ આદત નહિ. ચા પણ ન પીએ. કૉલેજની અન્ય પ્રવૃત્તિઓમાં પણ ભાગ ન લે. જોકે તે ઇતર પ્રવૃત્તિઓમાં એ કાળે માત્ર બે જિમખાના ને સોશિયલ ગૅધરિંગ. 'સ્ટુડન્ટ્સ લાયબ્રેરી' કે 'રીડિંગ રૂમ' પણ નહિ. હા, ટેનિસ રમવાનું એણે શરૂ કરેલું. ક્રિકેટમાં રસ નહિ. દર વરસે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજની ટીમને શામળદાસની ટીમ હરાવે; ને મુંબાઈ આગળ હારે. ઝવેરચંદ એ પણ જોવા જતો; પણ રમવામાં રસ નહિ. પણ ટેનિસમાં રસ જાગેલો. જ્યારે એના ગ્રૂપને રમવાનો વારો આવે ત્યારે એ રૅકેટ સાથે અચૂક હાજર થાય. રમે પણ સારું. એક વખતની ટૂર્નામેન્ટમાં ત્રણેક રાઉન્ડમાં પ્રતિસ્પર્ધીઓ પર વિજય મેળવી, સેમિફાઇનલ સુધી એ પહોંચેલો. પણ એનું મોટું આકર્ષણ તો એનું ગળું. અનહદ મીઠાશ. મોહક કરુણતા. વાતાવરણને એ જાણે ઝણઝણાવી શકતો. એનું ગીત પૂરું થયા પછી બેક મિનિટ તો મંડળી નિ:શબ્દ બની જાય. સાંભળનારને ધરવ થાય જ નહિ. એક વાર સાંભળે એ એને ભૂલે નહિ. ગાય પણ ભાવરૂપ થઇને. એક મિત્ર યાદ કરે છે: 'એક વાર કલાપીનું 'હું જાઉં છું, હું જાઉં છું' ગાતાં ગાતાં એવું કરુણઘેરું વાતાવરણ ખડું કરેલું કે 'મારી કબર પર...'એ પંક્તિ આવતાંઆવતાં તો પોતે જ મોટેથી રડી પડેલો!' આટલો ઊર્મિલ.

બેએક વરસ પહેલાં તો ગુલાબચંદને કૃષ્ણની છબીને પૂજતો જોઈને એણે ટકોર કરેલી. એ જ બાબતમાં એક મિત્ર લખે છે: ચાંદની વરસી રહી હતી. અમે બેત્રણ મિત્રો બેઠા હતા. મેં કહ્યું: 'આવી સુંદર ચાંદનીનો શો હેતુ હશે? હરિકેન ફાનસના પ્રકાશમાં શેલીનું "કલાઉડ" વાંચવા માટે તો તે નહિ જ હોય.' ઝવેરચંદ કહે: 'આ તો પ્રભુસ્મરણ પથરાયું છે-એની યાદ.' વિચારોમાં થતા પરિવર્તનની આ નિશાની. પ્રભુપ્રીતિ જાગતી હતી; પણ તે જડ, સાંપ્રદાયિક અંધશ્રદ્ધાનું રૂપ લે એવું એનું ચિત્ત નહોતું. એની પ્રતીતિ કરાવે એવો એક પ્રસંગ બન્યો. (ચાલુ)

ઈ. ૧૯૭૩માં પ્રકટ થનાર શ્રેષ્ઠ એકાંકી માટે

યશવંત પંડ્યા પારિતોષિક

રૂ. ૧૦૧

ગુજરાતી સાહિત્યમાં પોતાની એકાંકી નાટિકાઓ વડે આગવી ભાત પાડી જનાર સ્વ. યશવંત પંડ્યાની સ્મૃતિમાં તેમના પુત્ર શ્રી કપિલરાય પંડ્યા તરફથી, ઈ. ૧૯૭૩ દરમિયાન 'કુમાર'-માં પ્રકટ થતી એકાંકી નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને રૂા. ૧૦૧નું પારિતોષિક અપાશે. નિર્ણાયકો તરીકે શ્રી અનંતરાય રાવળ, યશવંત શુક્લ અને 'કુમાર'ના તંત્રી રહેશે. સૌ લેખકોને ભાગ લેવા નિમંત્રણ છે.

લવાજમ-વધારો

આ માસથી 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૮
પરદેશના લવાજમમાં કશો ફેરફાર નથી.
આજીવન ગ્રાહક થવા માટે રૂ. ૩૦૦

મેઘાણીનાં જન્મસ્થળ અને તારીખ

ચોટીલા-દાઠા એક હશે?–એ પ્રશ્ન તો હું લખતો હતો ત્યારે જ ઊઠચો'તો; પણ શ્રી ઉમાશંકરભાઈ જેવાએ ચોખ્ખું લખ્યું છે: 'ચામુંડી માતાના **ચોટીલા** ડુંગરની લગભગ **તળેટીમાં** એજન્સી પોલીસના એ વેળાના અઘોરવાસ લેખાતા **દાઠાથાણા-માં** મેઘાણીનો જન્મ થયો.' વળી, મેઘાણીએ પોતે જન્મસ્થળ તરીકે 'ચોટીલા' કહ્યું છે; પણ કપિલભાઈ કૃત અપ્રસિદ્ધ ચરિત્રમાં જન્મસ્થાન દાઠા બતાવ્યું છે, તથા સમજુબહેન વગેરે સ્વજનોનો એને ટેકો છે. એટલે મેં લખ્યું તો દાઠા જ, પણ એને ચોટીલા સાથે જોડી પણ દીધું. મૅટર છપાવા ગયું. પણ પેલા પ્રશ્ને છાલ ન છોડચો. થયું, લાવો જોઈએ તો ખરા. જૂના 'બૉમ્બે ગૅઝેટી-અર'ના 'કાઠિયાવાડ' નામના (અંગ્રેજી) ગ્રન્થમાં જોયું: ૪૧૦મે પાને 'દાઠા, દરિયાથી ચાર માઈલ છેટે, તળાજાની નૈઋત્યે ૧૩ માઈલ ને મહુવાથી ઈશાને ૧૪ માઈલ; સરવૈયા રજપૂતોની ચો-વીશી; ગોહિલવાડ પ્રાંતનું ગામ' નીકળ્યું. ને ચોટીલા તો ઝાલા-વાડનું (પૃ. ૪૦૭). ધનજીશા હોરમસજી કાંગા કૃત 'કાઠિયાવાડ ડિરેક્ટરી' ને બીજુંય—ફંફોસવા બેઠો જ 'તો એટલે—ફંફોસ્યું. દાઠાય કાઠિયાવાડમાં એક જ છે. એટલે, જન્મસ્થળમાં 'ચોટીલા'-નો મેં કરેલો ઉલ્લેખ એ ભૂલ છે.

મેઘાણીભાઈનું જન્મસ્થળ દાઠા છે એમ હું માનું છું. દાઠા-ચોટીલા વહીવટીરીતે ૧૮૯૬માં જોડાયાં હોય તો જુદો સવાલ, તે પહેલાં ૧૮૯૪-'૯૫ સુધી તો જુદાં થાણાં હતાં. ગૅઝેટીઅર ને ડિરેક્ટરી બંને અઢાર થાણાં બતાવે છે: ચમારડી, ચૉક, ચોટીલા, ઝીંઝુવાડા, દાઠા, દસાડા, ધ્રાફા, પાળીઆદ, બગસરા, બાબરા, ભાઈકા, માળિયા, રફાળા, લાખાપાદર, લોધીકા, સોનગઢ, વઢ-વાણ ને વિઠ્ઠલગઢ. ત્યારે કાઠિયાવાડનો જે ભાગ પોલિટિકલ એ-જન્ટના તાબામાં હતો તેના ચાર મોટા પ્રાંતો પાડેલા. ચારે ય સાથે મેઘાણી સંકળાએલા છે: ચોટીલા ઝાલાવાડમાં, રાજકોટ હાલારમાં, બગસરા-લાખાપાદર સોરઠમાં ને દાઠા ગોહિલવાડમાં.

દાઠાને જન્મસ્થાન માનવાનાં કારણો: ૧) કપિલભાઈ ને સુશીલભાઈએ લખેલું ચરિત્ર. એમાં એમણે સ્પષ્ટ રીતે દાઠાને જન્મસ્થાન કહ્યું છે; ચોટીલાનો ઉલ્લેખ સરખો યે કર્યો નથી; ૨) શ્રી ઉમાશંકરભાઈએ પણ દાઠાને જન્મસ્થાન કહ્યું છે; ૩) સમજુબહેન જેવાં મેઘાણીભાઈનાં સ્વજનોએ પણ મને એમ રૂબરૂ મુલાકાતમાં કહ્યું છે. આની સામે પ્રશ્ન થાય: મેઘાણીભાઈ પોતે ચોટીલા કહે છે તેનું શું? એ વિષે મારે આટલું કહેવાનું:

૧) જ્યાં એમણે ચોટીલા જન્મસ્થાન કહ્યું છે ત્યાં જ એને 'તે વખતનું અઘોરવાસ લેખાતું થાણું' કહ્યું છે. ચોટીલા, થાન-ચો-ટીલા રેલવેનું ટર્મિનસ, ત્યારે ય 'અઘોરવાસ' હતું ખરું? એ તો રાજકોટ-વઢવાણને ધોરી રસ્તે. ખડ, પથ્થર, ખાખરા ને ઘી માટે વખણાય, ટ્રાવેલર્સ બંગલો, ધર્મશાળા, પોસ્ટ ઑફિસ, શાળા વગેરેથી સજ્જ. ('કાઠિયાવાડ', પૃ. ૪૦ ને કાંગ. કૃત ડિરેક્ટરી.) એને 'અઘોરવાસ' કહેવાય એમ નથી. હા, દાઠા અઘોરવાસ ખરું.

૨) મેઘાણીભાઈએ લખ્યું છે: 'ભાંડુઓ બચોળિયા જેવડા ઝવેરને લઈને ડુંગરે ફરતા.' ઝવેરના જન્મ પછી સવા માસે જ કાળિદાસભાઈની બદલી થતાં કુટુંબે સ્થળાંતર કરેલું. એ પણ એ-મણે જ જણાવ્યું છે. સવા માસની અંદરના નવજાત શિશુને કોઈ મા ભાંડુઓના હાથમાં ભળાવી, ડુંગરે ફેરવવા મોકલે ખરી? એ ચોટીલા, ડુંગરા ને ફેરા સાચા, પણ ઝવેરના જન્મ પછી સવા મહિ-ને દાઠાથી બદલી થઇને કાલિદાસનું કુટુંબ ચોટીલા આવેલું ત્યારના.



ચોટીલામાં મેઘાણીનું જન્મસ્થાન (—નહિ; પણ દાઠામાં જન્મ થયા પછી સવા મહિને જ્યાં આવીને એમનાં માતાપિતા વસ્યાં તે) સરકારવાડામાંનું મકાન: એનો કાટમાળ બદલાયો છે, પણ ભીંતો ને બારીબારણાં મૂળનાં જ છે. (ફોટો: ભાનુભાઈ શુક્લ, સુરેન્દ્રનગર)

૩) વ્યક્તિ પોતાના જન્મસ્થળ વિષે ભૂલ કરે એ અશક્ય નથી. ઍન્ડ્રુઝે આત્મકથામાં લખેલે સ્થળે વર્ષો સુધી એમની જયંતી ઊજવાઈ; જ્યારે માર્જોરી સાઈક્સે ચરિત્ર લખવા માંડ્યું ત્યારે સ્થળ બદલવું પડ્યું. પ્રજાકીય ઇતિહાસની શુદ્ધિ માટે પ્રજાએ પોતાનાં સીમાંકિત મમત્વો ય છોડવાં પડે.

૪) 'ચોટીલા જ જન્મસ્થળ' અને 'જન્મ્યા'તા એ મકાન આ' એમ કહેનારા પોતાનાં પ્રમાણો આપે તો સારું. આપણે હકીકતો સાથે કામ છે, કોઈ મામ નથી. હું તો દાઠા જન્મસ્થળ માનું છું.

એ 'અઘોરવાસ' હતું. એ તો આખું યે 'ઊંડ' કહેવાતું. ૧૬૦ ચોરસ માઈલનો એ પ્રદેશ નીચાણમાં. ખુદ શેત્રુંજી પણ ઊંડાણ-માં વહેતી હતી. ઉત્તરે શેત્રુંજો ડુંગર, ને દક્ષિણે 'નાનો ગીર' કહે-વાતા મોરધારના ડુંગરો. પહાડના પારણામાં જ મેઘાણી જન્મ્યા.

બીજી વાત: મેઘાણીની જન્મતારીખ શ્રી ઉમાશંકરભાઈ (મેઘાણીગ્રંથ-૧, પૃ. ૪) આમ આપે છે: 'તિથિ ૧૯૫૩ના શ્રાવણ વદ ૫, તા. ૧૭-૮-૧૮૯૬.' જેચંદ તલકશી પ્રકાશિત '૧૨૫ વર્ષનું પંચાંગ'નાં ૧૩૭ ને ૧૩૯માં પાનાં પર તથા છગનલાલ ગોડીદાસ કૃત '૨૦૦૦ વરસનું પંચાગ'નાં પાનાં ૧૯૨ ને ૨૯૪ પર નીચેની વિગત છે: ૧) સં. ૧૯૫૩ની શ્રાવણ વદ પાંચમે હતો મંગળવાર ને તારીખ હતી ૧૭-૮-૧૮૯૭; ૨) સં. ૧૯૫૨ની શ્રાવણ વદ પાંચમે શુક્રવાર ને તારીખ ૨૮-૮-૧૮૯૬. એટલે અહીં શ્રી ઉમાશંકરભાઈની સરતચૂક છે તે નિશ્ચિત.

શ્રી કપિલભાઇએ તારીખ ૨૮-૮-'૯૬ આપી છે; પણ સ્વ-જનોએ ઑગસ્ટની સત્તરમી, નાગપાંચમ ને મંગળવાર બતાવ્યાં છે તે ૧૮૯૭માં જ સંભવે. વળી, મેઘાણીભાઇએ ૧૯૩૦માં જેલ-માં 'એક જન્મતિથિ' કાવ્ય લખ્યું છે તેમાં જણાવ્યું છે: 'આજ ધન્ય થાયે મુજ તેત્રીસ વત્સરતણો વિરામ'–આજે તેત્રીસ વર્ષ પૂરાં થયાં. એટલે ૧૯૩૦માંથી ૩૩ બાદ કરતાં જન્મસાલ આવે ૧૮૯૭. દાઠા તાલુકાશાળાના આચાર્યે પોતાના રેકર્ડ પર જન્મ-તારીખ ૨૮-૭-૧૮૯૬, સંવત ૧૯૫૨ની અષાઢ વદ ચોથ ને મંગળવાર હોવાનું એક ચર્ચાપત્રમાં જણાવ્યું છે. 'શ્રાવણી પાંચ-મના અંધાર' સાથે આનો મેળ નથી મળતો.

મારા લેખમાં દસાનો ઉલ્લેખ છે તે દરબારસાહેબનું નહિ એ પ્રત્યે ધ્યાન દોરવા બદલ શ્રી બિહારીલાલ ટાંક અને શ્રી છોટા-લાલ માનસિંગ કામદારનો આભાર માનું છું. —કનુભાઇ જાની



મોતની ઘડી

એક અમેરિકન શિકારીએ આલેખેલી જંગલ-પશુ-પ્રેમની કથા

અંગ્રેજી ઉપરથી ઉતારનાર **રમણલાલ ના. શાહ**

અર્નેસ્ટ થૅામ્પ્સન સીટન ગઈ સદીમાં અમેરિકાનો નામી શિકારી થઈ ગયો. એણે વર્ણવેલી આ ખરી બનેલી વાત છે. ત્યાં મૅનીટોબા નામે જંગલની કિનારના વિસ્તારમાંનાં ખેતરોમાં પોતાનાં ઢોરઢાંખર સાથે રહેતા ખેડૂતોને એ જંગલનાં મોટાંમોટાં વરુઓ બહુ પજવતાં ને લાગ મળ્યે એ ઢોરઢાંખરવગેરેને મારી ખાતાં. આથી એમને પહોંચી વળવા ખેડૂતો સારી જાતના શિકારી કૂતરા રાખતા. આગળની વાત હવે આપણે સીટનના જ શબ્દોમાં જાણીએ.

એક વાર એક ખેડૂતના ખેતરની છેક નજીક એક મોટું વરુ ધસી આવ્યું. પણ ત્યાં તો મેં જોયું કે લાગલી જ એ ખેડૂતની કૉલી જાતની એક ઉત્તમ વિકરાળ કૂતરી છંછેડાએલી વાઘણની માફક તેના પર તૂટી પડી. મહા ભયંકર ધમસાણ મચ્યું અને આખરે કૂતરીએ એ વરુનો પ્રાણ લીધો ત્યારે જ જંપી. આવી કૂતરી તો મને વરુના શિકારમાં ખૂબ કામ લાગે એમ સમજીને મેં એના માલિક પાસે એ વેચાતી માગી. પણ માલિક કહે: 'ના રે મિ. સીટન, બધું આપું પણ અહીં જંગલવિસ્તારમાં મને ખરેખરી ઉપયોગી એવી આ કૂતરી તો હું કોઈ પણ હિસાબે આપું નહિ. પણ હા, એનું એક ગલૂડિયું છે એ લઈ જાઓ. એ આ જાતવાન કૂતરીની જ ઓલાદ હોવાથી એને જો બરાબર તાલીમ આપશો તો એ અચ્છો શિકારી કૂતરો બનશે.'

અને એ રેશમના લચ્છા જેવું નાનકડું ગલૂડિયું લઈ હું રસ્તે પડચો. મેં એનું નામ પાડયું બિંગો.

બિંગો ધીમેધીમે મોટો થયો એટલે મેં એને તાલીમ આપવાનું શરૂ કર્યું, અને પુખ્ત થતાંથતાંમાં તો કોઈ પણ જાનવરની પાછળ દોડીને એને આંતરવામાં એ એક્કો થઈ ગયો. હવે એ મારી ઘરડી પીળી ગાય જે ખુલ્લાં બીડમાં ચરતાં ઘણે દૂર જતી રહેતી એને દરરોજ પાછી ઘેર વાળી લાવતો. બિંગોને એના આ કામમાં ભારે મજા પડતી, એટલે ઘણી વાર તો એ કેવળ મોજને ખાતર બીચારી ગાયને તગડાવી લાવતો. એક વાર મારા એક પડોશીએ મને પૂછયું: 'આ ગાયને રોજ દોડાવી દોડાવીને ઘર ભેગી કરવાનું તમે બિંગોને કામ સોંપ્યું છે?'

'ના, પણ એને એમાં મજા પડે છે, ને આપમેળે જ એ એમ કરે છે.'

'પણ... તમારી ગાય સુકાઇને સોટા જેવી થઈ ગઈ છે. કૂતરાને મન રમત છે, પણ બાપડી ગાયનું લોહી સુકાઈ જાય છે.' વાત તો સાચી હતી. તરત જ મેં બિંગોને ખખડાવીને ગાયની પાછળ દોડવાની મના કરી દીધી. અને બે-ત્રણ વાર ખૂબ કકડાવીને આ પ્રમાણે કહ્યું એટલે શાણો બિંગો સમજી ગયો અને ગાયની પાછળ પડવાનું છોડી દીધું.

એક વાર ખબર મળી કે નજીકમાં કૂતરાનું પ્રદર્શન થવાનું છે અને એમાં જે કૂતરા તાકાત અને બુદ્ધિચાતુર્ય દાખવે એને ઈનામ મળવાનું છે. મારો વિચાર બિંગોને એ પ્રદર્શનમાં દાખલ કરવાનો થયો. દોડવામાં એ એક્કો હતો અને ગાય વાળતાં એને સારી રીતે આવડતું હતું. એને મના કર્યે હજુ છ-સાત માસ જ થયા હતા, એટલે એ એની તાલીમ વિસરી ગયો હોય એમ માનવા કારણ ન હતું. આથી મેં બિંગોને ઈનામી હરીફાઈમાં દાખલ કર્યો.

હરીફાઈના દિવસે બિંગો તથા ગાયને લઈ અમે પ્રદર્શનમાં ગયા, ને ગાયને ગામ બહાર દૂર બીડમાં ચરવા મૂકી દીધી. બિંગોનો વારો આવ્યો એટલે ગાયને બતાવી મેં એને પ્રદર્શનના પરીક્ષકોની આગળ લઈ આવવા કહ્યું. બિંગો ગાયની પાછળ બરાબર પડચો, ગાયને આંતરી પણ ખરી, પણ એને પરીક્ષકોની પાસે લઈ આવવાને બદલે એને મોજથી બે માઈલ દૂર મારા ઘરના તબેલા તરફ દોડાવી ગયો! બિંગો નાપાસ થયો ને બીજો કૂતરો ઈનામ જીતી ગયો.

થોડા વખત બાદ મારે ધંધા અર્થે માનીટોબા છોડી બીજે જવું પડયું એટલે મારા એક પડોશીને બિંગોની સોંપણી કરી. જ્યારે હું પાછો આવ્યો ત્યારે મેં જોયું કે એ હવે વરુઓ સાથે ફરતો થઈ ગયો હતો!

એક વાર જંગલમાં ફરતાં ફરતાં મેં વરુ પકડવા માટે ઠેકઠેકાણે ગોઠવેલાં છટકાં પૈકી એક છટકામાં એક વરુને સપડાએલું જોયું. મેં એ વરુને પૂરું કર્યું અને મારી પાસેની ચાવી વડે છટકું ખોલી, વરુને ઠેકાણે પાડી, છટકાને પાછું ફરીથી ગોઠવવા લાગ્યો. અમારી યોજના એવી હોય છે કે વચમાં એક મરેલા જાનવરને મૂકી એની ચારે બાજુ ઊંડે દાટેલાં છટકાં ગોઠવીએ. જમીનમાં ખાડા ખોદી એમાં લાકડાનાં જંગી ઠીમચાં સાથે મજબૂત સાંકળથી છટકું જોડેલું હોય; અને એ છટકા પર રેતી વાળી

એવી ખૂબીથી સંતાડેલું હોય કે વરુ એ છટકું જરાય જોઈ ન શકે. આ રીતે અમે વરુઓને પકડી એમનો નાશ કરતા.

જે છટકામાં વરુ સપડાયું હતું તે છટકું મેં બરાબર સરખું કર્યું. પછી એ દેખાય નહિ એ માટે એની ઉપર રેતી વાળવાની જરૂર હતી. વરુનાં તરફડિયાં ને મથામણથી પેલી છટકાવાળી રેતી વેરણછેરણ થઈ ગઈ હતી.

મેં આજુબાજુ નજર કરી તો સામે રેતીની એક સરસ ઢગલી જોઈ. પણ જેવી મેં એ ઢગલી ઉપાડવા માંડી એવો જ મારો જમણો હાથ ત્યાં મારા જ ગોઠવેલા બીજા છટકામાં આબાદ સપડાઈ ગયો! વાત એમ હતી કે એ જે ઢગલી હતી તે તો મેં જ ગોઠવેલા બીજા છટકા ઉપર પાથરેલી રેતી જ હતી! મારા જ નસીબે મને ભાન ભુલાવ્યો.

ઘડીભર તો હું મૂંઝાઈ ગયો, પણ થોડે દૂર એ ખોલવાની ચાવી પડી હતી. તે ઘસડી લાવવા મેં મારો ડાબો પગ થાય એટલો લંબાવ્યો. પણ ત્યાં તો કડિંગ કરતો અવાજ થયો! મારો એ પગ મારા જ બીજા નજીકના ગોઠવેલા છટકામાં આબાદ ઝડપાઈ ગયો હતો! ચાવી મળવાની તો કોરે રહી પણ હું ભયંકર રીતે જડાઈ ગયો!

હવે મારા ગભરાટનો પાર ન રહ્યો. મેં હતું એટલું જોર એકઠું કરી હાથ ને પગ છટકામાંથી છૂટા કરવા તરફડિયાં માર્યાં. પણ જેમજેમ હું તરફડાટ કરું તેમતેમ હાથ-પગમાં વેદના વધતી જ જાય! ને આ તો હતો જંગલનો મામલો. મારા જેવા શિકારી સિવાય આ રસ્તે બીજું નીકળે પણ કોણ? મારી ખાતરી થઈ કે રાત્રે ભયાનક ઠંડીમાં સૂસવતા પવન અને ઠારથી કાં તો હું મરી જઈશ, યા તો જંગલનાં હિંસક વરુઓ મારો શિકાર કરી નાખશે! જેમજેમ રાત પડવા આવી તેમતેમ મારા મોતની વેળા નજીક આવતી હું અનુભવી રહ્યો. મારા આખા શરીરે શીત છૂટ્યાં. મરવાનું તો નાનાં-મોટાં સૌને હોય છે, પણ આવી ભયાનક જગ્યાએ, આવી ભયંકર રીતે, નિરાધાર અને ભૂખ્યા-તરસ્યા, લાચારીથી મારે મરવાની વેળા આવશે એ વિચારોએ મને જાણે પાગલ કરી મૂક્યો.

અને આખરે હું બીક રાખતો હતો એ વેળા આવી પહોંચી. રાતનાં અંધારાં ઊતરી ચૂક્યાં. જંગલમાંથી વરુઓની ભયાનક લારીઓ સંભળાવા લાગી. અને થોડી વાર થઈ ત્યાં તો જરા દૂર એક વરુ મારી નજરે પડ્યું! રાતના અંધારામાં એનો આકાર આછો પણ સ્પષ્ટ દેખાતો હતો. ધીમે ધીમે એ મારી સામે આવીને એના પાછલા બે પગ ઉપર બેસી ગયું અને કાંઈ પણ અવાજ કર્યા વિના એકી ટસે મારી સામે જોઈ રહ્યું.

થોડી વારમાં તો એ જ રીતે મારી આજુબાજુ બીજાં ચાર-પાંચ વરુઓ હારબંધ બેસી ગયાં. એમની આંખો અંધારામાં તગ-તગ તગ-તગ થતી હતી. એ બધાં એકી ટસે મારી સામે જોઇ રહ્યાં હતાં.

જેવું એમણે જોયું કે હું એમનો કશો પણ સામનો કરી શકતો નથી એટલે એમાંનું એક વરુ હિંમત કરી મારી છેક નજીક આવ્યું, ને મારા મોં સામે ઊભા રહી વિકરાળ ડાચિયાં કરવા લાગ્યું. મારી રહીસહી હિંમત ઓસરી ગઈ. મોતની ઘડી આવી ગઈ હતી. મેં ઈશ્વરનું નામ દેવા માંડ્યું.

એટલામાં એક ચમત્કાર બન્યો. રાતના શીહા અંધકારમાંથી એક કાળો આકાર ધસી આવ્યો. એણે મારી સામે નજર કરી, ને જમ જેવી ભીષણતા દાખવી એ પેલાં વરુઓ પર એવા તો જોરથી તૂટી પડ્યો કે એ બધાં જીવ લઇને ભાગી ગયાં. એ બધાંને ભગાડીને એ આકાર મારી નજીક આવીને ઊભો રહ્યો અને પછી વહાલથી મારું મોં ચાટવા લાગ્યો!

'અરે બિંગો! તું? અહીં? શાબ્બાશ, દોસ્ત! હવે જો બિંગો, પેલી દૂર ચાવી પડી છે તે અહીં લઇ આવ, તો છટકું ખોલી હું છૂટો થાઉં!'

બિંગો મારી આજ્ઞા તરત જ સમજી ગયો. એણે મને ઘણી વખત એ ચાવી વાપરતો જોયો હતો. એ તરત જ મોંમાં ચાવી ઉપાડી લાવ્યો.

મારો એક હાથ છૂટો હતો. તે વતી મેં ચાવી લગાડી છટકું ખોલી નાખ્યું. મારા બંને હાથ છૂટા થઈ ગયા એટલે મેં મારો પગ પણ છૂટો કરી નાખ્યો. જોતજોતાંમાં તો હું મારા ઘોડા ઉપર બેસી ગયો. બિંગો ગર્વથી મારી આગળ આગળ ચાલતો હતો! અમે સલામતીથી ઘેર પહોંચ્યા.

બહાદુર બિંગોએ આ રીતે મને ભયંકર ઘાતકી મોતમાંથી ઉગારી લીધો. પણ એ એના નવા જીવનથી રંગાઈ ગયો હતો એટલે મોટે ભાગે વરુ-જીવન જીવતો રહ્યો. કેટલાક વખત બાદ, વરુને મારી નાખવા માંસ ઉપર ઝેર ચોપડીને મૂકે છે એવું માંસ કોઇકે મૂક્યું હશે, તે અચાનક એના ખાવામાં આવ્યું. એ લથડાતા પગલે હાંફતો હાંફતો મારા મુકામે આવ્યો. અને મારા ઉમરા ઉપર માથું ટેકવી અંતિમ શ્વાસ લીધો. □

વારતા

૨૬મી...૫૦મી ને છેલ્લી

વૈતાળ પચ્ચાસી

ગરીબી હટાવો

વિનોદ ભટ્ટ

—પચ્ચીસ પચ્ચીસ નિષ્ફળતાઓથી ધૂંધવાતો અને કંઈક કૃતનિશ્ચય રાજા વિક્રમ સ્મશાનમાં ગયો અને સિદ્ધ વડ પરથી મડાને ઉતારી, ખાંધે નાખી મૂગા મૂગા તેણે મહેલ તરફ ચાલવા માંડ્યું. જેવી મડાએ રાબેતા મુજબ વારતા શરૂ કરવા ખોંખારો ખાવા માંડ્યો ત્યાં જ તેની સામે ઘુરકતો રાજા વિક્રમ બોલ્યો: 'ચૂપ કર હરામખોર! પચ્ચીસ પચ્ચીસ દિવસો સુધી વારતાઓ સંભળાવીને તેં કેવળ બચુભાઈને જ નહિ, 'કુમાર'ના વાચકોને ય સારા એવા 'બોર' કર્યા છે. આજે એ તક મને લેવા દે.'

અને રાજા વિક્રમે વારતા કહેવા માંડી: 'ગરીબ નામે કોઈ એક દેશ હતો, જેમાં ગરીબો જ વસતા હતા. દેશનો એકેએક પ્રધાન ગરીબ હતો, કેમકે તેની પાસે માત્ર સોનાનો જ અંબર ચરખો હતો—પ્લૅટિનનનો નો'તો. મિલમાલિકો ગરીબ હતા;— બીચારાઓ પાસે માત્ર પાંચ ઈમ્પાલા કાર હતી, જેમાંની ત્રણ દીકરાઓ વાપરતા ને બે જમાઈઓ પાસે રહેતી. દેશના દાણચોરો ય ગરીબ હતા: કોઈની યે પાસે પાંચથી વધુ બંગલા નો'તા. અને હે વૈતાળ, તું તો જાણે જ છે, કે જે દેશના પ્રધાનો આટલા બધા ગરીબ હોય તેની પ્રજા કેટલી ગરીબ હશે ...!

અને તેથી પ્રજાની ગરીબી દૂર કરવાના ઉપાયો સૌ પ્રધાનોએ સાથે બેસીને વિચારવા માંડ્યા. એક પ્રધાને લોખંડ સિવાયના દેશના બીજા તમામ ધંધાઓનું રાષ્ટ્રીયકરણ કરી નાખવાનો પ્રસ્તાવ મૂક્યો, કારણ કે તેના દીકરા-જમાઇઓના નામે લોખંડ-પોલાદના ધીકતા ધંધા ચાલતા હતા. બીજા પ્રધાને કાગળ સિવાયના બધા જ ધંધાઓનું રાષ્ટ્રીયકરણ કરવા સૂચવ્યું. ત્રીજાએ વળી આલીશાન હોટેલો સિવાયના ધંધાઓના રાષ્ટ્રીયકરણ પર ભાર મૂક્યો. આમ, લગભગ દરેક પ્રધાને પોતાના હિત સિવાયના બીજા ધંધાઓના રાષ્ટ્રીયકરણ માટે સંમતિ આપવાની તૈયારી બતાવી, એટલે સારાસારા ધંધાઓનાં રાષ્ટ્રીયકરણ કરવાનો પ્રશ્ન ઊડી ગયો. કેટલાક પ્રધાનોએ ભાવ નીચા કરવા સામે વિરોધ ઉઠાવ્યો. આકરા કરવેરા નાખવા સામે એક ગરીબ મૂડીવાદી પ્રધાને નારાજી બતાવી. દેશમાંથી ગરીબી હટાવવા ઉત્પાદન વધારવું જોઈએ એવું લગભગ બધા પ્રધાનોએ સ્વીકાર્યું, પણ એને માટેનાં પૂરતાં સાધનોના અભાવને કારણે આ ઉપાય પણ ઊડી ગયો...'

વારતાને અહીં જ અટકાવતાં રાજા વિક્રમે મડાને પૂછ્યું: 'તો હે વૈતાળ! કોઈના ય હિતને આંચ ન આવે એ રીતે દેશમાંથી ગરીબી કેવી રીતે હટાવી શકાય?'

'ધનિકોને ગાળો દઇને...' વૈતાળે જવાબ આપ્યો.

—અને રાજા વિક્રમ બીજી વારતા કહીને 'બોર' કરશે એ ભયે વૈતાળ તત્ક્ષણ વિક્રમની સાથે મહેલમાં જવા તૈયાર થઈ ગયો! □

[*વૈતાળ, વિક્રમ ને વિનોદ એ ત્રણે ય 'વત્રાઓ' આ વારતાઓથી 'બોર' થઈ ગયા હોઈ આ શ્રેણી અહીં પૂરી થએલી જાહેર કરીએ છીએ.–તંત્રી]

॥જુગલબંધી–૪॥

કૉપનહેગન છોડતાં પહેલાં

લેખક
સુનીલ કોઠારી

'બાંધ ગઠરિયાં', 'છોડ ગઠરિયાં,' 'સફર ગઠરિયાં', 'રંગ-ગઠરિયાં', 'રૂપ ગઠરિયાં', 'નાટ્ય ગઠરિયાં',—એમ કૈં કૈં ગઠરિયાંના વાચને સૌને ઘેલાં કરનાર આપણા ચં. ચી. (ચન્દ્રવદન ચીમનલાલ) મહેતા (અને અમારા ચાંદામામા)એ યુરોપ અમેરિકાના પ્રવાસોનું જે ઘેલું લગાડેલું, ખુદ તેમની સાથે જ કૉપનહેગન, લંડન, ન્યૂયૉર્ક, પ્રોવીડન્સ, બૉસ્ટન બધે ભેગું જવા મળશે એવી તો સ્વપ્ને ય કલ્પના નહિ.

પચાસના ગાળાની 'સફર ગઠરિયાં' અનેકવાર વાંચેલી. મારો ચોકો જુદો. ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટની પરીક્ષા આપતાં હુસ્સ નીકળી ગએલી તે તો જાણે કાલની વાત. તે વખતે નૃત્યને ચાળે ચડેલો! 'વાણિયાના દીકરા, —લ્યો, આ આંકડા, હિસાબ મૂકી નાચવાને છંદે ચડ્યા! શું ઉકાળવાના?' એમાં પછી એમ. એ. થઈ પંતુજીગીરી કરવાની ઘેલછા જાગી. 'શું બળ્યું છે આ ભરતનાટ્યમ્ ફાટ્યમમાં!' એવી કૈં કૈં ગાળો ખાધેલી ને તો ય નૃત્યનો નાદ છૂટે નહિ. ચાંદામામાની સફરોનાં વર્ણનના સૂરમા આંખે અંજાએલા. એમની નજરે પારી(સ)માં ફરવાના અને બધું જોવાના અંતરમાં મનસૂબા-મનોરથ. તે અંતે ફળ્યા.

ઈ. ૧૯૬૯માં ગુલામમોહમ્મદ શેખ (ચિત્રકાર-કવિ) જોડે ઈરાન થઈ, તુર્કી-ઈસ્તંબુલ વટાવી, મ્યુનિચ પહોંચી, એ 'મ્યુનિખ'નો મ્યુનશાન બીઅર પી, 'હાશ' કરી ચાંદામામાને જે બિરદાવેલા તે હજી નજર સામે! ને પછી તો પારી(સ)–લંડનની ગલીકૂંચીઓના બંદા ભોમિયા થઈ ગયા. અમે ય બ્રિટિશ કાઉન્સિલના મહેમાન, તે જેમ નટ નાટક ને નાટકશાળા વિષે ચં. ચી. ખીલ્યા, તેમ અમેય બાલે ઑપેરા અને ડૅન્સિંગમાં ચગ્યા. પણ એ બધું વળી બીજી કોઈ વાર.

ચાંદામામા કૉપનહેગનના છેલ્લા દિવસે ભોજનસમારંભ પત્યે ઊભા થઈ દોઢ મિનિટ જે બોલેલા અને પછી તાળીના જે ગડગડાટ થએલા તે હજી કાનમાં ગાજે છે! મારા વ્હાલા, ઠાવકું, ગંભીર, વયને શોભે એવું અને વચમાં મર્માળું, તીખું, હસાવે એવું બોલે; આશીર્વાદ આપે; કૉપનહેગન ને ભારતનો કંઈ સંબંધ કાઢી બતાવે અને આત્મીયતાની હૂંફમાં ડુબાડે! વડીલ, તેથી બધા એમની અદબ જાળવે. હું સંભાળીને અવાક્! શો વાક્પ્રવાહ! શી છટા! ને આખી સભાએ તેમના બોલવા પર વાહવાહ



કૉપનહેગનમાં મિસિસ કોગને ત્યાં. ડાબી બાજુથી: નીલેન્દુ શાહ, ભારતી, ચં. ચી. અને સાન ફ્રાંસિસ્કોના પ્રતિનિધિ મિ. સારલોસ
(ફોટો · સુનીલ કોઠારી)



કૉપનહેગનના સમુદ્રકાંઠા પરના જગવિખ્યાત શિલ્પ 'મરમેઈડ'ના સાન્નિધ્યમાં સુનીલ કોઠારી

પોકારી. પેલી વીએનાની રૂપાળી દુભાષિયપણે પછી ફરાંસીઆમાં જે તાર વણ્યા તે તો વળી ઓર! હા, ઘણાને 'ઈરખા' આવે તેવી વાત. ખરે જ 'ભાયગ' મારાં સારાં, તે ચાંદામામાનું આ ગૌરવ જોવાજાણવા જાતે હાજર! ઘણા બળેલા ઝળેલા, વહેમી, શંકાવાળા, અદેખા વાંકદેખાઓએ મને ખાનગીમાં પૂછેલું છે—હાસ્તો વળી, કેમ નહિ?— કે આ ચાંદામામા બધું હાંકયે રાખે તે સાચું કે પછી ટાઢા પહોરનાં ગપ્પાં? તે સૌને કહેવાનું એટલું જ કે જો તમે એ ટાણે હાજર હોત અને એમનું એ સન્માન જોતત તો આવી શંકા બદ્દલ ક્ષોભ અનુભવત. આંતરરાષ્ટ્રીય પરિષદે તેમણે વારંવાર ગજવી છે. કહેવાના મુદ્દા સ્ટાઈલમાં; ક્યાંક માઠું લાગે, કોઈનું મન દુભાય તો એમ પણ સાફસાફ કહ્યું ય છે ખરું! અને પેલા બધા બડેખાંઓએ તેમની વાતો માની છે ને વારંવાર તેમને નોંતર્યા છે. પણ માનવું હોય તે માને, એમાં વળી ચાંદામામાની વકાલત કરવા હું ક્યાં બેઠો?

કૉપનહેગન છોડવાને આગલે દહાડે કંઈ ઍક્ઝીક્યુટિવની મીટિંગમાં ચં. ચી. વ્યસ્ત; એટલે નિશાળિયો માસ્તરની આંખ ચોરાવી નાસે તેમ હું કૉપનહેગનમાં અભ્યાસ કરતા અમદાવાદના નૅશનલ ડિઝાઈન ઇન્સ્ટીટ્યુટના નીલેન્દુ શાહ જોડે લુઈઝાનાની ગૅલેરી જોવા પરામાં ઊપડ્યો-ભેગાં તેનાં પત્ની પણ ખરાં. અમે ત્રણે વળી સ્પેઈનમાં બાર્સીલોના નજીક ઈબીઝા ટાપુ પર ભરાનાર જુવાનોના એક મેળામાં જવાના તરંગો કરીએ. મારાં વ્યાખ્યાનો લંડન, પારી(સ), ઍમ્સ્ટર્ડામ બ્રસેલ્સ, એમ ગોઠવાએલાં, અને મારે તે પતાવી ઈબીઝા પહોંચવું એવી યોજના ઘડતાં ઘડતાં, કૉપનહેગન શહેર વટાવી, પરાંમાં થઈ, સુંદર વનરાજિ, સરવર, વૃક્ષોની ઘટા એવું જોતાંજોતાં લુઈઝાના ગામે પહોંચ્યાં.

ઓહો! શો રમ્ય વનપ્રદેશ! ત્યાં મૉડર્ન આર્ટનાં ચિત્રોની ગૅલેરી! બસ જોયે જ જાઓ! બધાં જ મોટાં નામોની યાદી કરીએ તો 'કુમાર'નાં પાનાં ભરાય તેવાં ભારે નામો! પિકાસો ને હેન્રી મૂર, ને... તેમાં ય ઉદ્યાનમાં મૂકેલાં શિલ્પો જોડે પ્રકૃતિનો મેળ,—કે પ્રકૃતિ જોડે શિલ્પોનો મેળ! દૂર સમુદ્રના ઘૂઘવાટ. નીલેન્દુ અને ભારતી અહીં વારંવાર આવી ગએલાં એટલે બધું ફેરવીફેરવીને બતાવે. રાત થોડી ને વેશ ઝાઝા. વચમાં

આયુ, આહાર, ઔષધ અને આરોગ્ય અંગે 'કુમાર'માં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના લેખો વાંચી અવારનવાર અનેક વાચકો પોતાની મૂઝવણો અંગે એમની સલાહ માગતા રહ્યા છે. એ ઉપરથી એનો લાભ જાહેર જનતાને મળે એવા આશયથી 'કુમાર'માં આ વિભાગ શરૂ કરવાનો અમારો પ્રસ્તાવ એમણે સ્વીકાર્યો એ માટે એમના આપણે આભારી છીએ. પ્રારંભ રૂપે, એમને છેલ્લેછેલ્લે પુછાએલા પ્રશ્નોમાંથી ચારેક પ્રશ્નોના ઉત્તરો અહીં આપ્યા છે. વાચકોને આ પ્રકારના પ્રશ્નો રજૂ કરવાનું આમંત્રણ છે. માત્ર એક જ પ્રશ્ન ટૂંકમાં અને મુદ્દાસર લખી એમને સીધો, ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, ઠાકર વગા, ઉમરેઠ, એ સરનામે મોકલવો. પોતાના પ્રશ્ન અંગે અધીરાઈ ન દાખવવા તથા તે અંગે 'કુમાર' સાથે કશા જ પત્રવ્યવહારમાં ન ઊતરવા વિનતિ છે.

ડૉક્ટરની સલાહ

૧. તારુણ્યમાં થતા સ્વપ્નસ્રાવ હાનિકારક ખરા?

વીર્ય એ અધિવૃષણ, વીર્યાશય અને પ્રોસ્ટેટ ગ્રંથિના સ્રાવોનું સફેદ પ્રવાહી મિશ્રણ છે. તરુણની ચૌદ-પંદર વર્ષની વયે શુક્રગ્રંથિઓમાં શુક્રાણુઓ પેદા થવા લાગે છે, અને વીર્યવાહક નળી દ્વારા એ વીર્યાશયમાં સંઘરાય છે. વીર્યાશયમાં થતો ભરાવો હળવો કરવાની કુદરતની એક રીત, ઊંઘ દરમિયાન વીર્યસ્રાવ થવાની છે. તરુણને જાતીય પુખ્તતા પ્રાપ્ત થવાના પ્રમાણમાં તેને સ્વપ્નસ્રાવ થાય છે. આ અંગે બિનઅનુભવી તરુણ કંઈક અસ્વાભાવિક બની જતું હોવાના ભયથી ચિંતિત બને છે. પણ એનાથી બીવાની જરૂર નથી. શરીરની જાતીય ક્રિયાપ્રક્રિયાની, તથા પુખ્તતા પ્રતિની તૈયારીના આરંભની એ એક સ્વાભાવિક નૈસર્ગિક નિશાની છે.

૨) બાળકના મોંમાં મૂકેલું થર્મોમીટર તૂટી જતાં પેટમાં ઊતરી ગએલા પારાથી નુકસાન થાય ખરું?

તાવ માપવા માટે દસ વર્ષની વય સુધીના બાળકના મોંમાં થર્મોમીટર મૂકવું ન જોઈએ. અલબત્ત, અકસ્માત એ તૂટીને તેમાંનો પારો પેટમાં જવાથી કોઈ ગંભીર નુકસાન થતું નથી, પણ થર્મોમીટરનો કાચ ગળી જવાય તો એ જોખમી ખરું. થર્મોમીટરનો પારો પાણી અને અન્ય પ્રવાહીમાં ઓગળતો ન હોઈ પેટમાં શોષાતો નથી, અને એટલે એ ગંભીર રીતે જોખમી નથી.

૩) મોટી માત્રામાં વિટામિન 'સી' લેવાથી સળેખમમાં ફાયદો થાય છે? બધાં બાળકોને વિટામિનનાં ટીપાં પાવાનો આજનો ચાલ વાજબી છે?

૫૦૦ મિલિગ્રામ કે એથી વધુ પ્રમાણમાં વિટામિન 'સી' લેવાથી શરદી-સળેખમમાં ફાયદો થતો હોવાનું જાણવા મળે છે. પણ આ તો ઉધરસ મટાડવા માટે બાળકના ગળામાં લસણની માળા પહેરાવવા જેવું છે! અલબત્ત, વધુ માત્રામાં વિ. 'સી' લીધા કરવાથી નુકસાન થતું હોવાનું જાણમાં નથી, પણ ડાયાબિટિસ તથા ગુરદાની પથરીના રોગીને એથી હાનિ થાય છે. વિ. 'સી'નું વધુકું પ્રમાણ ગુરદા દ્વારા વિસર્જિત થાય છે. આથી પેશાબ ઍસિડ થાય છે. ગાઉટને કારણે થતી ગુરદાની પથરીના રોગીને આથી માઠી અસર થાય છે. વિ. 'સી'ની મોટી માત્રા લેવાથી ડાયાબિટિસમાં પેશાબની સાકરનું પરિણામ ખોટું આવે છે. એને ઔષધના રૂપમાં લેવા કરતાં આપણા રોજિંદા આહારમાંથી વિટામિનોનું સમતોલ પ્રમાણ મેળવવું વધુ ઈચ્છનીય છે. ખાટાં ફળો, જામફળ, કૉબિજ ને લીલોતરી શાકમાંથી વિ. 'સી' મળી રહે છે. શરીરમાં ઈજા કે ચેપ વખતે વિ. 'સી' વધુ વપરાય છે. શરીરની ઘણી પેશીઓમાં એ સંઘરાતું હોવાથી યોગ્ય પોષણ પામતી વ્યક્તિ બેત્રણ મહિના વિ. 'સી' ન લે તો પણ કંઈ મુશ્કેલી નડતી નથી. વય અને શરીરના કદ પ્રમાણે વિ. 'સી'ની જરૂર છે. એક વર્ષના બાળકને રોજ ૩૦ મિલિગ્રામ, પાંચ વર્ષ સુધીના બાળકને ૫૦, દસ વર્ષ સુધીનાને ૬૦ અને યૌવન તથા પીઢ ઉમરમાં ૭૫ થી ૧૦૦ મિલિગ્રામ વિ. 'સી'ની રોજ જરૂર રહે છે.

છએક માસના ધાવણા બાળકને માતાના દૂધમાંથી અને પછી ધાવણ ઉપરાંત દૂધ, ફળોના રસ, શાકના સૂપ વગેરેમાંથી પૂરતાં વિટામિનો મળી શકે. જો એના પોષણને માટે આ પ્રકારનું આયોજન ન હોય તો વિટામિનનાં ટીપાં ઔષધ રૂપે જરૂરી બને છે.

૪) મારા દસ વર્ષના પુત્રના વૃષણમાં એક તરફ શુક્રગ્રંથિ નથી. દાકતરી સલાહ શસ્ત્રક્રિયા કરવાની છે. આપનું મંતવ્ય જણાવશો.

આપના પુત્રને બરાબર તપાસીને આપેલી દાકતરની સલાહ સ્વીકારવી જોઈએ. તારુણ્યમાં પ્રવેશતાં સુધીમાં વૃષણમાં શુક્રગ્રંથિઓ ઊતરી આવવી જોઈએ. જો રોગીની વય નાની હોય તો સેક્સ હૉર્મોન્સનાં ઇંજેક્શનો પણ અજમાવાય છે. પરંતુ મોટે ભાગે તો શસ્ત્રક્રિયા જરૂરી બને છે.

ગર્ભાવસ્થાના વિકાસકાળ દરમિયાન બાળકની શુક્રગ્રંથિઓ એના પેટમાં હોય છે, પણ જન્મ થતાં અગાઉ વળામાંથી પસાર થઈને તે વૃષણમાં આવી જાય છે. ક્વચિત એક યા બીજા કારણે આવું થતું નથી. ઑપરેશનમાં શુક્રગ્રંથિને વૃષણમાં ઊતરતી અટકાવતી અડચણો દૂર કરી, એ ગ્રંથિને વૃષણમાં ગોઠવીને, વળાના ભાગમાં ઊતરતાં આંતરડાંને પેટમાં બરાબર ગોઠવીને શસ્ત્રક્રિયા પૂરી કરવામાં આવે છે.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

'કલૅમ્પેનબોર્ગ'નો 'ડીઅર પાર્ક' (મૃગ-ઉદ્યાન) જોવા રોકાયાં. મોટાં સાબર, હરણ આદિ છૂટથી માણસોના ડર રાખ્યા વિના ફરે. આવો પ્રાણીબાગ, તેનો મોટો વિસ્તાર અને આવી મુક્ત હવા—આ કશાની મેં તો આશા જ નહિ રાખેલી. સાંજ ઢળતી હતી. અમારી વાતો ખૂટતી નહોતી. ત્યાં ભારતી કહે કે હવે ઊઠો; રાતે ચાંદામામાને જમાડવા છે તે કંઈ વાનગી બનાવીશું. એટલે વળી વળી પેલાં ગર્વીલાં, ઉન્નત શીંગડાંવાળાં મદભરી ચાલે ચાલતાં સાબર-હરણને જોતાં પાછાં વળ્યાં.

પ્રોફેસર મિસિસ કારેન કોગને ત્યાં પહોંચ્યા તો સાન ફ્રાન્સિસ્કોના પ્રતિનિધિ સાલોંસ જોડે ચાંદામામા તો રંગત જમાવતા બેઠેલા! અમે ય ભળ્યા. ભારતી કહ્યે રાખે કે જમવા ઊઠીએ; પણ દાદ આપે એ બીજા! પછી તો કંઈ અલકમલકની વાતો થઈ. કૉપનહેગન બીજે દહાડે તો છોડવાનું, એટલે હજી રખડવા જવાનો વિચાર! મામા કહે: 'તમે જુવાનિયાં જાઓ; અમે હવે અહીં ઠામ!' એટલે રાત્રે હું, નીલેન્દુ ને ભારતી ટીવોલી ગાર્ડનમાં ઘૂમ્યાં. તે વિષે તો ચાંદામામા ઘણું લખવાના છે, એટલે એક નાની સરખી વાત કરી કૉપનહેગન છોડીશું.

મુંબાઈથી નીકળ્યો ત્યારે 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના તંત્રી અને જાણીતા લેખક શ્રી ખુશવંતસિંગે ખુશ થઈ એક સરસ પત્ર લખી આપેલો કે 'આ અમારા નૃત્યવિવેચકને બધી પ્રેસની સગવડો આપજો. એ અમારા માટે યુરોપના કલાજગત તથા જીવન વિષે લેખો લખવાના છે.' (એ ફુરસદ તો હજી મળી જ નથી!) એ કાગળ બહુ કામ આવ્યો. કૉપનહેગન જાઓ અને પૉર્નોગ્રાફી વિષે ન જાણો તો ધૂળ પડી તમારા જીવતરમાં. ત્યાંની મિનિસ્ટ્રી ઑાવ એડ્યુકેશનમાં મારે જઈ તે વિષેનું સરકારી-બિનસરકારી, અત્યાર લગી લખાએલું, તરફેણમાં-વિરુદ્ધમાં, એવું સાહિત્ય લાવવાની મેં ખુશવંતસિંગને હા ભણેલી, એટલે મિનિસ્ટ્રીને ફોન કર્યો. તરત ઍપૉઈન્ટમેન્ટનો ટાઈમ વડા ઑફિસરે આપ્યો. 'હા, ના; કાલે આવજો; અઠવાડિયા પછી; મોટા પ્રધાનને બીજું રોકાણ છે; સમય નથી;'– એવાં (ભારતમાં જાણીતાં) કશાં વચનો સાંભળવાં ન પડયાં. બપોરે બેને ટકોરે મિનિસ્ટ્રીને દરવાજે ગયો ત્યારે લેવા એક (અનુ. પૃ. ૩૫૬)

પ્રવર્તમાન ભરતનાટયમ્‌ના નૃત્તઘટકો : આડુ, આડલ, આડવુ કે અડવુ

[ભરતનાટયમ્-૪]


સુનીલ કોઠારી

ચિદમ્બરમ્‌ના ગોપુરમ્‌ની દીવાલો પર કોતરેલાં કરણનાં શિલ્પો નાટચશાસ્ત્રમાં ઉલ્લેખેલા નૃત્તઘટકો–'કરણ'નો–નિર્દેશ કરે છે. પ્રવર્તમાન ભરતનાટયમ્ નૃત્ત-ટેકનીકમાં એવાં નૃત્તઘટકોને તમીળમાં 'અડવુ' કે 'આડવુ' કહે છે. અડવુનું મૂળ તમીળ ભાષાના 'આડલ' અથવા તેલુગુ ભાષાના 'આડુ'માં મળે છે. તેનો અર્થ 'જમીન પર પાદાઘાત કરી નૃત્ય કરવું' એવો થાય છે. તેમાંથી આ 'અડવુ' શબ્દ ઊતરી આવ્યો છે. સત્તરમી અને અઢારમી શતાબ્દીમાં તાંજોરના મરાઠા રાજવીઓએ આ શબ્દનો નૃત્તની પરિભાષામાં ઉપયોગ કર્યો. અઢારમી સદીમાં લખાએલા તુલજા રાજાના 'સંગીતસારામૃત'માં નૃત્ય પરના પ્રકરણમાં ભરતનાટયમ્ નૃત્તની ટેકનીક વિષે ઘણી માહિતી મળે છે. જો કે તેમાં 'કરણ' વિષે કશો ઉલ્લેખ જોવા મળતો નથી. પરંતુ 'અડવુ'નું જે વર્ણન એ પ્રકરણમાં છે તે પ્રવર્તમાન ભરતનાટયમ્‌ની ટેકનીકને બંધબેસતું જોવા મળે છે. અને વાસ્તવમાં આજે જે પદ્ધતિએ ભરતનાટયમ્ રજૂ થતું જોઈએ છીએ તે તો બસો અઢીસો વર્ષ જૂનું છે. તે પરંપરા પેઢી-દર-પેઢી ગુરુઓ તથા દેવદાસીઓ દ્વારા સચવાઈ રહી છે.

રાજા તુલજાના 'સંગીતસારામૃત'માં કોઈ ચોક્સ સિદ્ધાંતને અનુલક્ષી આ ચલનો, ગતિ, તોડા, ટુકડા વગેરેનું પૃથક્કરણ કે વર્ગીકરણ જોવા મળતું નથી. પરંતુ આ બધાં ચલનો અને ગતિનાં ત્રણ વર્ણનો—'અડવુ', 'ભ્રમણ' અને 'પદશિક્ષાવિધિ' એ વિભાગોમાં જોઈ શકાય છે. અડવુનાં નામો સંસ્કૃત, તમીળ તેમજ તેલુગુમાં આપ્યાં છે.

આ પૂર્વે પણ અડવુ વિષેના કેટલાક નિર્દેશો તમીળ સાહિત્યમાં, શિલાલેખોમાં તથા અન્યત્ર સાંપડે છે. સાતમી સદીના કુડીમીયમલે શિલાલેખમાં તિરૂપદ્દાડવુ, મૈકાદ્દાડવુ ને તિરૂવલાદ્દી એવા ઉલ્લેખો મળે છે. તિરુનો અર્થ 'શ્રી', 'સુંદર' એવો થાય છે; પદ્દ એટલે ગીત અથવા પદ, અને અડવુ એટલે નૃત્ત કે નૃત્યઘટક. આમ, 'તિરૂપદ્દાડવુ' એટલે કોઈ દેવ-વિશેષની સ્તુતિ માટેના પદમાં નિયોજાતા અડવુ. કદાચ કોઈ આખી ભાવપંક્તિ વ્યક્ત કરવા આ તિરૂપદ્દાડવુ વપરાતાં હશે તેવું અનુમાન કરી શકાય. નવમી સદીમાં અભિનવગુપ્ત 'વાકયાર્થાભિનય' માટે કરણના વિનિયોગનો નિર્દેશ કરે છે. પરંતુ હવે એવા નૃત્ય-ઘટકો પ્રચલિત નથી. મૈકાદ્દાડવુ વાકયાર્થાભિનયની તુલનામાં કેવળ નૃત્તના ઘટક હોઈ શકે. 'મૈ'નો અર્થ 'દેહ', શરીર અને કાદ્દ તેની 'સુંદર રજૂઆત'ના અર્થમાં પ્રયોજાયો છે. એટલે દેહની સુંદર ભંગિ અને રેખાનું લાવણ્ય ઉત્તમ રીતે વ્યક્ત કરવા નત્ત રૂપે એ મૈકાદ્દાડવુ પ્રયોજાતાં હોવાં જોઈએ.





અડવુના અભ્યાસ માટે કેટલીક પ્રારંભિક હસ્તમુદ્રાઓ (અનુક્રમે) અધસ્તલ, ઉત્તાન (ઉત્તાલ), તિર્યક, અધોમુખ અને ઊર્ધ્વમુખ કે ઉન્મુખ. આ જ રીતે પગની પણ કેટલીક સ્થિતિ અને સ્થાન પણ સમજવાનાં હોય છે. નીચે પહેલા ચિત્રમાં નૃત્યાંગના સુચેતા ભીડે સ્વસ્તિક સ્થાનક દર્શાવતાં. તે પછીનાં છ ચિત્રોમાં ઉપલી હારમાં જમણી તરફ અનુક્રમે: સમપાદ, ઉદ્‌ઘટિત, સૂચિ; નીચલી હારમાં કુંચિત, અગ્રતલ અને અંચિત એમ પગની છ સ્થિતિ દર્શાવી છે.

(ફોટો : સુબોધચંદ્ર)



'તટ્ટી કુમ્બીડાલ': પાદાઘાત કરવા બદલ ભૂમિનો સ્પર્શ કરી તેની ક્ષમા માગતો નમસ્કાર-વિધિ. દરેક અડવુના અભ્યાસ કે રોજના વર્ગનો આરંભ આ વિધિ કર્યા પછી જ થાય. (નૃત્યાંગના : પદ્મા સુબ્રહ્મણ્યમ્)

વર્તમાન ટેકનીકમાંનાં બધાં નૃત્ત-અડવુ આ અર્થમાં જ પ્રયોજાય છે. કારણ આંગિકાભિનયમાં વિશેષતઃ તો કેવળ હસ્ત-મુદ્રાઓ અને ચહેરા પરના ભાવાભિનયનો જ સમાવેશ થાય છે. અન્ય શૈલી—જેમ કે મણિપુરીમાં—આંગિકાભિનય સવિશેષ જોવા મળે છે. તે અર્થમાં અહીં અડવુના ઘટકો દ્વારા આંગિકાભિનયનું કશું પ્રયોજન નથી હોતું.

'ભરત સેનાપતિયમ્' અને 'કુત્તાનુલ' એ બે મધ્યકાલીન તમીળ ગ્રંથોમાં પણ અડવુનો ઉલ્લેખ મળે છે. પંદરમી અને સોળમી સદીના નાયક રાજવીઓના યુગનાં શિલ્પોમાં પણ માત્ર કરણનાં અંશો જોવા મળે છે. પરંતુ ઉપર નોંધ્યું તેમ અડવુ તરીકેનો વર્તમાન મૂળ ઘટકોની ટેક્નીકમાં તેનો ચોક્કસ વિનિયોગ તો અઢારમી સદીથી જ ગણવો રહ્યો.

આ અડવુની જે વિભાગવાર ગોઠવણી થઈ શકે તે કાં તો દરેક અડવુના અભ્યાસ માટે સાથે બોલાતા સોલ્લુકટ્ટુ-બોલ—ના પ્રથમાક્ષરોને આધારે પ્રચલિત છે તે રૂપે; અથવા તે તે અડવુના પ્રધાન લક્ષણ અને તેમાં આવતાં વિવિધ ચલનોનો એક ગુચ્છ-વિભાગ-યોજીને. સરળતા ખાતર આપણે તે તે અડવુના સોલ્લુકટ્ટુની યોજનાને જ અનુસરીશું. તાજેતરમાં કુમારી પદ્મા સુબ્રહ્મણ્યમે અડવુનાં પ્રધાન લક્ષણ અને તેમાં આવતાં વિવિધ ચલનોના વિભાગોને નોંધી અલગ રચના કરી છે તથા તેને પશ્ચિમી સંગીતના નોટેશનમાં ઉતારવા પ્રયત્ન કર્યો છે. તે પૂર્વે શ્રી રમણીરંજને* મદ્રાસ યુનિવર્સિટી માટે પોતાની ડૉક્ટરલ થીસિસમાં એનો ચાર્ટ રજૂ કર્યો હતો. કુમારી પદ્માએ તેનાથી એક ડગલું આગળ જઈ નોટેશન કરેલાં છે. પણ તે સામાન્ય વાચકો માટે ગૂંચવણભર્યા હોઈ આપણે પરંપરા અનુસાર ગુરુઓ જે પદ્ધતિએ શીખવે છે તે ક્રમમાં જ અડવુના અભ્યાસનો વિચાર કરીશું.

આ અડવુઓના વિનિયોગમાં શૈલીભેદ પણ જોવા મળે છે. તાંજોર, પંડનલ્લુર, વઝુવુર અને કાંચીપુરમમાં ભરતનાટ્યમે દૃઢ પાયો નાખેલો. આજના અનેક ગુરુઓ આ કેંદ્રોમાંથી આવે છે. આ ઉપરાંત પણ અન્યત્ર ભરતનાટ્યમની ઉપાસના થતી. જેમ કે તીરુનેલવેલીમાં. ત્યાં વિખ્યાત ગંગેમુતુ નટ્ટુવનાર થઈ ગયા. તેમણે 'નટનાદિ વાદ્યરંજનમ્' અને 'સભારંજિત ચિંતામણિ' ગ્રંથો રચ્યા છે. તેમાં લય વિષે તથા સોલ્લુકટ્ટુ વિષે વિગતે તથા વિસ્તારથી વર્ણન છે. તેમાં મૃદંગનાં તીરમાનમ્ (તોડો પૂરો થાય ત્યારે તિહાઈ લઈએ છીએ તેવાં આવર્તનો) તેમજ નૃત્યનાં તીરમાનમ્ પણ નોંધેલાં જોવા મળે છે. દરેક કેંદ્રમાં તે તે ગુરુ પોતાની આગવી ઢબે ભરતનાટ્યમના મૂળ ઘટકો પ્રયોજતા; પરિણામે ભરતનાટ્યમનાં જુદાંજુદાં ઘરાણાં નિપજ્યાં. એમાં વિખ્યાત તે પંડનલ્લુર શૈલીનું ભરતનાટ્યમ્.

અડવુનું વર્ગીકરણ

પ્રચલિત પદ્ધતિ	પદ્મા સુબ્રહ્મણ્યે કરેલી યોજના
તટ્ટ અડવુ	તટ્ટ અડવુ
નટ્ટ અડવુ	નટ્ટ અડવુ
તા તૈં તૈં તા	તટ્ટીમેટ્ટાડવુ
કુદિત્તુ મેટ્ટુ	મર્દિત અડવુ
તૈયા તૈયી	સરીક અડવુ
તત્ તૈં તાહા	કુદિત્તુ અડવુ
ત તૈં તામ્	ખુટ્ટાડવુ
તધિંગીણ તોમ્	સરૈકલ અડવુ

* રંજન નામે તેઓ એક કાળે દક્ષિણ ભારતના વિખ્યાત અભિનેતા હતા અને 'ચંદ્રલેખા', 'નિશાન' વગેરે હિંદી ફિલ્મોમાં ભૂમિકા ભજવી ચૂક્યા છે. તે ઈ. કૃષ્ણઆયરના ગુરુ મેલટ્ટરના વિદ્વાન નરેશ આયર પાસે ભરતનાટ્યમ્ શીખેલા અને તે વિષે મદ્રાસ યુનિવર્સિટીમાં થીસીસ રજૂ કરી તેમણે ડૉક્ટરની ઉપાધિ મેળવી છે.

ટિકિટ-સંગ્રહ

ભારતની પાંચ ખાસ ટપાલ-ટિકિટો







આ વર્ષે મ્યુનિખમાં રમાઈ રહેલ ઑલિમ્પિક રમતોમાં ભારતની ભાગીદારીના સ્મરણમાં ૧૦મી ઑગસ્ટે જે બે ખાસ ટપાલ-ટિકિટો બહાર પડી તેમાંની એક ગયા મહિને આપી હતી. આ બીજી (મથાળે પહેલી) ૨૦ પૈસાની ટિકિટ પર હૉકી-ખેલાડીનું ચિત્ર અને ઑલિમ્પિકનું પ્રતીક છે. સ્વાતંત્ર્યની રજતજયંતી નિમિત્તે ભારતે એ દિનના સૂચક આલેખનવાળી એક બહુરંગી ટિકિટ પણ બહાર પાડી (મથાળે વચ્ચે) તે ઉપરાંત તે જ દિવસે–૧૫મી ઑગસ્ટે દેશના સંરક્ષણ દળની સ્થળ, જલ અને વાયુ સેનાના રંગની ત્રણ પટ્ટી પર ઇંટર સર્વિસિઝની સંજ્ઞાવાળી એક ખાસ ટિકિટ બહાર પાડીને આપણી સેનાઓને પણ બિરદાવી છે. આ જ દિવસે દેશના એક મહાન આત્મા શ્રી અરવિંદ ઘોષની જન્મ-શતાબ્દી પણ હતી. એ નિમિત્તે શ્રી અરવિંદના ષટ્કોણ પ્રતીકની આસપાસ અતિ મનસના પ્રતિનિધિ રૂપ સૂર્યના કિરણોના આલેખનવાળી એક ખાસ ટિકિટ પણ બહાર પડી છે. બંને બાજુમાં આપી છે. આ સપ્ટેમ્બર માસમાં ૫મી તારીખે ભારતીય રાજનૈતિક ક્ષેત્રમાં બહુરંગી વ્યક્તિત્વ ધરાવતા તમિલનાડુના વી. ઓ. ચિદમ્બરમ્ પિલ્લૈની જન્મ-શતાબ્દી હતી. એ નિમિત્તે પણ એક ખાસ ટિકિટ બહાર પડી છે, જેમાં એમની છબિ આપી છે. ૧૯૦૬માં એમણે ભૂતીકોરિન અને કૉલંબો વચ્ચે એક વ્યવસ્થિત વાહનવ્યવસ્થા માટે સ્વદેશી સ્ટીમ નેવીગેશન કંપની સ્થાપેલી તેના સૂચનરૂપ પશ્ચાદ્ભૂમાં એક સ્ટીમરનું આલેખન પણ આપ્યું છે.





(પ્રેષક: ડાહ્યાલાલ સી. પરમાર-અમદાવાદ)

કીટતક તતી કીટ તોમ્	મંડી અડવુ
તૈં તૈં ધત્તા	પૈઈચલ અડવુ
ધિત્તૈં ઈન્ ધત્તા તૈ	સુર્રાડવુ
મંડી અડવુ	કોર્વૈ અડવુ
સરૈકલ	તીરમાન અડવુ
તકીટ્ટ	
તૈં તૈં તૈં તૈં તૈં તૈં ધી ધી તૈં	

ઉપરના બન્ને વિભાગો સરખાવતાં જણાશે કે કુમારી પદ્માની યોજનામાં તે તે અડવુનાં પ્રધાન લક્ષણ નોંધાયાં છે. જેમ કે કુદિત્તુ અડવુમાં પગના અંગુઠા પર કૂદીને એડીના નીચેના ભાગથી જમીન પર પાદાઘાત કરવાનો હોય છે. મંડી અડવુમાં શરીર એડીને આધારે ટકે એવી અંગસ્થિતિ નિર્દિષ્ટ છે. પૈઈચલ અડવુમાં ઉત્પલવન અને અવકાશમાં ગતિને સ્થાન હોય છે. સુર્રા અડવુમાં ગોળ ફરવાની ગતિ (whirling) પ્રધાન હોય છે. મૂળે ગમે તે વિભાગવાર આ ઘટકોની યોજના થાય. કળાકારે આ બધાં જ અડવુ–ઘટકો પર પ્રભુત્વ મેળવવાનું હોય છે.

હવે આ અડવુના અભ્યાસ માટે કેટલીક પારિભાષિક સંજ્ઞાઓ સમજીએ:

૧ પગની સ્થિતિ અને તેનાં સ્થાન: ૧) સમ: સમપાદમાં જોઈએ છીએ તે સ્વાભાવિક રીત; ૨) પાર્શ્વ:બંને પગ બે બાજુ એક લીટીમાં; ૩) પ્રયસ્ર: V આકારમાં પગ રહે; ૪) સ્વસ્તિક: પગ સ્વસ્તિ રૂપે.

૨ અંગસ્થિતિ: ૧) સમ: શરીર સૌષ્ઠવપૂર્ણ સમપાદમાં હોય છે તેમ; ૨) મણ્ડલ: પગ પાર્શ્વ સ્થિતિમાં, અંગનું વજન સમભાગે બંને પગ પર વહેંચાવું જોઈએ. ઘૂંટણો વળેલા, પણ એક લીટીમાં. આને 'આરામણ્ડી' કહે છે. આ અંગસ્થિતિ પર ભરતનાટ્યમ્ નર્તકે પ્રભુત્વ મેળવવાનું રહે છે. ૩) આલીઢ ને પ્રત્યાલીઢ: ડાબો પગ મણ્ડલ સ્થિતિમાં અને બીજો બાજુમાં સીધો—બાણાવળી બાણ છોડતી વખતે આ અંગસ્થિતિમાં હોય છે. તેનું બીજું રૂપાંતર તે પ્રત્યાલીઢ. ૪) કુંચિતજાનુ: બંને ઘૂંટણો બંને દિશામાં ફેલાવેલા અને અંગસ્થિતિ ઉપવિષ્ટ-ભોંયે પગને ટેકે બેઠા હોઈએ તેવી. તેને તમીળમાં 'મુરૂમંડી' કહે છે.

૩ હસ્તમુદ્રામાં હથેળીનાં સ્થાન: ઉત્તાન, અધોમુખ, ઉન્મુખ ને પરાઙ્મુખ.

દરેક અડવુનો અભ્યાસ અથવા રોજનો વર્ગ શરૂ કરતાં પૂર્વે નમસ્કારવિધિ કરવાનો રહે છે. તેનાથી શરૂ કરી આપણે કેટલાંક અડવુ ઘટકોનો વિચાર કરીશું. પગ સમપાદમાં તે એક પછી એક ભૂમિ પર પાદાઘાત કરી (ચિત્ર ૧), હસ્ત કટકામુખમાં વક્ષ-સંમુખ હોય છે તેને બંને બાજુ સમાંતર શિખર મુદ્રા સાથે લઈ જવા (ચિત્ર ૨); પછી ભૂમિ પર બેસી પતાકહસ્તમાં ભૂમિસ્પર્શ કરી કુંચિતજાનુ અને મણ્ડી અંગસ્થિતિ (ચિત્ર ૩)માંથી ઊભા થઈ મસ્તક પર અંજલિ વડે નમસ્કાર કરી (ચિત્ર ૪) અંગસ્થિતિ ફરીથી સમ સ્થિતિમાં. (જુઓ પૃ. ૩૪૮) આને તટ્ટી કુમ્બીડાલ કહે છે. તેનો અર્થ ભૂમિ પર પાદાઘાત કરવા માટે ભૂમિનો સ્પર્શ કરી તેની ક્ષમા માગવાનો થાય છે.

અંજલિ હસ્તથી મસ્તક પર પ્રણામ કરી આત્મા પર અધિષ્ઠાન ભોગવતા દેવતાને પ્રણિપાત; બુદ્ધિના કેન્દ્રસૂચક મસ્તિષ્કનો નિર્દેશ અને તે જ્ઞાન આપનાર ગુરુને વંદના -એવાં તેનાં ભાવાંતરો મનાયાં છે.

વક્ષ:-સંમુખ અંજલિ હસ્તથી ઉપસ્થિત મિત્રમંડળ તથા સગાંવહાલાંને વંદના, અને કટ્ટે તથા મંજીરાંની જોડને સ્પર્શ કરી એક વૈશ્વિક લય તાલ અને આંદોલનમાં તદ્રૂપ થવાની ભાવનાનું સૂચન આ આદિ નમસ્કારવિધિમાં જોઈ શકાય છે. (ક્રમશ:)



ભાદ્રપદની શુક્લ ચતુર્થીથી જેનો એક વ્યાપક ઉત્સવ ઉજવાય છે એ વિઘ્નહર્તા ગણપતિ હિંદુ ઉપરાંત બૌદ્ધ અને જૈનોમાં પણ એક પૂજનીય દેવ ગણાય છે. ભારત ઉપરાંત તુર્કસ્તાનથી માંડી જાપાન સુધીમાં પૂર્વ એશિયા-ના લગભગ બધા દેશોમાંથી ગણેશની પ્રતિમાઓ મળતી રહી છે. એમાં ઘૂંટણિયે ચાલતા બાલ સ્વરૂપથી માંડી નૃત્યરત ગણેશ, પંચાનન ને દશભુજ ગણેશ, વાઘ યા સિંહ પર આરૂઢ ગણેશ, ધ્યાનરત ગણેશ એમ અનેક સ્વરૂપો જોવા મળે છે. જમણી બાજુ 'નારી-ગણેશ'ની એક વિરલ મૂર્તિ આપી છે. જે હાલ પ. જર્મનીમાં મિ. ગૅડાનના છે. મથાળે ગણેશ જેટલું જ મહત્ત્વ ધરાવતા ગ્રીક દેવતા 'જૅનસ'નું આલેખન છે.

ગણપતિ

લેખક · કનુભાઇ જાની



સર્વારંભે જે પૂજાતા હોય, જે વિઘ્નહર ગણાતા હોય, જેનું કોઈ દેવળ જ્યાંત્યાં ન હોય છતાં દ્વારે દ્વારે જેની પ્રતિષ્ઠા હોય, જે રિદ્ધિ-સિદ્ધિદાતા ગણાતા હોય, એવા દેવ તો માત્ર બે જ : ગણેશ અને રોમન-દેવતા જેનસ. ('ગણેશ'–'જેનસ' એ નામ વચ્ચે પણ સામ્યાભાસ છે!)

પ્રાચીન કાળે ઇટલીમાં સૂર્યપૂજા થતી, એ પરથી જેનસ રોમમાં પૂજાવા લાગ્યા એમ મનાય છે. એમનું કામ રોજ પ્રભાતે પૂર્વદ્વારો ખોલ-વાનું ને સાંજે પ્રતીચીનાં દ્વારો બંધ કરવાનું. એમને ખોલ્યે પ્રકાશ આવે; એમનાથી એ જાય. ઋતુઓના ચક્રને એ જ ગતિ આપે. એ કારણે વર્ષનો પ્રથમ માસ એમને નામે ઓળખાય – 'જાન્યુઆરી'. ત્યારે જેનસનો ઉત્સવ ઉજવાય. એ બુદ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ ને ધન-ધાન્યનો દેવ. એને મિષ્ટાન્ન ભાવે. એટલે એને ધરાવાય — 'કેક્સ', મદ્ય અને બાર્લી.

ગ્રીક દેવ ક્રોનોસ તે જેનસનો મિત્ર. મૈત્રીના ચિહ્નરૂપે એણે એને ભૂત ભાવિમાં જોવાની દૃષ્ટિ આપેલી. એ કારણે એ અશુભનું નિવારણ ને શુભની પ્રાપ્તિ કરાવી શકતા. ભૂત-ભાવિ બન્નેને જોવાની એની શક્તિના. પ્રતીક તરીકે જેનસની મૂર્તિ દ્વિમુખી છે. શનિદેવ (સૅટર્ન)ને પણ જેનસે સહાય કરેલી. મુખ્યત્વે એ ગૃહરક્ષક, માર્ગરક્ષક ને વિઘ્નહર દેવ મનાય છે.

આપણા ગણેશ પણ એવા જ છે. 'સૂર્યકોટિસમપ્રભ' કરોડો સૂર્ય જેવા તેજસ્વી, મેધાવી. સંસ્કૃતમાં ग એટલે થએલું કે ગએલું અને ण : એટલે જ્ઞાન. गणः એટલે જ્ઞાની. આ તો તેના યે 'ઈશ.' 'આદિ ગાણપત્ય' ગણા-એલા વૈદિક ઋષિ ગૃત્સમદે રચેલો ઋગ્વેદનો આવાહન મંત્ર જાણીતો છે :

गणानां त्वा गणपतिं हवामहे
कविं कवीनामुपश्रवस्तमम् ।
ज्येष्टराजं ब्रह्मणां ब्रह्मणस्पते
आ नः शृण्वन्नूतिभिः सीद सादनम् ॥

તું જ્ઞાનીમાં જ્ઞાની, ગણપતિ ગણે, કીર્તિધર તું,
મહારાજા, બ્રહ્મે વળી પતિ બધા બ્રહ્મણતણો;
તને શ્રદ્ધા સાથે સ્મરણ કરીએ, સાંભળ સ્તુતિ,
બિછાવ્યાં આ હૈયાં, તવ બની રહો આસન સદા.

આ મંત્રમાં આવાહન ગણપતિને નથી, 'બ્રહ્મણસ્પતિ'ને છે. 'ગણ-પતિ' નામના કોઈ વૈદિક દેવ નથી. આ મંત્રમાં એ શબ્દ વિશેષણરૂપે છે, વિશેષ્ય નહિ. અથર્વવેદના 'ગાણપત્યપર્વ'માં, અલબત્ત, વર્ણન આવું છે: 'ગણપતિ ચતુર્ભુજ, એકદંત, હાથોમાં પાશ-અંકુશ-રદ-વરદવાળા, મૂષકધ્વજધારી, રક્તાંગ, લંબોદર, સૂપડા જેવા કાનવાળા, રક્ત વસ્ત્રો-વાળા, રક્તલેપ ને રક્ત પુષ્પધારી છે.' આ અપવાદરૂપ છે.

વેદના 'બ્રહ્મણસ્પતિ', અનાર્ય આદિ જાતિના કોઈ અવૈદિક હાથી-મુખા દેવ, પુરાણકાળમાં એટલા પ્રસિદ્ધ થયા કે એમણે વૈદિક-અવૈદિક ભેદ ટાળીને પ્રથમ પૂજા-આદર પ્રાપ્ત કર્યા; બૌદ્ધ–જૈન મતોમાં પણ સ્થાન મેળવ્યું; શંકરાચાર્યે જે પંચાયતન દેવોની પૂજાની પ્રથા પ્રચલિત કરી એમાં બે વૈદિક દેવો વિષ્ણુ ને સૂર્ય, બે અવૈદિક દેવો શિવ ને શક્તિ હતાં, તેમ સર્વસમન્વયકારી ગણેશને પણ સ્થાન આપ્યું; ગણેશ પર

અગણિત સ્તોત્રો ને પુરાણકથાઓ રચાયાં; ભારતની બહાર આખા પૂર્વ એશિયામાં—છેક રશિયા સુધી એમની મૂર્તિઓ પૂજાઇ; એમને નામે 'ગાણપત્ય સમ્પ્રદાય' સ્થપાયો ને ફેલાયો; મહારાષ્ટ્રમાં પેશ્વાના કાળમાં એ સૌથી વધુ લોકપ્રિય ને રાજપ્રિય દેવ બન્યા; અંગ્રેજોના સમયમાં આપણી રાષ્ટ્રીય ચેતનાને પ્રજ્જ્વલિત કરવા તિલકે ગણેશોત્સવની પ્રથા શરૂ કરી ત્યારે અંગ્રેજ હકૂમતને ફફડાવવામાં પણ ગણેશ નિમિત્તરૂપ બન્યા! સૂર્યતત્ત્વમાંથી સૂક્ષ્મ અધ્યાત્મતત્ત્વવાચક–વાહક બનીને, મૂર્ત છતાં અમૂર્ત ભાવનાઓના દ્યોતક બનીને, ધર્મ, સમાજ ને રાષ્ટ્રને પોષક ભાવનાઓના ફેલાવામાં ગણેશનો ફાળો અવિસ્મરણીય ને આશ્ચર્યકારક છે.

આ લોકાદરનું કારણ શું? ડબ્લ્યુ. જે. વિલ્કિન્સ (અંગ્રેજી માઈથૉલૉજી પૃ. ૩૩૪) જેવા વિદ્વાનો મૂંઝાય છે: 'It is not easy to see why Ganesh has become so universally worshipped as there are few legends in the Puranas attesting his devine power.' એમની દિવ્ય શક્તિનાં પરાક્રમોની તો ઝાઝી કથાઓ નથી; છતાં આ લોકાદર! ભારતીય સમાજની પલટાતી અધ્યાત્મભાવનાઓનો સમાવેશ થઈ શકે એવી ક્ષમતા 'આ વક્રતુંડ મહાકાય'માં છે. ભારતીય જનતા: કેવળ પરાક્રમોથી અંજાતી નહોતી એની શાખ આ દેવ પૂરે છે.

જોકે પરાક્રમકથાઓ સાવ નથી જ એવું યે નથી. ગણેશ-પરશુરામ વચ્ચેના દ્વંદ્વની કથા જાણીતી છે. શિવભક્ત પરશુરામ એકવાર શિવદર્શનની આકાંક્ષાથી કૈલાસ ગયા. શિવ નિદ્રામાં હતા; એટલે ગણેશે એમને રોક્યા. બન્ને વચ્ચે લાંબી જીભાજોડી ચાલી. પરશુરામ પરાણે પ્રવેશવા ગયા. ગુસ્સે થએલા ગણેશે સૂંઢથી એમને એવા જકડયા કે એમને હોશકોશ ન રહ્યા. પણ ભાનમાં આવતાં જ એમણે પરશુનો ઘા કર્યો. પરશુ તો શિવદીધું શસ્ત્ર; એનો ઘા તો ઝીલવો જ રહ્યો! ગણેશે બુદ્ધિ વાપરીને એ ઘા દન્તૂશળ પર ઝીલ્યો. એ એકદન્ત બની ગયા. આ જોતાં પાર્વતી ક્રોધે ભરાયા. એ વખતે કૃષ્ણે બાળકરૂપે આવી, એમને શાન્ત પાડયા.

જેમ પરશુરામને મહાત કર્યા એમ ચન્દ્રને પણ ગણેશે 'પરચો' દેખાડયો છે! 'બ્રહ્મપુરાણ' પ્રમાણે બ્રહ્માએ સૃષ્ટિ પૂરી કરીને સર્જકદેવતાનું સ્મરણ કર્યું ત્યાં ગણેશરૂપ પ્રગટયું. પણ ચન્દ્ર આ સ્થૂળકાયને જોઈને હસ્યો. એટલે ગણેશે એને શાપ આપ્યો: 'તું કાળો પડી જઈશ.' પછી ચન્દ્ર કરગર્યો, એટલે શાપ ઘટાડયો: ચન્દ્રમાં ડાઘ રહી ગયા. વળી, એ શાપ વાળતાં એમણે એ ચારુદર્શનને કહ્યું: 'આજની તિથિએ જે તને જોશે એ કલંકિત કે શામળો થશે.' એ દિવસ હતો ભાદરવા સુદ ચોથનો. ભાગવતમાં કહ્યું છે કે કૃષ્ણે તે દિવસે ચન્દ્ર જોએલો તેથી કાળા થયા.

આ ઘટના જુદી રીતે પણ નિરૂપાઈ છે. ખૂબ ખાધેલું પેટમાં થાળે પડે માટે ઊંદર પર બેસીને ચાંદની રાતે ગણેશ ફરવા નીકળ્યા. રસ્તામાં એક સાપ આડો ઊતર્યો. એને જોઈ ઊંદર ભડકયો ને ભાગ્યો. ગણેશ ગબડી પડયા. પેટ ફાટયું. ગુસ્સે થઈને એમણે સાપને પકડીને પેટે બાંધી દીધો. ત્યાં, આ આખી યે ઘટના જોતો ચન્દ્ર મશ્કરીમાં અટ્ટહાસ્ય કરતો હતો. એ જોઈને પોતાનું એક દન્તૂશળ બટકતાંકને ગણેશે એ મશ્કરાના મોં પર ઝીક્યું ને શાપ આપ્યો કે તારું તેજ એકધારું નહિ રહે.

જ્ઞાનપ્રસાર અર્થે મહાભારત લખવા એક દન્ત તોડયો; પોતાના ભાઈ કાર્તિકેય સાથે યુદ્ધ કરતાં એક દાંત તૂટયો;–એમ એમના એકદન્તત્વની જુદીજુદી કથાઓ છે. એ 'ભગ્નદન્ત' પણ કહેવાય છે.

પરશુરામ અને ચન્દ્રને હાથ દેખાડનાર ગણેશે કુબેરને પણ પરચો દીધેલો. કુબેરને એની સમૃદ્ધિનું ભારે અભિમાન. એક વાર એને ત્યાં દેવોને જમણ અપાયું. ગણેશને પણ નોતરેલા. એ તો એવા અડી પડયા કે સૌ માટે રાંધેલું બધું તળિયાઝાટક કરી નાખ્યું! તો ય ભૂખ ન શમી, એટલે વાસણો ઝાપટવા મંડયા—જેથી ફરીથી રાંધવામાં ય મુશ્કેલી પડે! ત્યારે શંકરે એમને વાર્યા. તો કહે: 'પણ હજી મારું પેટ નથી ભરાયું.'

૩૫૧ ('કુમાર' અંક ૫૮૫)

લ ઘુ ક થા

પણ સાહેબ....

રામજીભાઈ કડિયા

હાઈસ્કૂલમાંથી વસંતલાલ ઉપર ફોન આવ્યો: 'જરૂરી કામ છે, જલ્દી આવી જાઓ.' આશ્ચર્યચકિત વસંતલાલ દુકાન છોડી શાળામાં આચાર્યશ્રીની ઑફિસમાં જઈ ઊભા. 'જુઓ, વસંતભાઈ, તમારા જેવા પ્રતિષ્ઠિત માણસને મારે આમ બોલાવવા પડે એ સારુ ન કહેવાય!'

'શું સાહેબ?'

'શું તે આ તમારા નબીરાનાં પરાક્રમો...' આચાર્ય ગુસ્સાભર્યા બોલતા હતા. 'જુઓ આજે પણ તમારા અતુલે એક ગરીબડા છોકરાને માર્યો છે. મારે એ બીચારાને ઑસ્પિટલે પહોંચાડવો પડયો.'

'પણ સાહેબ...'

'મારે કશું સાંભળવું નથી. હવે હદ થાય છે. બેત્રણવાર તમારા દીકરાએ આવા ગુના કર્યા છે. આવો ભારાડી છોકરો મારી શાળામાં ન જોઈએ.'

વસંતલાલ ખુરશીમાંથી ઊંચા થઈ બોલવા ગયા: 'પણ સાહેબ...'

'જુઓ, તમને અને તમારા છોકરાને આજે છેલ્લી વાર કહી દઉં છું.' અને એમણે પટાવાળાને અતુલને વર્ગમાંથી બોલાવવા મોકલ્યો.

'જુઓ સાહેબ' વસંતલાલ નજીક સરતા બોલ્યા: 'મારી પાસે હાલ તો આ વીસ રૂપિયા છે એ રાખો. જરૂર પડે તો બીજા પણ હું મોકલી આપીશ. એની સારવારનો બધો ખર્ચ હું આપીશ.'

'જુઓ, એમ પૈસા આપીને તમે છટકી નહિ શકો. તમારા જેવા વાલીઓને હું બરાબર ઓળખું છું.' આચાર્ય ખુરશી ઘુમાવીને બોલ્યા. 'જુઓ, આ આવ્યો એ...'

વસંતલાલે આચાર્યશ્રીના મોં સામે તાકીને કહ્યું: 'સાહેબ, એ મારો છોકરો નથી.' અને ધીમે રહીને ફરી બોલ્યા: 'મારે કોઈ છોકરું જ નથી.' અને પૂંઠ ફેરવીને જતાં એક લાંબો નિશ્વાસ લેતાં બબડ્યા: 'આવોઆવો પણ એકાદ હોત તો યે...' કહેતા ઑફિસની બહાર નીકળી ગયા.

આચાર્ય એકદમ ઊભા થઈ તેમની પાછળ દોડયા: 'સૉરી વસંતભાઈ, થોભો થોભો, ફોનમાં કંઈ ગરબડ થઈ લાગે છે... જરા થોભો તો ખરા...!'

શંકરે ચપટી ચોખા આપ્યા. એથી ભૂખ શમી. કુબેરનું અભિમાન ગળ્યું.

એમનાં બુદ્ધિબળનાં દષ્ટાન્તો પણ ઘણાં છે. દેવસભામાં પહેલું કોણ પૂજાય એની ચર્ચા ચાલી. નિર્ણય થયો કે જે પૃથ્વીની પરિક્રમા કરીને પહેલો પાછો આવે તે પૂજાય. તરત જ સૌએ વાહનો મારી મૂક્યાં: વિષ્ણુએ ગરુડ, શંકરે નન્દી, બ્રહ્માએ હંસ, લક્ષ્મીએ ઉલૂક — સૌએ ગતિ વધારી. આ 'વક્રતુંડ મહાકાય' શું કરે? વિચાર્યું. પૃથ્વી પર આંગળીથી 'ૐ' લખીને એની પ્રદક્ષિણા કરી. દેવો આવ્યા ત્યારે તો આ નિરાંતે ભારેખમ શરીરે બેઠેલા! પૂછ્યું: 'તમે પૃથ્વીપ્રદક્ષિણા કરી?' કહે: 'હા, હા. જુઓ. પેલો ૐ. એ પૃથ્વીનું સૂક્ષ્મરૂપ, સમસ્ત બ્રહ્માંડનું અણુરૂપ ખરું કે નહિ?' દેવોથી ના કહેવાય કઈ રીતે?

એની બુદ્ધિશક્તિનો ખયાલ તો મહાભારતકાર વ્યાસને પણ કરવો પડયો. બ્રહ્માએ મહાભારત લખવા વ્યાસને નામ તો સૂચવ્યું ગણેશનું, ને એ આવ્યા યે ખરા. પણ એની ઝડપ તો ગજબની! બોલ મોંમાંથી પડયો નથી કે લખાયો નથી! વ્યાસે યુક્તિ કરી. પોતે ને શુક બે જ સમજી શકે એવાં અઘરાં વચનો વચમાં વચમાં મૂકવા માંડયાં. એ વિચારવા જેવા ગણેશ અટકે કે પોતે આગળનું વિચારી લે. લખવામાં ઝડપ, છતાં ગણેશ શબ્દને અર્થ વિના સ્વીકારી ન લે. શબ્દનું મહત્ત્વ પારખે.

एकं प्रसूयते माता एकं वाक् प्रसूयते।
वाक् सूतमधिकं मन्ये भ्रातुः सहोदरादपि॥

એક છે માજણયો ભાઈ, એક વાણીથી પ્રસ્રવ્યો,
વાણીજાયો અધિકો જ સહોદરથી જાણવો.

આટલું શબ્દનું મહત્ત્વ સમજો; વચનનું યે. માતાના વચનને કારણે તો મસ્તક ગુમાવ્યું! 'મત્સ્યપુરાણ' પ્રમાણે સ્નાનપૂર્વે પાર્વતીએ તૈલાભ્યંગ કરતાં જે નીચે લેપ પડયો તે ભેગો કર્યો. તેનું પૂતળું બનાવી તેમાં પ્રાણ ફૂંક્યો. તેણે નમન કરી પાર્વતીને પૂછ્યું : 'બોલો માતા, આપની શી સેવા કરું?' પાર્વતીએ એને દ્વારે કોઈ ન પ્રવેશે તે જોવા કહ્યું. પોતે સ્નાન કરવા બેઠાં. શંકર આવ્યા. ગણેશે રોક્યા. શિવે એનું માથું ઉડાવી દીધું. પછી પાર્વતી પાસેથી વાત જાણી ત્યારે જે પહેલું મળે તેનું માથું લાવવા આજ્ઞા કરી. એ રીતે હાથીનું મસ્તક આવતાં, એ બેસાડયું. ગણેશ ગજાનન થયા.

'બ્રહ્મવૈવર્ત પુરાણ'માં આ કથા જરા જુદી રીતે છે. લગ્ન પછી પુત્રેષણા ન સંતોષાતાં એ માટે શિવના સૂચનથી પાર્વતીએ એક વર્ષનું વ્રત આદર્યું. વ્રતને અંતે અધીરાં બની કલ્પાંત કરવા લાગ્યાં. ત્યારે અદૃષ્ટ અવાજ સંભળાયો : 'ઘેર જા; ગોલોકના સ્વામી પોતે તારે ત્યાં અવતર્યા છે.' ઘેર આવ્યાં, તો પારણામાં બાળક ઝૂલે!

દેવો દર્શને આવ્યા. એમાં શનિમહારાજ પણ હતા. એમણે તો આંખો ઢાળેલી જ રાખી! પાર્વતીએ કારણ પૂછ્યું. શનિ કહે : 'પત્નીનો શાપ છે.' 'શો?' 'તું જેને જોઈશ એ જલી જશે.' 'શાપ કેમ આપ્યો?' 'વિષ્ણુમાં એકધ્યાન બનેલા મારાથી પત્નીનું ધ્યાન નહોતું રખાયું.' પાર્વતીએ આગ્રહથી આ બાળકનાં દર્શન કરવા એને સમજાવ્યો. શનિએ ધર્મને સાક્ષી રાખી પુત્રના મુખ સામું જોયું, કે તરત જ મસ્તક ઊડી પડયું! પાર્વતી ને અન્ય દેવો વિલાપ કરવા લાગ્યાં. વિષ્ણુ ગરુડે ચડીને ઊપડયા. પુષ્પભદ્રા નદીને તીરે એક હાથીને ઊંઘતો જોયો. એનું મસ્તક છેદીને લઈ આવ્યા. ગણેશના ધડ પર ચોંટાડી દીધું. પાર્વતીએ શનિને શાપ આપ્યો. એ લંગડો થયો.

'વરાહ પુરાણ'માં વળી ગજાનનની ઉત્પત્તિકથા જુદી છે. દેવો ને ઋષિઓએ અશુભ કાર્યોને અટકાવવા સમર્થ એવા કોઈક દેવને પ્રગટાવવા શિવને પ્રાર્થના કરી. શિવ પાર્વતી સામે જોઈ હસ્યા. એ પ્રસન્નતામાંથી એક પ્રફુલ્લ, તેજસ્વી યુવાન પ્રગટયો. જાણે બીજો શિવ! એના અપ્રતિમ સૌન્દર્યથી ખુદ ઉમા પણ મોહ પામ્યાં. પછી મોહમાંથી જાગ્યાં, એટલે એને શાપ આપ્યો : 'તું વક્રોદર ને હાથી જેવી સૂંઢવાળો થા.' શિવે તરત એ શાપ વાળ્યો : 'તું ગણેશ કહેવાઈશ. વિનાયકો ને ગણોનો અધિપતિ લેખાઈશ. બુદ્ધિ, રિદ્ધિ ને સિદ્ધિનો તું દાતા બનીશ. તું પ્રથમ પૂજાઈશ.'

'સ્કન્દપુરાણ' કહે છે કે દ્વાપર અને કળિયુગના સન્ધિકાળે સોમેશ્વર પૂજાવા લાગ્યા. જે એમનાં દર્શન કરે તે સ્વર્ગે જાય. સ્વર્ગમાં ભીડ જામી. નર્ક ખાલી રહ્યાં. કાળદેવની વ્યવસ્થા તૂટી. ચિત્રગુપ્ત ને યમરાજના ચોપડા ને હિસાબોની કોઈ કિંમત ન રહી. ત્યારે દેવોએ શિવને આ દુર્વ્યવસ્થા અટકાવવા કહ્યું. શિવ કહે : 'મેં તો સોમને વચન આપ્યું છે કે જે એનાં દર્શન કરે તે સ્વર્ગે જાય. હવે મારાથી શું થાય? તમે પાર્વતીને પ્રસન્ન કરો. એ કાંઇક માર્ગ કાઢશે.' દેવોએ પાર્વતીને આરાધ્યાં. પાર્વતી પ્રસન્ન થયાં. વાત જાણી. શરીર પર હાથ ઘસ્યો કે એક ચતુર્ભુજ, ગજાનન દેવ પ્રગટયા. એને દર્શાવીને પાર્વતી કહે : 'આ જ હવે સૌનાં વિઘ્ન હરીને મનને પણ હરશે, જેથી સોમદર્શને થતી સ્વર્ગપ્રાપ્તિ બંધ થશે.' આ રીતે વિનાયક વિઘ્નકર્તા પણ હતા; પછી કેવળ વિઘ્નહર્તા બન્યા.

આ બધી જન્મકથાઓ સૂચવે છે કે વિનાયક અયોનિજ હતા. એમની ભાતભાતની પ્રતિમાઓ મળે છે. મધ્ય પ્રદેશમાંના ભેડાઘાટના ચોસઠ જોગણીના મંદિરમાં એ સ્ત્રીરૂપે આલેખાયા છે–'ગણેશા' કે 'ગણેશાણી' રૂપે! આવું અપવાદ રૂપે જ જોવા મળે છે. (જુઓ આ લેખને મથાળે)

મ્યૂનિચના મ્યૂઝિયમમાં સિંહવાહનવાળા ગજાનનની મૂર્તિ છે. એ 'હેરમ્બ' સ્વરૂપ નેપાલમાં પ્રચલિત છે. એ મૂર્તિને પાંચ મસ્તકો ને દસ હાથ છે, ખોળામાં શક્તિ છે. મ્યૂનિચની મૂર્તિમાં એક પગ તળે સિંહ, ને બીજા તળે ઉંદર છે. ક્યારેક બે હાથ, ક્યારેક ચાર, છ, આઠ—એમ વિવિધતા મળે છે. ભેડાઘાટના ચોસઠ જોગણીના મંદિરમાં એક ગણેશમૂર્તિને માથે પંચમુખી નાગની ફેણ છે. નેપાળમાં ત્રિશૂળધારી, તો જાવામાં ખોપરીની કપાલમાલાનાં આભૂષણોવાળી મૂર્તિઓ છે. નૃત્ય કરતા નટરાજની યાદ આપે તેવી ગણેશની મૂર્તિઓ પણ પ્રચલિત છે. (જુઓ 'કલાવાર્તા')

ગજાનન-ગણપતિનું રૂપ અનેક અર્થઘટનો સુઝાડે એવું ધ્વન્યાત્મક છે. ગણોના એ પતિ ભારે છતાં હલકા—ઉંદરને યે મહત્ત્વ આપે એવા છે. ભારે શરીર છતાં એ બાળક જેવા નિર્દોષ, નિર્દંશ છે, શિવત્વના સાચા વારસદાર. સ્થૂલકાય છે છતાં તીવ્રમતિ છે. એમને મિષ્ટ બધું જ પ્રિય છે. સૌની વાત સાંભળે એવા મોટા કાનવાળા એ છે. એમની આંખ ઝીણી છે—સૂક્ષ્મ નિરીક્ષણ કરી શકે તેવી. ષડ્યન્ત્રકારીઓની ગંધ પારખી શકે એવી તીવ્ર ને પ્રલંબ એમની ઘ્રાણેન્દ્રિય છે. 'ભલા-બૂરા સબ કા સુન લીજૈ'ની વૃત્તિથી બધું યે આત્મસાત કરી શકે, સંઘરી શકે, એવું વિશાળ પેટ છે. નાના ઉંદર જેવા પાસેથી પણ કામ લઈ શકવા એ સમર્થ છે. એમનું મસ્તક જ્ઞાનથી વિશાળ છે. એ કાનના કાચા નથી. એમની જિહ્વા વિલક્ષણ છે. દન્તમૂળથી શરૂ થઈને તે કંઠમૂળ તરફ જાય છે. એ અંતર્મુખી છે. એ શાસકને ચાવવાના ને બતાવવાના દાંત જુદાજુદા છે. એ સાવધાન છે. એમનું પ્રત્યેક અંગ બળવાળું છે. મસ્તક સિવાયનાં એમનાં અંગો માનવનાં છે. એ સાચા જનગણના અધિનાયક છે, લોકદેવતા છે. એમને રક્ત વર્ણ પ્રિય છે, એ પ્રેમાળ છે. જેણે ઊજળું આભલું ઓઢયું છે, ચન્દ્ર જેવો જે ચતુર્ભુજનો વર્ણ છે, એ પ્રસન્નવદનને તો વિઘ્ન વિનાની ચિત્તશાંતિ માટે યાદ કરવો ઘટે.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૦ - ખીલ

યૌવનારંભમાં સૌંદર્યની સમજ આવે તે અરસામાં જ ચહેરાને બગાડતા ખીલની ચિંતાનો અનુભવ તો સર્વવિદિત છે.

ચહેરા પર નાનીનાની ગૂમડાં જેવી ફોલ્લીઓ થઈ, પાકી ને અંદરથી કણ નીકળે છે ને તે પછી તેનું એક કાયમી નિશાન રહી જાય છે. પેટની ગરમીનો આ રોગ છે. પરંતુ તેના ઉપાય પણ છે :

૧) રોજ હરડે, ત્રિફલા કે સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ લઈને પેટ સાફ રાખવું. ૨) શીમળાના થડ ઉપર ખીલ જેવા જ ગઠ્ઠાદાર કાંટા થાય છે. તેને છીપર ઉપર ઘસીને ખીલ પર લગાડવું. ૩) દશાંગ લેપને ગુલાબજળમાં પીસીને ચહેરા ઉપર લગાવવો. ૪) મહામંજિષ્ઠાદિ ક્વાથ, કૈશોર-ગુગળ વગેરે ખાઈ રક્તશુદ્ધિ કરવી. ૫) જમીને હાથ ધોઈ લીધા પછી તેને લૂછી ન નાખતાં મોં ઉપર લગાવવા. ૬) કોથમીરનો રસ ચહેરા ઉપર ચોળવો. ૭) જાયફળને દૂધમાં ઘસીને ખીલ ઉપર લગાવવું. ૮) કેરીની ગોટલીને ઘસીને ચહેરે લગાવવી. ૯) પોતાનું સવારનું થૂંક લગાવવાથી પણ લાભ થાય છે. ૧૦) ભારે, મધુર, તીખોતમતમતો ખોરાક બંધ કરવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

આ અંકના પૂઠા પરની ગણપતિની પ્રતિમા સંભવતઃ તંત્રમાર્ગાનુસાર અંકિત થએલી છે. ચક્ર, ત્રિશૂલ, ગદા, પાશ, ભગ્નદંત, મૂલક વગેરે ધારણ કરેલી આ દશભુજ પ્રતિમામાં ગણેશના વામપાદ પર બેઠેલી સ્ત્રી તંત્રમાર્ગમાં વર્ણવેલી તીવ્રા, જ્વાલિની, નંદા, ભોગદા વગેરેમાંની એક શક્તિની છે. કપાળમાં તિલકને સ્થાને ભાલનેત્રનું અંકન પણ તંત્રમાર્ગીય લક્ષણ છે. ભારતીય દેવપ્રતિમાઓનાં અનેકાનેક સ્વરૂપો સાથે સંકળાએલાં અર્થઘટનોનું પૂર્ણ જ્ઞાન અને એ બધાં લક્ષણોને સાચવીને તેની કલામય રજૂઆત કરવા જેટલી કલ્પનાસમૃદ્ધિ વિના લંબોદર ગજાનનના આવા બહુભુજ સ્થૂળદેહનું પણ સુંદર સમતોલ શિલ્પાંકન કઈ રીતે સંભવી શકે? ભારતીય કલાકારોની ત્યાં જ ખરી સિદ્ધિ છે.

કલાવાર્તા

ભારતીય ધાતુપ્રતિમા

વિવિધ ધાતુઓનું મૂર્તિવિધાન કદાચ ભારતના મંદિર-સ્થાપત્ય જેટલું જ પ્રાચીન છે. દક્ષિણ ભારતનાં સેંકડો મંદિરોમાં જોવા મળતી દેવદેવીઓની ધાતુપ્રતિમાઓ વંશપરંપરાગત ઊતરી આવેલા ત્યાંના બાહોશ કારીગરોના કલાકૌશલની સાક્ષી પૂરે છે. મહિસુર રાજ્ય આ ક્ષેત્રે ઘણું વિખ્યાત છે. દેશનાં મંદિરો ને સંગ્રહસ્થાનો ઉપરાંત વિદેશના અનેક ખાનગી અને જાહેર સંગ્રહોમાં ત્યાં બનેલી મૂર્તિઓનું અજબ આકર્ષણ રહ્યું છે, અને એની સતત વધતી જતી માગને પહોંચી વળવા, તથા આ કલાને ટકાવી રાખી એની શુદ્ધ પરંપરાને જારી રાખવા અખિલ ભારત હસ્તકલા બોર્ડે ઘણો શ્રમ લીધો છે. પરિણામે જે કેટલીક કલાકારીગરીની ચીજોની નિકાસમાંથી ભારતને કરોડો રૂપિયાનું હૂંડિયામણ મળે છે તેમાં હીરા, માણેક અને ઊનના ગાલીચા પછી ધાતુની ચીજો તથા પ્રતિમાઓનો ક્રમ આવે છે. અમેરિકા, પશ્ચિમ જર્મની, સ્કૅન્ડિનેવિયન દેશો તથા ઑસ્ટ્રેલિયામાં આજે એની ઘણી મોટી માગ છે.

ધાતુના મૂર્તિવિધાનની આ કલાપરંપરાને જીવતી રાખવા યુવાન કારીગરોને તાલીમ આપવા તથા તેના ઉત્પાદનનાં સાધનો ને ટેક્નિક સુધારવા અંગે નવાં સંશોધનો કરવાની દિશામાં હસ્તકલા બોર્ડની બૅંગ્લોરમાં સ્થપાએલા પ્રાદેશિક ડિઝાઈન સેન્ટરનો ઘણો સારો ફાળો છે. પરિણામે સંગ્રહાલયોમાં જાળવી રખાએલી અનેક સુંદર અને દુર્લભ પ્રતિમાઓની પ્રતિકૃતિઓ તથા એ જ શૈલીમાં નવાં કલાસર્જનો થવા લાગવાથી મૂર્તિવિધાનના અભ્યાસ તથા એ કલાના પ્રસારને ઘણું ઉત્તેજન મળી એ પ્રતિ સારી એવી જાગૃતિ આવેલી આજે જોવા મળે છે.

ભારતના અતિવિખ્યાત મૂર્તિવિધાયકોમાં મહિસુરના શિલ્પી ચિન્નાચાર્યની પણ ગણના થાય છે. સંખ્યાબંધ યુવાન કસબીઓને તાલીમ આપી દેશના એક પરંપરાગત કૌશલને જીવંત રાખવામાં એમનો મોટો ફાળો છે. ધાતુમૂર્તિના સર્જનની રીત ઘણી લાંબી છે, જેમાં સૌ પ્રથમ જમણી બાજુ મથાળે દર્શાવ્યા પ્રમાણે મીણનો નમૂનો તૈયાર કરવો પડે છે.

કાંસું ઢાળીને મૂર્તિ તૈયાર કરવાના બીજા તબક્કામાં જમણી બાજુ બીજા ચિત્રમાં બતાવ્યા મુજબ મીણની પ્રતિમાની આસપાસ માટીનું એક આવરણ બનાવાય છે, જેને સૂકવીને પછી ભઠ્ઠીમાં ગરમ કરવાથી અંદરની પ્રતિમાનું મીણ ઓગળીને બહાર નીકળી જઈ તેનો સંચક (mould-તરાશ) તૈયાર થાય છે. આ પછી એ ખાલી તરાશમાં ધાતુનો રસ રેડવાથી મીણના નમૂના જેવી અદ્દલ મૂર્તિ ઢળાય છે.





નીચે ડાબી બાજુ : શિલ્પી ચિન્નાચાર્ય, એ રીતે તૈયાર કરેલી સરસ્વતીની એક કાંસ્યમૂર્તિને આખરી ઓપ આપી રહ્યા છે. જમણી બાજુ છેડે : આ રીતે તૈયાર કરેલી નૃત્યરત ગણેશની એક સુંદર કાંસ્યપ્રતિમા છે.

(ચિત્રો : 'અમેરિકન સંદેશ'–યુસિસના સૌજન્યથી : તેમાંના લખાણની તારવણી સાથે)





ડૉ. મધુસૂદન પારેખનું **અંગ્રેજી સાહિત્યનું આચમન** વિદ્યાર્થીપ્રિય લેખમાળા

વિભાગ બીજો

૧ જ્યૉફ્રે ચૉસર

અંગ્રેજી ભાષાને શૂન્યમાંથી શિખર સુધી લઈ જનાર, કૅન્ટરબરી કથાઓ જેવી અ-પૂર્વ કૃતિના સર્જક જ્યૉફ્રે ચૉસર (Geoffrey Chaucer)ના ચોક્કસ જન્મવર્ષ વિષે, તેના ગૃહસ્થજીવન વિષે કે તેની સમગ્ર કવિ-કારકિર્દી વિષે વિદ્વાનોને આધારભૂત માહિતી સાંપડી નથી. તેમણે એની જન્મસાલ ઈ. ૧૩૪૦ની આસપાસ હોવાનું સ્વીકાર્યું છે.

અંગ્રેજી ભાષામાં 'ચૉસર' શબ્દ કેટલાકને અવનવો લાગ્યો છે. સંશોધકોએ એ શબ્દનું મૂળ શોધવાનો પણ પ્રયત્ન કર્યો છે: આર. ઈ. જી. કર્ક (Kirk) નામના એક વિદ્વાનના અભિપ્રાયે ચૉસરનો મૂળ અર્થ 'મોચી' થાય છે. લૅટિન શબ્દ 'Calcearious'નું એ ફ્રેંચ રૂપ છે. ચૉસરો ફ્રાન્સમાંથી હેન્રી ૮માના શાસનકાળ દરમ્યાન ઇંગ્લૅન્ડમાં આવ્યા હોય તેવી સંભાવના તેણે કલ્પી છે. એ સમયે તેમણે પોતાનો મૂળ વ્યવસાય મેલીને દારૂના વેચાણનો ધંધો શરૂ કર્યો હોય એ બનવાજોગ છે. તેમ છતાં એટલું ચોક્કસ છે કે દારૂ વેચનારા કેટલાક ચૉસરો—જ્યૉફ્રેના નજીકના પૂર્વજો પણ—ઇંગ્લૅન્ડમાં કોર્ડવેનર સ્ટ્રીટમાં—મોચીવાડમાં વસ્યા હતા.

લંડનના એક દારૂવાળા જ્હૉન ચૉસરનો પુત્ર જ્યૉફ્રે. એની માતા એગ્નીસ (Agnes). કિશોરાવસ્થામાં જ જ્યૉફ્રેને રાજા એડવર્ડ ત્રીજાના રાજકુમારના અંગત સેવક તરીકે નોકરી મળી ગઈ. એ નોકરી એને રૂડી રીતે ફળી. એણે પોતાની કારકિર્દીમાં એડવર્ડ ત્રીજો, રિચર્ડ બીજો અને હેન્રી ચોથો એ ત્રણ રાજાઓના રાજ્યઅમલ નિહાળ્યા—અનુભવ્યા. ચૉસર એ સર્વ રાજાઓનો વિશ્વાસુ ને પ્રીતિપાત્ર બની શક્યો હતો. યુવાન વયે તેને રાજાના સૈન્ય સાથે ફ્રાન્સમાં યુદ્ધ માટે જવું પડ્યું હતું. ત્યાં એ કેદ પકડાએલો, પરંતુ રાજાએ ૧૬ પૌંડ જેટલું વળતર ચૂકવી એને મુક્ત કરાવેલો. પચીસી પૂરી થતાં સુધીમાં તેણે રાણીની તહેનાતમાં રહેતી ફિલિપા સાથે લગ્ન કર્યું. રાજકર્તાઓનો તેના પર પૂરો વિશ્વાસ હોવાથી પરદેશમાં વ્યાપારી કરાર કે મહત્ત્વની રાજકીય મંત્રણા માટે, અથવા અંગત કામકાજ માટે પણ, ચૉસર પર તેમની પસંદગી ઊતરતી. રિચર્ડ બીજા સાથે ફ્રાન્સના રાજાની કુંવરીના લગ્ન અંગે મંત્રણા કરવા માટે પણ ચૉસરને જ મોકલવામાં આવ્યો હતો. દરેક રાજકર્તા તરફથી તેને કૃપાના ચિહ્ન રૂપે સાલિયાણું, ભેટ સોગાદ વગેરે મળતાં રહેતાં.

ચૉસરે ફ્રાન્સનો અનેકવાર પ્રવાસ કરેલો હોવાથી ફ્રેંચ ભાષા તેને અંગ્રેજીની જેમ જ સુપરિચિત થઈ ગઈ હતી અને ફ્રેંચ સાહિત્ય સાથે પણ તેનો સારો એવો સંપર્ક થયો હતો, જેને પરિણામે ફ્રેંચ સાહિત્યનો પ્રબળ પ્રભાવ તેના સળવળતા સર્જક ચિત્ત પર પડ્યો. તેની અનેક કૃતિઓ ઉપર ફ્રેંચ કાવ્યપદ્ધતિની અને ફ્રેંચ સાહિત્યપ્રણાલીની સીધી અસર વરતાય છે. ફ્રેંચ કૃતિઓના અનુવાદ પણ તેણે અંગ્રેજીમાં આપ્યા છે.

ઈટાલીના પ્રવાસે તેને પેટ્રાર્ક, બોકૅશિયો અને દાન્તે જેવા સમર્થ સર્જકોની કૃતિઓના સંપર્કમાં મૂકી આપ્યો. ફ્લૉરેન્સ નગરીની સાહિત્યસમૃદ્ધિ તેને સ્પર્શી ગઈ અને જેમ ફ્રેંચ કવિતાનો તેમ ફ્લૉરેન્સની સાહિત્યકલાનો પણ તેની સર્જકતાને પાશ લાગ્યો. જીનોઆમાં તે વ્યાપારી કરાર માટે ગયો ત્યારે પાડુઆ (Padua)માં કવિ પેટ્રાર્કને તે મળ્યો હોય એવું અનુમાન કેટલાક વિદ્વાનોએ Clerk's Taleમાં આવતા એ કવિના નિર્દેશ ઉપરથી કર્યું છે:

I wol you telle a tale which that I learned at Padowe
Fraunceys Petrak, the lauriat poete...

ચૉસરની સર્જકતા એના તરુણકાળથી જ સળવળવા લાગેલી. રાજાના એક અદના દરબારી—અધિકારી—તરીકે તેનો સારો એવો સમય જાહેર પ્રવૃત્તિમાં જ વીતતો હોવા છતાં એને જરાક નવરાશ મળે કે તરત તે વાચનમાં પરોવાઈ જતો. એનું વાચન વિશાળ હતું ને અવલોકન ઊંડું હતું. એના વેદિયાપણાનો નિર્દેશ એના 'The House of Fame'માં ગરુડ મુખે થયો છે. ગરુડ એને કહે છે: 'કામકાજમાંથી પરવાર્યો કે પરભારો ઘેર પહોંચીને તું પુસ્તકમાં ખૂંપી જાય છે. તારી દૃષ્ટિ એમાં મુગ્ધપણે ખોવાઈ જાય છે.' પછી પરદેશના પ્રવાસે અને પરદેશી સાહિત્યના વાચને એની દૃષ્ટિ ઘણી વિકસાવી. રાષ્ટ્રીય સભાનતા એનામાં હતી; પ્રવાસ અને વાચનથી તેનામાં યુરોપીય સભાનતા જાગ્રત થઈ. ઈ. ૧૩૭૪ની સાલમાં તેને લંડનના બારામાં ઊન, દારૂ વગેરેની જકાત માટેના અધિકારી તરીકે નીમવામાં આવ્યો. આ સ્થાન તેને દેશના વિવિધ વર્ગોનાં માનવી સાથેના ગાઢ સંપર્કનું એક સાધન બની રહ્યું. કૅન્ટરબરી કથાઓમાં વિવિધ કક્ષાનાં પાત્રો ચીતરવામાં તેને આ અનુભવ ખૂપ ખપ લાગ્યો.

એકાદ દસકા પછી આ સ્થાન છોડીને કેન્ટ પરગણાના પ્રતિનિધિ તરીકે તે પાર્લમેન્ટમાં બિરાજ્યો અને છ દસકા જેટલી જિંદગીમાં એણે રાજસેવક, રાજપુરુષ, જકાતખાતાનો અધિકારી, એમ ઘણા વેશ ભજવ્યા. પણ આ બધા વ્યવસાયમાં ગૂંથાએલા હોવા છતાં એનું વ્યસન તો વાચનનું. એના જમાનાનાં ઘણાં બધાં શાસ્ત્ર-વિજ્ઞાનથી એ સુપરિચિત હતો. વ્યક્તિ તરીકે એની વિશેષતા એ કે એણે સારી પેઠે દુનિયા જોઈ, લોકોના રંગઢંગ જોયા, સારામાઠા અનુભવો લીધા, પણ ક્યારે ય જિંદગીમાં ક્લેશ કે કંટાળો પ્રગટ કર્યો નથી. જીવન વિષેની તેની દૃષ્ટિ ઉદાર ને હળવી હતી. માણસ પ્રકૃતિને અનુસરે છે એમ તેણે સ્વીકારી લીધું હતું. 'જીવન જીવવા માટે છે' એ જ તેની વૃત્તિ રહેલી. જીવનમાંથી, જગતમાંથી, જ્યાંથી મળ્યો ત્યાંથી તેણે આનંદ લૂંટ્યો. એની હળવી, પ્રસન્ન જીવનદૃષ્ટિને કારણે જ તે જિંદગીના વિવિધ રંગોનો આસ્વાદ ફિલસૂફની જેમ માણી શક્યો.

ચૉસરના સમયનું ઇંગ્લૅન્ડ

ચૉસર જન્મ્યો તે યુગ અજંપાનો હતો. એડવર્ડ ત્રીજાના રાજ્યારોહણ સમયથી ફ્રાન્સ સાથે સો વર્ષના વિગ્રહનો આરંભ થઈ ચૂક્યો હતો. પ્રજામાં અસ્વસ્થતા—અશાંતિ વ્યાપક હતી. ધર્મગુરુઓમાંથી લોકશ્રદ્ધા ઓસરવા માંડી હતી. સત્તા અને સંપત્તિના કેફમાં એ વર્ગ પ્રમાદી, વિલાસી અને દૃષ્ટિહીન બની ગયો હતો. ત્યાં ઈ. ૧૩૪૮માં બ્લૅક ડેથ તરીકે જાણીતો થએલો પ્લેગ ફાટી નીકળ્યો. ગામડાંની વસતિમાં હાહાકાર વર્તી ગયો. ઘણા લોકો એના ખપ્પરમાં હોમાઈ ગયા. શ્રીમંત જમીનદારોને ખેતમજૂરોની તંગી પડવા માંડી. ખેતમજૂરોએ મજૂરીના વધારે ભાવ માગવા માંડ્યા. સરકારે તેમની માગણીઓ કચડી નાખવાનો પ્રયત્ન કર્યો. અસંતુષ્ટ અને રોષે ભરાએલા કિસાનોએ લંડનમાં રાજાની સામે મોરચો માંડ્યો. એ સમયે રાજા રિચર્ડે તેમનાં દુઃખ હળવાં કરવાનું વચન આપ્યું ને ખેડૂતો વિખરાઈ ગયા; પણ રાજાએ વચનભંગ કર્યો. કિસાનોનું આંદોલન કચડાઈ ગયું, પરંતુ એ વર્ગમાં નવજાગ્રતિ આવી.

ચૉસરના સમકાલીન કવિ લૅન્ગલૅન્ડે (Langland) એ સમયનાં આ બધાં અનિષ્ટો સામે પોતાની કૃતિઓમાં ઉગ્ર પ્રકોપ ઠાલવ્યો છે. પણ ચૉસર આ બધી કટોકટીભરી ઘટનાઓ વચ્ચે જીવ્યો છતાં જાણે કે એને આનો કશો સ્પર્શ જ નથી! જવલ્લે જ કોઈ ઘટનાનો તેની કૃતિમાં પડઘો પડ્યો છે.



ચૉસરની કૃતિઓ: ABC થી આરંભ

સમયની દષ્ટિએ ચૉસરની કૃતિઓને વિદ્વાનોએ ત્રણ વિભાગમાં વહેંચી છે: ૧) ફ્રેંચ સાહિત્યના પ્રભાવ હેઠળની કૃતિઓ; ૨) ઇટાલિયન પ્રભાવ; અને ૩) મૌલિકતા દાખવતી કૃતિઓ. એની જળવાઈ રહેલી કૃતિઓમાં જૂનામાં જૂની એક અનૂદિત કવિતા–પ્રાર્થના, કુમારી મેરીને ઉદ્દેશીને રચાએલી છે. આ રચના તેણે લૅન્કેસ્ટરના ઉમરાવ જ્હૉન ઑવ ગૉન્ટ (John of Gaunt)ની પત્ની બ્લાંશે માટે કરી હતી. એ પ્રાર્થનાની કડીઓના ક્રમબદ્ધ આદ્યાક્ષરો ઉપરથી તે 'An ABC' તરીકે જાણીતી થઈ છે. ચૉસરે પોતાની વીસી દરમ્યાન આ અનુવાદ કરેલો. એમાં 'લૅટિન શબ્દોનો વ્યાપક ઉપયોગ' હોવાની એક જ વાત વિવેચકોને નોંધપાત્ર લાગી છે. લૅટિન શબ્દોનો આ પરિચય ફ્રેંચ દ્વારા ચૉસરે કેળવેલો. એના જમાનામાં અંગ્રેજીની તુલનાએ ફ્રેંચ ને ઈટાલિયન સાહિત્ય ઘણું સમૃદ્ધ હતું, ને મધ્યકાલીન ફ્રેંચ સાહિત્ય તો શિખરે પહોંચ્યું હતું. અને ચૉસરને મન ફ્રેંચ ભાષા તો અંગ્રેજી જેવી જ સુપરિચિત હતી.

ચૉસરની બીજી કૃતિ Roman de la Rose (Romance of the Rose) ફ્રેંચમાંથી ભાષાંતર છે. કોઈ સ્વપ્નથી કૃતિ આરંભાય એવું એક વલણ તે કાળે ફ્રેંચ કવિતામાં હતું. ચૉસરના આ અનૂદિત 'રોઝ રોમાન્સ'માં કાવ્યનાયક પાપ વિનાની, સંતાપમુક્ત એવી સ્વપ્નસૃષ્ટિમાં વિહરે છે. એમાં નાયક એક ઉદ્યાનમાં પ્રવેશે છે. એ ઉદ્યાનનો સ્વામી, આનંદ (Mirthe) છે. નાયક વિહરે છે ત્યાં પ્રમાદિતા (Idlenesse), સુંદરતા (Beaute), લક્ષ્મી (Richnesse) વગેરે મૂર્તરૂપે તેની સમક્ષ આવે છે. એ બધાંના વક્તવ્યમાંથી કુલીન પ્રેમ (Courtly Love)નો બોધ પ્રગટે છે. વિદ્વાનો આ સમગ્ર કૃતિમાંથી માત્ર પહેલો ખંડ જ ચૉસરનો હોવાનું માને છે.

ધ બુક ઑવ ધ ડચેસ: પહેલી મૌલિક કૃતિ

જ્હૉન ઑવ ગૉન્ટની પત્ની બ્લાન્શેના મૃત્યુ પ્રસંગે, બ્લાન્શેનું ગુણકીર્તન કરવા અને ડ્યૂકને આશ્વાસન આપવા ચૉસરે ધ બુક ઑવ ધ ડચેસ (The Book of the Duchess)ની રચના કરેલી. આ કરુણપ્રશસ્તિમાં યે એ ફ્રેંચ કવિતાની સ્વપ્ન–રૂપક પ્રણાલીને અનુસર્યો છે. અનિદ્રાના રોગથી પીડાતો કાવ્યનાયક–કવિ, ઓવિડ (Ovid) કૃત 'મેટામૉર્ફૉસિસ' (Metamorphoses)માં એક યુગલના પ્રેમની અને મૃત્યુએ તેમની વચ્ચે કરાવેલા વિયોગની કથા વાંચતો સ્વપ્નમાં સરી પડે છે. કૃતિના મુખ્ય કથાવસ્તુની પૂર્વભૂમિકા રૂપે નાયકે—કવિએ સ્વપ્ન વિગતે વર્ણવ્યું છે. સ્વપ્નમાં તે કાળા પોશાકમાં સજ્જ એક સરદારને જુએ છે. એ સેનાપતિ પોતાની મૃત પ્રિયતમાના સૌંદર્યનું, સદ્ગુણનું સ્મરણ કરી તીવ્ર શોકોદ્ગાર વ્યક્ત કરે છે: 'એ સુંદરી મને મળી. તેનું નામ શ્વેતા (White). રૂપ તો એનું જ. અને એના સદ્ગુણો! હું એના પ્રેમમાં લુબ્ધ બની ગયો. મેં અનેકાનેક વિનંતી કરી. પ્રાર્થના કરી, અને તેણે કૃપા કરી; મારો પ્રેમ સ્વીકાર્યો... સુખચેનમાં અમે વર્ષો વિતાવ્યાં. પરંતુ...તે ગઈ, ચાલી ગઈ!' કૃતિનું આકર્ષણ સુંદરીનાં રૂપગુણના વર્ણનમાં નથી, પરંતુ કાવ્યના દોર રૂપે માનસશાસ્ત્રીય જિજ્ઞાસાનો જે પ્રવાહ છે તે વિવેચકોને આસ્વાદ્ય લાગ્યો છે. સરદારના આ શોકોદ્ગાર કવિ–કાવ્યનાયકને મૂંઝવે છે. એને આવી ઊર્મિની તીવ્રતા સમજાતી જ નથી. અને એમના સંવાદમાંથી મઝાની નાટયાત્મકતા સર્જાય છે. ચૉસર પોતે આમ અનેકવાર એક બાઘા, વહેવારશૂન્ય (of little wit) કાવ્યનાયક તરીકે રજૂ થાય છે. કાવ્યમાં રસ જમાવવા માટે તેની આ વિશિષ્ટ તરકીબ છે.

સરદાર પત્ની અંગે વિલાપ કરે છે: '...એ ગઈ, ચાલી ગઈ!'

દિગ્મૂઢ જેવો કવિ મૂર્ખાઈભર્યો પ્રશ્ન કરે છે: 'હેં! ક્યાં જતી રહી?'

સરદાર આ પ્રશ્નથી ફરી શોકાતુર બની ઊર્મિના ઊભરા વ્યક્ત કરે છે. તો યે આ બીચારા શ્રોતાના મનમાં ગડ બેસતી નથી. એ ચકિત થઈ પૂછે છે: 'અરે મારા સાહેબ! એમ તે હોય?'

'હા ભાઈ હા...સાચે જ તે મૃત્યુ પામી છે.' 'ના...ના.'

'અરે, મારા ગળાના સમ.'

કીર્તિમંદિર (The House of Fame)

ચૉસરની બીજી એક પંકાએલી કૃતિ 'કીર્તિમંદિર' (The House of Fame)માં પણ તે સ્વપ્ન-રૂપક જાળવી રાખે છે. હવે આ કૃતિથી તેના ચિત્ત પર ઈટાલીના સર્જકોનો પ્રભાવ વધતો જતો વિદ્વાનોએ નિહાળ્યો છે. ઈટાલીના પ્રવાસ દરમ્યાન ચૉસરને કવિ દાન્તેની 'ડિવાઈન કૉમેડી'નો પરિચય થએલો. કદાચ એની હસ્તપ્રત પણ તે ત્યાંથી પોતાની સાથે ઇંગ્લૅન્ડમાં લાવેલો. આ કૃતિના બીજા ખંડથી એ ડિવાઈન કૉમેડીની સ્પષ્ટ અસર અભ્યાસીઓએ નીરખી છે.

સ્વપ્નમાં સરેલો કાવ્યનાયક (વાસ્તવમાં કવિ પોતે જ) પ્રણયની દેવી વીનસ (Venus)-રતિનું મંદિર નિહાળે છે. એની દીવાલ પર ઈનીડ (Aeneid)ની કથા–પ્રેમકથા ઝળહળે છે. આ જોઈ કવિને બેવફા પ્રેમીઓનું સ્મરણ થઈ આવે છે; તેમની તે યાદી વર્ણવે છે. 'Tho Saugh I'(Then saw I)–'પછી મેં જોયું તો'–એવું ધ્રુવપદ રચતો કવિ એક પછી એક ચિત્રો જોતો હોય તેમ 'ઈનીડ'માં આવતી ઘટનાઓ વર્ણવતો જાય છે.

મંદિરની બહાર એ આવે છે ત્યાં આકાશમાં તેજસ્વી ગરુડ પર તેની દૃષ્ટિ પડે છે, અને એ ગરુડ વીજ-ઝબકારની જેમ કવિને પોતાના પંજામાં ઝડપીને ઊંચે ઊડી જાય છે. બીજા ખંડમાં આવતો ગરુડ અને કવિની અવકાશયાત્રાનો પ્રસંગ અંગ્રેજી સાહિત્યનું એક રસિક પ્રકરણ છે એમ વિવેચકોનો અભિપ્રાય છે. એમના મતે દાન્તેની 'ડિવાઈન કૉમેડી'ના નવમા ખંડ–'પર્ગેટરિયો' (Purgatorio)માં દેખાય છે તે જ આ ગરુડ!

આ ઘટનાથી કાવ્યનો 'મૂડ' બદલાય છે. ગરુડનું પ્રયોજન આ ભોળા બીચારા કવિનો શિકાર કરવાનું નથી. પંજાની વચમાં પંખીના નાના બચોળિયાની જેમ ભયથી ફફડતા કવિને ગરુડ આત્મીયતાથી કહે છે: 'અરે ભલા માણસ જ્યૉફ્રે! મારે તને 'કીર્તિમંદિર'માં લઈ જવો છે. તું તો સાવ વેદિયો છે. તારા પડોશીઓના સ્વભાવની, માણસોના રાગદ્વેષ, પ્રેમ-અસૂયા જેવા વિકારોની તને સમજ છે ખરી?'

પણ પળે પળે મોત નિહાળતા કવિમાં હોશકોશ જ ક્યાં છે? છતાં ગરુડને તો પોતાનું સમસ્ત પાંડિત્ય આ પામર જીવ સમક્ષ ઠાલવવું છે. તે કહે છે: 'બોલ, તારા જેવા અલ્પાત્માને હું સારી ય સૃષ્ટિનાં શાસ્ત્રો સાવ સરળ રીતે સમજાવી દેવા તત્પર છું. બોલ, ખગોળશાસ્ત્ર શીખવું છે? આ બધાં નક્ષત્રો–તારાઓ વિષે જ્ઞાન પ્રાપ્ત કરવું છે?'

ગભરાએલો કવિ બીચારો બબડે છે: 'નજીકથી તારાદર્શન કરતાં તો

આંખો ય બળી જાય'. અને ગરુડને એ કરગરે છે : 'ના ભાઈ ના...મારે જ્ઞાન નથી જોઈતું.' 'અરે, પણ વાંધો શો છે?'

'ના ભાઈ...હું તો હવે બુઢ્ઢો થયો. ગૂઢ વિદ્યા હવે મને કોઠે ના ચડે.'

With that this egle gan[1] to crye
'Lat be' quod he, 'thy fantasye!
Wilt thou lere[2] of sterres[3] aught!'
'Nay, certeynly' quod y[4] 'ryght naught.'
'And why?' 'For y am now to old.'

ગરુડનો અદમ્ય ઉત્સાહ, એનું સતત વાયુપ્રવચન અને બીજી તરફ કવિના ગભરાટભર્યા એકાક્ષરી ઉત્તરો—એમાંથી મઝાનું હાસ્ય ઉદ્ભવે છે. કવિ બીચારો અવકાશની વાટે કરગરતો જ રહે છે : 'ભલા! હું ભવ્ય ઉદ્દયનોથી ટેવાએલો આત્મા નથી; એવી પાત્રતા મારી નથી. હું તો પૃથ્વીનો જીવ છું. નક્કર ધરતી પર મારા પગ ઠરવા દે. મારે પાંખ નહિ, પગ જોઈએ, પગ!'

પોતાના ભોગે હાસ્ય નિષ્પન્ન કરવાની કવિ ચૉસરની શક્તિનું આ જ્વલંત ઉદાહરણ છે. ફ્લૉરેન્ટાઈનના ગરુડ સાથેની લંડનના કવિની અવકાશયાત્રામાં વિવેચકોને ખૂબ રસ પડયો છે. કવિનું આત્મચિત્રણ સ્મરણીય બની રહે એવું છે. વિવેચક ડેવિડ ડેચીઝ કહે છે : 'ભાવિ નવલકથાનાં પાત્રચિત્રણ અને સંવાદકલાનાં બીજ અહીં પડેલાં છે.'

કૃતિના ત્રીજા ખંડમાં ગરુડના પંજામાંથી છૂટેલો કવિ એક હિમશિલા પર દેખાય છે, જેના પર વિખ્યાત કવિઓનાં નામ કોતરેલાં છે. કેટલાંક ઓગળી ગયાં છે, થોડાંક હજી જળવાઈ રહ્યાં છે. ત્યાંથી એ 'કીર્તિમંદિર'માં આવે છે. કીર્તિની દેવી ત્યાં વિરાજી રહી છે. તેની આજુબાજુ સ્તંભ છે અને વિશ્વના નામી કવિઓ ત્યાં ઊભા છે. કેટલા યે જીવો—સજ્જનો, દુર્જનો સહુ—આ દેવી પાસે કૃપા યાચવા આવ્યા છે. દેવીના રૂઆબભર્યા ઉદ્ગારો પણ રમૂજપ્રેરક છે. કીર્તિદેવી કોઇને દબડાવે છે, કોઇને લહાણી કરે છે. બધું જ મનસ્વીપણે ચાલ્યા કરે છે. કવિને આ સઘળું અગમ્ય લાગે છે. ત્યાં અચાનક એક અજાણ્યો માણસ કવિ પાસે આવીને તેને પૂછે છે : 'તારું નામ શું? તું યે કીર્તિ કમાવા આવ્યો છે?' કવિ એકદમ એ વાતનો ઈન્કાર કરે છે : 'હું તો કશાક નવીન સમાચાર જાણવા આવ્યો છું.' એટલે પેલો અજાણ્યો તેને કીર્તિમંદિરની બહાર આવેલા ગોષ્ઠીઘર (House of Rumour)માં લઈ જાય છે. કવિ વિસ્મયપૂર્વક આ નવી, પીંજરા ઘાટની, અનેક બાકોરાંવાળી ઈમારત નિહાળે છે. ત્યાં અચાનક એક શિલા પર બેઠેલા પેલા ગરુડની સાથે તેની દૃષ્ટિ મળે છે. ગરુડ તેને એક બારી પાસે લઈ જાય છે. ત્યાં જાતજાતના લોકોની બધી વાતચીત તેને કાને પડે છે. માણસો પોતાના પડોશી—પરિચિતો સાથે જે કંઈ વાતચીત કરે છે તેનો ધ્વનિ સર્વત્ર પ્રસરે છે અને આ તમામ વાર્તાલાપ બાકોરામાંથી કીર્તિદેવીના શ્રવણપટ પર અથડાય છે. એ વાતચીતો પરથી આ દેવી પેલા મનુષ્યોનું ભાવી નક્કી કરે છે!

એવામાં અચાનક કાંઈક મહત્ત્વના સમાચાર લાવ્યો હોય તેવી મુખમુદ્રાવાળા કોઈ આગંતુકને કવિ આવતો જુએ છે. કવિને તે અત્યંત અધિકૃત A man of gret auctorite (authority) લાગે છે. અને ત્યાં જ કાવ્ય પૂરું થઈ જાય છે. સાવ વિચિત્ર અંત! કાવ્યનું પ્રયોજન અગમ્ય જ રહી જાય છે. કેટલાક વિદ્વાનોએ એમાં દાન્તેની 'ડિવાઈન કૉમેડી'ની પ્રતિકૃતિ જોવાનું સૂચવ્યું છે. પરંતુ એ ગંભીર કૃતિની સાથે કોઈ રીતે આ હળવાશભરી વિચિત્ર કૃતિ સાંકળી શકાય નહિ એવો બીજા વિવેચકોનો દૃઢ અભિપ્રાય છે. (ચાલુ)

અનુસંધાન] **કૉપનહેગન છોડતાં પહેલાં** [પૃ. ૩૪૯થી

જુનિયર અધિકારી સામે. લિફ્ટમાં વડા અધિકારીની પાસે લઈ ગયો. હસ્તધૂનન કર્યું! કહે : બોલો ફરમાવો! શી સેવા કરું? મેં અહેવાલો, આંકડા, ફરફરિયાં, રીપોર્ટ, લેખો, બધું સાહિત્ય માગ્યું. માનશો સાહેબ? ફક્ત દસ જ મિનિટમાં તે તમામ ચીજો તેમણે મને આપી. કેટલાક લેખ અમેરિકન છાપાંઓમાં છપાએલા તેની એક જ નકલ. તે કહે : 'ખમો—આપણે તેની ફોટોસ્ટૅટ નકલો કઢાવીએ'. કહી મને ઉપલે મજલે લઈ ગયા. ત્રણ મિનિટમાં તો તમામ લેખની અદ્દલોઅદ્દલ છાપ હોય તેવી ફોટોસ્ટૅટ કોપીઓ આપી. આ બધું કુલ્લે દસ જ મિનિટમાં! હસમુખો, પૂછો તેના જવાબ આપે, કશો ક્ષોભ-સંકોચ નહિ. 'વડાને પૂછીશું; હાય હાય! છાપાંમાં છાપશો? બદનક્ષી કરશો?'—એવી કશી દહેશત જ નહિ!

અને તેની સરખામણીમાં ગયા મહિનાની જ વાત કરું છું. કહેતા નહિ કે અમને આપણું તેટલું અકારું લાગે છે, ને પરદેશી તે રૂડું! ગુજરાત રાજ્યની સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમીની નવી ચૂંટાએલી સમિતિ વિષે ચાલેલી હોહા-ધાંધલ વિષે અમને મુંબાઈથી ટાઈમ્સ-વીકલીએ એ ખાતામાં પૂછપરછ કરી માહિતી લાવી આપવા સોંપેલું. અમે સજ્જ થઈને ગયા, લાગતાવળગતા સેક્રેટરી સાહેબને મળ્યા. નસીબ સારાં તે મળી ગયા. પણ શું સમજો છો? સવારના અગિયારના ગએલા તે સાંજના પાંચ વાગ્યા; પણ માગેલી માહિતી મળે તો તો થઈ જ રહ્યું ને? પાછલાં વરસોના રીપોર્ટ ન મળે, હિસાબ ન મળે. અરે, છાપેલા જવા દો સાઈક્લોસ્ટાઈલ થએલા કે ટાઈપ કરેલા અહેવાલ તો આપો! તો 'સાહેબ શોધવા પડશે!' અમે કહ્યું કે 'અમને ખાસ્સી ફુરસદ છે. આ બેઠા!' પણ એમ કાંઈ આપણે ત્યાં ધાર્યાં ફળ ખોળે પડતાં નથી. અંતે ફાટયાતૂટયા, ચોંટાડેલા, આંખો ઝીણી કરી વાંચવા પડે તેવા, પીળા પડી ગએલા, અસંખ્ય ટાઈપભૂલોવાળા કેટલાક રીપોર્ટ મળ્યા. હવે તમે જ ન્યાય કરો! પરદેશનું તેટલું વહાલું લાગે તેમાં દોષ અમારો?

કૉપનહેગનની એ મિનિસ્ટ્રીના દાદર ઊતરી બારણાં લગી મૂકવા તેલા એ અફસરનું પ્રફુલ્લ વદન હજી ભુલાતું નથી. એવી 'એફીશિયન્સી' આપણાં દફતરોમાં ક્યારે આવશે! કદી ય આવશે ખરી? (ચાલુ)

[1]Began; [2]Learn; [3]Stars; [4]I.

શબ્દકથા : 'આહ્‌લાદ' · 'પ્રહ્‌લાદ' · 'હ્રદ'

'આહ્‌લાદ' તેમ જ 'પ્રહ્‌લાદ'નો અર્થ 'આનંદ' ખરો, પણ એ આનંદ એટલે જેમાં તાજગી, નવસ્ફૂર્તિ ને પ્રસન્નતાનો અનુભવ હોય છે તેવો આનંદ. અને મૂળ અર્થમાં—તેના ધાત્વર્થમાં તાજા થવાનો, નવી સ્ફૂર્તિ પામવાનો ભાવ જ મુખ્ય હતો. 'દાહ્ અદ્‌ભિઃ પ્રહ્‌લાદયસ્વ', એટલે કે 'બળતરાને પાણી વતી ઠાર'—એ વૈદિક પ્રયોગમાં મૂળનો 'તાજું કરવું', 'ફરી સ્ફૂર્તિમાન કરવું' એ અર્થ, વિશિષ્ટ સંદર્ભમાં, 'પાણી રેડીને ટાઢક વળે તેમ કરવું' એ રીતે સહેજ ફર્યો છે.

મૂળ ધાતુ 'હ્‌લાદ્' છે. તેનું જૂનું સ્વરૂપ 'હ્રાદ્' હતું. 'પ્રહ્‌લાદ' અને 'પ્રહ્રાદ' એમ બંને સ્વરૂપ મળે છે. સંસ્કૃતમાં 'હ્રદ' એટલે પાણીનો ધરો. એ શબ્દનો અને 'આહ્‌લાદ' તેમજ 'પ્રહ્‌લાદ'નો મૂળ ધાતુ એક જ છે. 'હ્રદ'નું સંસ્કૃતમાં જ વ્યત્યયથી 'દ્રહ' એવું ઉચ્ચારણ થવા લાગ્યું, અને તે ઉપરથી ગુજરાતી 'ધરો' શબ્દ થયો.

'આહ્‌લાદ' અને 'પ્રહ્‌લાદ' વચગાળામાં વપરાશમાંથી લગભગ લુપ્ત થઈ ગયા. 'પ્રહ્‌લાદ' પુરાણકથાઓમાં અને આખ્યાનોમાં ભક્તના નામ તરીકે જળવાયો—'પેહેલાદ', 'પેલાદ' જેવાં રૂપોમાં. પ્રહ્‌લાદનદેવ ઉપરથી જેને નામ મળ્યું છે તે પુર આજે આપણને 'પાલણપુર' તરીકે જાણીતું છે. 'આહ્‌લાદ' ઉપરાંત 'ઉલ્લાસ' પણ પ્રચલિત હતો અને તેના પ્રભાવે મધ્યકાલીન સાહિત્યમાં 'ઉલ્હાદ', 'ઉલ્લાદ' જેવાં રૂપ પ્રચલિત થયાં. સાથે 'હુલાસ' તો ખરું જ.

આજે પરંપરાગત 'આણંદ' ઉપરાંત 'આનંદ' પણ વપરાય છે. આનંદ કે ઉત્સાહની ઉત્કટ લાગણીનો ઉછાળો વ્યક્ત કરવા બીજા કેટલાક શબ્દો પણ મધ્યકાલીન ગુજરાતીમાં ચાલુ થઈ ગએલા. અને તેમના પૂરક ઉપયોગે પણ 'આહ્લાદ', 'ઉલ્હાસ' જેવાને વપરાશચ્યુત કરવામાં ફાળો આપ્યો હોય. 'ઉમંગ', 'ઊલટ', 'ઊમળકો', 'રળી' વગેરે એ જાતના શબ્દો છે. 'ઊલટ અંગ ન માય', 'મનની રળી', 'રળિયાયત થયાં', 'મનના ઉમંગમાં' વગેરે જેવા પ્રયોગોમાં સાધારણ ભાવવાચક 'આનંદ' કે 'આહ્‌લાદ' ને બદલે ઘણા સંદર્ભોમાં ચાલી શકતા, વિશિષ્ટ ભાવછાયાવાળા શબ્દોનાં ઉદાહરણ જોવા મળે છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

યૌવન-રહસ્ય : સિહોરના સંત શ્રી યુ. એન. દર્શનદાસનું ૧૪ પ્રકરણમાં વહેંચાએલું આ પુસ્તક માનવની શરીરસમૃદ્ધિ અને ચારિત્ર્યસંપત્તિને કેંદ્રમાં રાખી વર્તમાન યુગમાં નિરાશા ને કર્તવ્યમૂઢતા અનુભવી રહેલી યુવાન પેઢીને સાચું માર્ગદર્શન આપી રહે છે. ચારિત્ર્ય શું, એનું મહત્ત્વ શું, શરીરનું મહત્ત્વ શું, યોગ અને આરોગ્યનો સંબંધ, કામવૃત્તિ ને મનુષ્યજીવન આદિ મહત્ત્વના મુદ્દાઓની આ પ્રકરણોમાં નિખાલસ ચર્ચા કરવામાં આવી છે. ઠેરઠેર કર્તાની બહુશ્રુતતા વરતાયા વગર રહેતી નથી. જીવનમાં જેને ઉન્નતિ કરવી છે એવા પ્રત્યેક જિજ્ઞાસુએ આ પુસ્તક વાંચી જવા જેવું છે. આવશ્યકતાનુસાર આપવામાં આવેલી સચિત્ર સમજૂતી પણ આ પુસ્તકની મહત્તામાં વધારો કરે છે. (પ્ર૦ શ્રી દર્શન ગ્રંથમાળા, સિહોર, જિ. ભાવનગર, પાકું પૂઠું; પૃ. ૩૯૦; રૂ. ૧૫.)

નરસિંહ મહેતો : એકઅધ્યયન—મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઊંડા અભ્યાસી પ્રાધ્યાપક કે. કા. શાસ્ત્રીના નરસિંહ મહેતા વિષેના વર્ષો સુધીના અભ્યાસનો આ પરિપાક છે. ૧૫ નાનાંમોટાં પ્રકરણોમાં શાસ્ત્રીજીએ પ્રાગ્નરસિંહકાળ, રાધાકૃષ્ણની ભક્તિનાં મૂળ, નરસિંહ મહેતાનો સમય, નરસિંહ અને દક્ષિણી સંતો, નરસિંહની દેશીઓ, તેનું તત્ત્વજ્ઞાન અને ભક્તિદર્શન, તેના સમયની ભાષાભૂમિકા તથા તેની કવિપ્રતિભા વગેરે મુદ્દાઓની વિગતે અને વિશદતાથી ચર્ચા કરી છે. નરસિંહના સમયની, નરસિંહની દેશીઓની, એના તત્ત્વજ્ઞાનની, એની ભાષાભૂમિકાની તથા તેની કવિપ્રતિભાની ચર્ચામાં શાસ્ત્રીજીની ઝીણવટભરી સૂઝ અને શક્તિનો ક્યાસ મળી રહે છે. નરસિંહનું ચરિત્ર એમણે એમનાં જ કવનમાંથી ગૂંથી બતાવ્યું છે. ગુજરાતીના અભ્યાસીને નરસિંહ મહેતાની આજ સુધીની પ્રાપ્ય સામગ્રીના સંદર્ભમાં થએલા આ મૂલ્યવાન અભ્યાસગ્રંથથી અનેરો લાભ થશે જ. શાસ્ત્રીજીની સતત સંશોધન-અભ્યાસ-પ્રવૃત્તિના દ્યોતક આ ગ્રંથ પ્રાકટ્યથી એક જ સ્થળે નરસિંહ વિષયક સમગ્ર અને શ્રદ્ધેય અભ્યાસ-સામગ્રી સહુને મળી રહેશે. (પ્રકા. ભો. જે. વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ–૯; કાચું પૂઠું; પૃ. ૩૧૭; રૂ. ૫)

ગંગાવતરણ : સાંસારિક સંત પૂજ્ય શ્રી મોટાનું નામ હવે તો સર્વત્ર જાણીતું છે. મનુષ્યજીવનને ઊર્ધ્વગામી બનાવે અને તે દ્વારા સમાજની ઉન્નતિ થાય એવા કોઈ પણ કાર્યમાં પ્રેરણારૂપ ને પ્રવૃત્ત રહેતા શ્રી મોટાના જીવન ને કાર્યનો પરિચય આપતી આ પુસ્તિકામાં પ્રથમ ૧૬ પાનામાં અને ૫૭થી ૭૮ પૃષ્ઠોમાં એમના જીવનની ઝાંખી કરાવવામાં આવી છે. વચ્ચેનાં આઠ પ્રકરણોમાં શ્રી મોટાની પ્રવૃત્તિ, એમનું સેવાકાર્ય, એમનો ધર્મયજ્ઞ, એમની સંકલ્પસિદ્ધિ વગેરે પર પ્રકાશ પાથરી આમ જનતાને એમના જીવનમાંથી પ્રેરણા મળી રહે તે ઉદ્દેશ સફળતાથી સિદ્ધ કરવાનો પ્રયાસ છે. પુસ્તક-વેચાણની આવક હરિ ૐ આશ્રમમાં જશે. (સંપા. શ્રીમતી કાન્તાબેન ચિ. શાહ; પ્રકા. ગુરુકૃપા ગેસ્ટહાઉસ, ટાઉન હૉલ, એલિસબ્રિજ, અમદાવાદ-૬; કાચું પૂઠું; પૃ. ૯૨; રૂ. ૨.)

સૂરત કૉંગ્રેસ : ઈ. ૧૮૮૫માં સ્થપાએલી રાષ્ટ્રીય કૉંગ્રેસમાં નવચેતના તો પ્રકટી ઈ. ૧૯૦૭ના સૂરત અધિવેશનથી. ગાંધીજી હજુ ત્યારે દક્ષિણ આફ્રિકામાં લડત ચલાવી રહ્યા હતા. એ કાળે ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં પાયાની એક ઈંટ જેવી બની રહેલી સૂરત કૉંગ્રેસની કાર્યવાહીનો અને એના કાર્યકર્તાઓનો આ પુસ્તકમાંથી અચ્છો ખયાલ મળી રહે છે. અહીં રજૂ થએલી કેટલીય દુર્લભ માહિતીઓ આ પુસ્તકને સ્વાતંત્ર્યની લડત સમજવામાં ઘણું મહત્ત્વનું બનાવી દે છે. અંતે આપવામાં આવેલી છબીઓ પણ એ અતીતનો જોશીલો ઇતિહાસ પુનર્જીવિત કરે છે. લે. ઈશ્વરલાલ ઈ. દેસાઈ; જિલ્લા પંચાયત, દરિયામહેલ, સૂરત–૧; પાકું પૂઠું; પૃ. ૨૦૮, રૂ. ૧૧–૭૫.)

શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ અભિનંદનગ્રંથ : ઈ. ૧૯૩૦ થી કૉંગ્રેસના સન્નિષ્ઠ અને સેવાભાવી કાર્યકર રહેલા શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે સાઠ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે એમના જીવનકાર્યને અભિનંદન તો આ ગ્રંથ ત્રણ ખંડમાં વહેંચાએલો છે. આ ત્રણે ય ખંડોમાંથી શ્રી બાબુભાઈની એક નિઃસ્વાર્થી, સિદ્ધાંતનિષ્ઠ અને વિનમ્ર રાજકીય કાર્યકર્તા તરીકે છબી ઉપસે છે તો શિક્ષણ, સમાજ, સંસ્કૃતિ, રાજકારણ આદિ ક્ષેત્રમાં એમણે કરેલી પ્રશસ્ય કામગીરીનો પણ પરિચય મળી રહે છે. આ ઉપરાંત એમનાં ચિંતન-મનનને રજૂ કરતાં જે લખાણો-પત્રો–પ્રશ્નોત્તરી બીજા ખંડમાં સંગૃહીત કરવામાં આવ્યાં છે તેમાંથી પણ વિવિધ ક્ષેત્રોના એમના રસ અને મૌલિક દૃષ્ટિનાં દર્શન થયા વગર રહેતાં નથી. યુવાન પેઢીને આવા સન્નિષ્ઠ રાજકારણી પુરુષના જીવનકાર્યમાંથી પ્રેરણાનું બળ મળી રહેશે તે આ પ્રકાશનનું સાચું ઔચિત્ય ગણાશે. (પ્ર. શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ ષષ્ટિપૂર્તિ મહોત્સવ સમિતિ, પો. બૉ. નં. ૫૧, નડિયાદ; પાકું પૂઠું; પૃ. ૩૮૮; કિંમત જણાવી નથી.)

સજે ધરતી શણગાર : અવિચ્છિન્નરીતે એકબીજામાં વણાઈ ગએલી લોકકથાઓ અને

લોકસંસ્કૃતિ કોઈ પણ સમયે કોઈ પણ દેશ અને સમાજનો શ્રદ્ધેય પરિચય કરાવી આપે છે. શૌર્ય, સત્ય, ટેક, ન્યાય, હિંમત વગેરે ગુણોથી ઓપતી લોકકથાઓ સરસરીતે રજૂ થાય તો અનેરો આનંદ આપે છે. આ પુસ્તકમાં પણ પ્રાંતપ્રાંત ને પરદેશની કેટલીક એવી નાનીમોટી લોકકથાઓ આ જોવા મળે છે. દરેક કથા એની જુદી જુદી લખાવટ, એના ધ્યેય અને એની સાંસ્કૃતિક-સંપત્તિને લઈને રોચક બની રહે છે. પુસ્તકને લોકશૈલીનાં શોભનચિત્રોથી તેમ કથાનાં પ્રસંગ-ચિત્રોથી શણગારવામાં આવ્યું છે. પુસ્તકના પ્રારંભમાં સંપાદક શ્રી જોરાવરસિંહ જાદવનો 'લોકકથા : એક અધ્યયન' નામનો માહિતી-સભર લેખ વાચકોને લોકસંસ્કૃતિ ને સાહિત્ય-ની સૃષ્ટિના આસ્વાદમાં મદદરૂપ થાય તેવો છે. (પ્ર.લોકસાહિત્યપ્રકાશન,૩૫૫૭/૯,બાલમંદિર પાસે, દરવાજાનો ખાંચો, શાહપુર, અમદાવાદ ૧; પાકું પૂઠું; પૃ. ૯૮; રૂ. ૬)

સ્મરણિકા : પરપ્રાંતમાં વસતા ગુજરાતી-ઓની એકત્વભાવનાની ઝાંખી કરાવતી, હૈદરા-બાદના આંધ્રપ્રદેશ ગુજરાતી સમાજે ઊજ-વેલા પોતાના પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રગટ કરેલી આ સ્મરણિકામાં આંધ્ર પ્રદેશનો પરિચય આપતી સાંસ્કૃતિકક્ષેત્રે ઉપયોગી એવી લેખ તેમજ ફોટાની સામગ્રી આપી છે. આ ઉપરાંત આંધ્ર પ્રદેશ ગુજરાતી સમાજની સભ્ય-સંસ્થા-ઓનો વિગતે પરિચય તેમજ અનેક ભાષા-ભાષી વેપારીઓને ઉપયોગી થાય તેવી 'વ્યાપાર-વ્યવ-સાય-નિર્દેશિકા' પણ એમાં આપ્યાં છે. (પ્ર. આંધ્ર પ્રદેશ ગુજરાતી સમાજ; ૪–૩ ૨૫૯, ગિરિરાજ ભવન, સુલતાન બજાર, હૈદરાબાદ; કાચું પૂઠું; પૃ. ૩૧૬; રૂ. ૬ ઘેર બેઠાં.)

રૂપેરીરેણુ : શ્રી મધુભાઈ પટેલનાં બાલ-ગીતો અને અભિનય નાટિકાઓનાં ગીતોના આ સંગ્રહમાં આરંભમાં બાળકોની કલ્પના અને કુતૂહલને તૃપ્ત કરે તેવાં વિવિધ ભાવનાં-વિષયનાં ૧૪ ગીતો આપેલાં છે. ત્યાર બાદ વિવિધ ફૂલસૃષ્ટિનો ખ્યાલ આપતું 'ફૂલવારી'-નું ૧૩ ગીતોનું ઝૂમખું, બાલપ્રિય રમકડાંનાં ૧૩ ગીતોનું ઝૂમખું 'ઢીંગલીઘર', શાકભાજીનો પરિચય આપતું ૯ ગીતનું ઝૂમખું 'ભાજીઘર', પ્રાંતપ્રાંતની પ્રજા આખરે ભારતવાસી જ છે એ રાષ્ટ્રીય એકતા ગાતું ૧૫ ગીતોનું ઝૂમખું 'અમે ભારતવાસી', લોકસાહિત્યનું બાળસુલભ રૂપાંતર કરતું ૨૦ ગીતોનું ઝૂમખું 'સોનબાઈ', કૃષિજીવનનો પરિચય કરાવતું ૯ ગીતોનું ઝૂમખું 'હાલો ખેતરીએ' ને ઋતુની સૌંદર્યલીલા વ્યક્ત કરતું ૯ ગીતોનું ઝૂમખું 'ઋતુરંગ' બાળકોને આનંદ અને જ્ઞાન બન્ને પૂરાં પાડે છે. શબ્દ અને લયની પસંદગીમાં કર્તાએ બાલશ્રુતિ ને બાલ-બોલીનો પૂરતો ખ્યાલ દર્યો છે. આ ગીત-સંગ્રહથી આપણા અલ્પધન બાલસાહિત્યમાં એક સારો ઉમેરો થાય છે. (પ્ર. બકુલ પ્રકાશન, સિલ્વર સૅન્ડ્ઝ, વીર સાવરકર માર્ગ, માહીમ, મુંબઈ–૧૬; કાચું પૂઠું; પૃ. ૧૨૮; રૂ. ૩–૫૦.)

ડોંગરે મહારાજની જ્ઞાનપરબ : પ્ર-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



સત્યકામ વિદ્યાલંકાર

સ્વામી શ્રદ્ધાનંદના દૌહિત્ર. જન્મ ૧૪મી ઑગસ્ટ ૧૯૦૪, લાહોરમાં. હરદ્વારના ગુરુકુલ વિશ્વવિદ્યાલયના સ્નાતક: 'વિદ્યાલંકાર.' 'અર્જુન' દૈનિક પત્રમાં શ્રી ઈન્દ્રજી સાથે છ વર્ષ કામ કર્યા પછી 'ધર્મયુગ'માં દસેક વર્ષ અગ્ર કાર્યકર તરીકે રહ્યા બાદ હિંદી 'નવનીત'ના દસ વર્ષ સુધી તંત્રી રહ્યા. હાલ તેના તમામ ભાષાનાં પ્રકાશનોના સલાહકાર છે. પંજાબ સરકારે તેમને ૧૯૫૫માં 'શ્રેષ્ઠ ઉપન્યાસકાર'નો ખિતાબ આપ્યો છે. રેડિયો પર પણ એમના સંખ્યાબંધ કાર્યક્રમો રજૂ થાય છે. આર્ય સમાજના તેઓ સક્રિય કાર્યકર્તા છે. સેન્સર બોર્ડમાં પણ ચાર વર્ષ સુધી રહ્યા હતા. ભારતીય સંસ્કૃતિ, વેદ-ઉપનિષદ, જીવનઘડતરમાં પ્રેરક ગ્રંથો અને ઉપન્યાસ-અનુવાદો વગેરેનાં બાવીસ ઉપરાંત પુસ્તકો તેમણે લખ્યાં છે અને હજી યે એમનું લેખનકાર્ય જારી છે.

૧ હિંદી સાહિત્યની વિશિષ્ટતા દર્શાવશો?

ઉ. આધુનિક હિંદી સાહિત્યમાં વિકસિત ને વિવિધ માન-સિક ગતિ ને સ્વતંત્ર વૃત્તિ વધારે છે. વળી એ સંતોની વાણી, દાર્શનિકતા ને ભક્તિભાવની ભવ્યતાથી દીપે છે. ઉર્દૂ ને સંસ્કૃત-નું એમાં મનોહર મિશ્રણ હોવાથી હિંદી ભાષામાં લાલિત્ય, સરળતા, સ્પષ્ટતા અને પ્રખરતા પણ છે.

૨ હિંદીમાં આપના પ્રિય લેખકો કોણ કોણ?

ઉ. તુલસીદાસ અને પ્રેમચંદ. તુલસીદાસમાં છે ભક્તિભાવની વિપુલતા, મનુષ્ય ને સમાજના આદર્શોનું પ્રતિપાદન ને રામ-ચરિત્રનું ઝળકતું માધ્યમ. પ્રેમચંદે મધ્ય યુગની બધી બુરાઈ પર સખ્ત પ્રહાર કર્યા છે. જમીનદારી ને આર્થિક શોષણની વિરુદ્ધ ક્રાન્તિ તથા વિદ્રોહભાવ પરનું એમનું આલેખન હૃદયંગમ છે.

૩ આપે હિંદીમાં બાવીસથી વધુ પુસ્તકો લખ્યાં. એમાંથી આ-પને પોતાને કયું વધુ ગમે છે?

ઉ. બધાંય ગમે. પણ 'ચારિત્રનિર્માણ' વધુ. એની દસ આ-વૃત્તિ થઈ છે. એમાં ચારિત્ર્યવિકાસનું ક્રિયાત્મક વ્યાવહારિક ને મનોવૈજ્ઞાનિક વિશ્લેષણશૈલી સાથે પ્રતિપાદન કર્યું છે.

૪ આપના ખાસ શોખ?

ઉ. પ્રકૃતિસૌંદર્યનું દર્શન, યાત્રા કાજ પર્યટન, અને સંગીતમાં સિતાર અને માલકૌંસ રાગ.

૫ સાહિત્યનું શુદ્ધ સર્જન આપ કોને કહેશો?

ઉ. જીવનની યથાર્થ ગહરાઈને સંપૂર્ણ સહાનુભૂતિથી સમજીને શુદ્ધ કલ્પનથી નવીન ને પ્રેરણાત્મક દિશા દાખવતાં લખાણોને. એની ભાષા આડંબરરહિત, પ્રામાણિકતા ને હૈયાની ખરી સચ્ચાઈથી સભર હોવી જોઈએ. પૂર્વાગ્રહને ત્યજીને પૂર્ણ સ્વતંત્ર બુદ્ધિથી વિશુદ્ધ સાહિત્યસર્જન થવું ઘટે.

૬ આપના જીવનનું ધ્યેય?

ઉ. વિશ્વવિભૂતિનું આંતરવિભૂતિ સાથે ઐક્ય સાધીને જોવું અને જીવવું. એ અનુભૂતિ દ્વારા જીવનનો સમગ્ર સાર પામવો.

૭ આપને લખવાની વધુ પ્રેરણા શામાંથી મળે છે?

ઉ. અનંત આકાશના મુક્ત અવકાશના પ્રફુલ્લ ને પ્રેરક વાતા-વરણમાંથી. ખુલ્લા સ્થળમાં બેસીને લખ્યે જવાનું વધુ ગમે છે. સ્થળ, જીવન કે સર્જનમાં બંધન કે પરાવલંબન શા માટે?

૮ આપનું પ્રિય પુસ્તક? પ્રિય કવિ? પ્રિય પાત્ર?

ઉ. ઉપનિષદ. કાલિદાસ. સીતા.

૯ જગતભરનાં સામયિકોના આપ અભ્યાસી છો. કયું વધુ ગમ્યું?

ઉ. અગ્રગણ્ય સામયિકોમાં ય જોશો તો આંશિક શક્તિ છે. લોકપ્રિય છતાં ય આગળપડતાં સામયિકોમાં પણ અપૂર્ણતા, ક્યારા તો છે. એટલે કોઈ એકને ખાસ પસંદગી ન આપું.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૩૬] — કરાવનાર · જલન માતરી



વજૂ માતરી

ગુજરાતના સંત શિરોમણિ હજરત શાહ વજીહુદ્દીન ગુજરાતી (રહ.) સાહેબના ખાનદાનના, ખેડા જિલ્લાના ખ્યાતનામ પીરઝાદા મર્હુમ સૈયદ સઆદુદ્દીન સદરુદ્દીન અલ્વી સાહેબના વચેટ પુત્ર શ્રી વજીહુદ્દીન સઆદુદ્દીન અલ્વી છેલ્લા બે દાયકાથી પત્રકારિત્વ અને ગઝલ ક્ષેત્રમાં વજૂ માતરીના નામે ઓળખાય છે.

એમનો જન્મ તા. ૧-૧-૧૯૩૧ના રોજ માતર ગામે થયો. ગુજરાત યુનિવર્સિટીમાંથી ગ્રૅડ્યુએટ થઈ ૧૯૫૧માં જાણીતા દૈનિક પત્ર 'ગુજરાત સમાચાર'માં જોડાઇને પત્રકારત્વની કારકિર્દીનો આરંભ કર્યો ને પછી 'ગુજરાત સમાચાર', 'જનસત્તા', 'પ્રભાત' 'નવ સૌરાષ્ટ્ર', 'સંદેશ' વગેરે પત્રોમાં ઉત્તરોત્તર સેવા આપી એ ક્ષેત્રનો બહોળો અનુભવ મેળવી હાલમાં વડોદરાના દૈનિક પત્ર 'લોકસત્તા'માં તંત્રી વિભાગના વડા તરીકે સેવા બજાવી રહ્યા છે.

ઈ. ૧૯૫૧માં ગઝલ ક્ષેત્રમાં આવ્યા અને એવી ખુમારીવાળી ગઝલોનું સર્જન કર્યું કે ટૂંક સમયમાં જ આગલી હરોળના શાયરોની પંગતમાં બેસી ગયા. એમની ગઝલોમાં ઊંડાણ છે. અને દિલને હચમચાવી નાંખે એવી વેદના પણ છે. એમની ગઝલોનું મુખ્ય અંગ ખુમારી છે. ગઝલો ઉપરાંત નઝમો, મુક્તકો, ગીતો અને અછાંદસ કૃતિઓ પણ એમણે લખી છે. આઝાદ નઝમોમાં એ ડૂબેલા રહ્યા હોત તો એમનો જોટો મળવો મુશ્કેલ બનત. એમણે લખેલી ગઝલોના શેર પથ્થર ઉપર લકીર છે. એમનું ઉપવન જોઈને પાનખર માથાં ફૂટી રહી છે એવું વિધાન કરનારા, આરસી જેવું મન ધરાવતા હોવા છતાં યે સામેનું કદરૂપું જન જો કદરૂપું લાગે તો એમાં હું શું કરું?—એવો વેદના સાથે પ્રશ્ન પૂછી રહેલા, લાચારીને કારણે જંગલને બાગ સમજીને સંતોષ માની રહેલા આ નવયુવાન શાયરના શે'રોનો આસ્વાદ લઈએ!

નથી રોશની ભાગ્યમાં તો થયું શું?
બળીને સ્વયં રોશની મેળવીશું;
અમે પામશું ધૂળમાંથી ય સોનું
કઝામાંથી યે જિંદગી મેળવીશું.
હૃદયજ્યોતનાં દિવ્ય સૌંદર્ય લૂંટી
મુકદ્દરને અંધાપો આપી અકાળે,
જમાનો ભલે રોશની ગટગટાવે,
તિમિર પી અમે તાઝગી મેળવીશું.
સળગતા રહીશું ભલે રાતદિવસ,
જીવનપંથ લાખોના અજવાળી જાશું,
તિમિર દૃષ્ટિ કેરાં પડળ ચીરવાને
અમે જિંદગી 'વજ'ની મેળવીશું.

ꝏ

ફૂલના રોગીઓને દઉં ગીત ફૂલનાં
એ વીજળીનું ગીત નહિ જીરવી શકે.
જીતી ગયાં છે આંખને કામણ અમાસનાં,
એ ચાંદનીનું ગીત નહિ જીરવી શકે.
તૂટી જવાના જોજો સમંદરના સાત બંધ,
પાગલ નદીનું ગીત નહિ જીરવી શકે.
મહેફિલ છે જ્ઞાનીઓની, ગઝલની ન વાત કર;
દીવાનગીનું ગીત નહિ જીરવી શકે.

વીજળી સળગી મરી ઈર્ષાની મારી આભમાં,
મેઘ સાથે માણતું ધરતીનું જોબન જોઈને.

ꝏ

મરીને પણ અહીં આ જિંદગી રાહત મળી કોને?
ઘણી કબરોનાં ખંડેરો હજી વેરાન બાકી છે.

ꝏ

મઝા આવી'તી દીપક રાગ ગાઈને સળગવામાં,
તમે મલ્હારને છેડીને શાને વેર વાળ્યું છે.
ફના થાતું'તું એવું કે કોઈ સંભારે ના કિન્તુ,
કબર મુજ ખાક ઉપર બાંધનારે વેર વાળ્યું છે.

ꝏ

જીવનના પીંજરે મુજ પ્રાણ-પંખેરુને પૂરીને
મને નશ્વર જગતમાં લાવનારે વેર વાળ્યું છે.
એ સારું થૈ જતે જો 'વજ' ને જોવા નહીં મળતે,
ઝલક બતલાવી પડદો પાડનારે વેર વાળ્યું છે.

ꝏ

રાતના કાફલો લૂંટાઈ ગયો દિવસનો,
સૂર્ય ઘાંયો બની એક એક કિરણ શોધે છે.
હાય એ કેટલી જાલિમ હશે એકાકી સફર,
ચાંદ પોતે જહીં ત્રાસીને ગ્રહણ શોધે છે.

જીવનનું, નાવ તાર્યું છે અમે એવી ઢબે મિત્રો
તરંગોનાં હૃદય ઉપર અસર પડવા નથી દીધી.
રુદનનાં સંકડો તોફાન ભેટ્યાં માર્ગમાં કિન્તુ
નયન જેવા નયનને પણ ખબર પડવા નથી દીધી.

ꝏ

હૃદય બળે છે ને આંસુના તાર સળગે છે,
કોઈની રેશમી પાંપણની ધાર સળગે છે;
બપોર સળગે છે એનો ગીલો નથી માલિક,
ગીલો તો એ છે સલૂણી સવાર સળગે છે.

ꝏ

ઘટાનાં અંગમાં ઉમટ્યાં છે, ઘોડાપૂર જોબનનાં,
મહેક ફોરે છે મસ્તીની, અનિલ પાવો બજાવે છે;
તરુવર શીશ ડોલાવી કહે છે કે પ્રભુ ખાતર
વરસમા! કોઈનું જોબન અહીં આંસુ વહાવે છે.

ꝏ

તરંગો ઉછાળીને પડકાર ફેંકે,
એ ગર્જે અને આપણે જોઇ રહીએ?
ચલો જોઈ લઈએ સમંદરનું પાણી,
પછી શાંત આરાથી વાતો કરીશું.

ꝏ

ઘરના ખૂણે શાંત મૃત્યુ?
'વજ' ઘેલાં કાઢ મા!
રાહમાં દમ તોડી મરવાનો
સમય છે આજકાલ.

ꝏ

સર્પ જેવા સર્પનાં યે ઝેર ઊતરી જાય છે,
વખ નજરનાં કોઈનાં યે ઊતર્યા જાણ્યાં નથી.

ꝏ

આયના જેવું મન હો તો હું શું કરું?
સામે કદરૂપું જન હો તો હું શું કરું?
હું તો ઈચ્છું કે આ લાશ રઝળી પડે,
કાળ, પડખે સ્વજન હો તો હું શું કરું?
ફૂલની ઠંડક નથી તકદીરમાં
આગના પ્યાલા પીઉં છું, શું કરું?
કેવી મજબૂરી હશે કે 'વજ' હું
બાગ જંગલને કહું છું, શું કરું?

ꝏ

કફન લૂંટી જશે ને લાશને મુજ ઠોકરે દેશે
જીવન લૂંટી જનારાથી વધારે શું થવાનું છે?

ꝏ

કોનું ગજું કે નાવનું સાગરમાં નામ લે?
તોફાન ખુદ સુકાન હતું, કોણ માનશે?

ꝏ

આખું જીવન તરસતા રહ્યા એક ચીરને,
કિન્તુ મરીને જાતને શણગારવી પડી!

સિદ્ધ સંત ડોંગરેજીની જ્ઞાનસભર અમૃતવાણીની સરળ સૂત્રાત્મક શૈલીમાં થએલી આ રજૂઆત સંસારમાર્ગના ઉદ્ભ્રાંત પથિકોને શીળાં જ્ઞાનજળની પરબ બની રહેશે. (સં. દશરથ ગાંધી; ૫. જયંતીલાલ શાહ પખાલીની પોળ, રાયપુર, અમદાવાદ; કાચું પૂઠું; પૃ. ૧૫૫; રૂ. ૨.)

સુખી જીવનનું રહસ્ય: આ નાની પુસ્તિકામાં મનુષ્યજીવનને સુખી કરવાના નવેક મુદ્દાઓની છણાવટ કરવામાં આવી છે. (લે. જનાર્દનદાસ; પ્ર. સદ્‌વિચાર પરિવાર, ૨૬૯૭, દરિયાપુર ટાવર પાછળ, અમદાવાદ-૧; કાચું પૂઠું; પૃ. ૩૯; ૪૦ પૈસા)

શતરંજના વિશ્વવિજેતા-પદની સ્પર્ધા



રૉબર્ટ ફિશર અને બૉરિસ સ્પાસ્કી

રેક્જેવિક (આઈસલૅન્ડ)માં રશિયાના વિશ્વવિજેતા ખેલાડી બૉરિસ સ્પાસ્કી ને અમેરિકન યુવાન રૉબર્ટ (બૉબી) ફિશર વચ્ચે આરંભાએલી શતરંજની ચૅલેંજ મૅચ તરફ લગભગ આખા જગતના શતરંજપ્રેમીઓ જ નહિ અન્ય સૌનું પણ ધ્યાન ખેંચાઈ રહ્યું છે. એક રીતે આ બંને દેશ વચ્ચે ચાલી રહેલી રાજકીય સ્પર્ધા જેવી જ પરિસ્થિતિ આ સ્પર્ધાથી ઊભી થઈ છે. જે શતરંજ સ્પર્ધાના પરિણામની વર્તમાનપત્રો માત્ર થોડી લીટીની જ નોંધ લેતા તેમાં આજે આ સ્પર્ધા વિષે વિસ્તારથી નોંધો આવવા માંડી છે. એનાં કેટલાંક કારણો પણ છે.

વીસમી સદીના આરંભથી આ આવી ૨૧મી સ્પર્ધા છે, પણ આ હરીફાઈના પ્રતિસ્પર્ધીઓ બે મહાસત્તાના પ્રતિનિધિ હોઈ એ બે મહાસત્તા વચ્ચે ખેલાતા ઠંડા યુદ્ધ જેવી સ્થિતિ બની રહી છે. છેલ્લાં ૩૫ વર્ષમાં જે ચૅલેંજ મૅચ રમાઈ તે બધીમાં બંને પ્રતિસ્પર્ધી રશીઅન જ હતા. ફિશર જેટલો મહાન ખેલાડી છે એટલો જ તોરી અને ધુની પણ છે અને એથી આ સ્પર્ધા ક્યાં અને ક્યારે રમાશે, રમાશે કે નહિ વગેરે વિષે પણ આરંભમાં અનેક તર્કવિતર્ક ચાલ્યા હતા. આમાં બૉબીએ કરેલા લાડનખરાંથી આ સ્પર્ધાને અને એને પોતાને ઘણી વિસ્તૃત પ્રસિદ્ધિ મળી. ઈનામની રકમ વધારવાની માગણી, પ્રેક્ષકોની ફીમાં અમુક ટકાનો ભાગ ને અમુક જ ખંડમાં ને અમુક જ ખુરશી ટેબલ વગેરેની બૉબીની દુરાગ્રહભરી માગણી તથા બૉબીની રમવાની કુશળતા ઇત્યાદિથી આ 'સદીની સ્પર્ધા' વધુ કુતૂહલપ્રેરક બની ગઈ.

શતરંજમાં વિશ્વવિજેતા પદ માટે દર ત્રણ વર્ષે ચૅલેંજ મૅચ રમાય છે. તેમાં ભાગ લેવાનો અધિકાર પ્રાપ્ત કરતાં પહેલાં ખેલાડીને કેટલા સ્તર પાર કરવાં પડે છે તે જોઈએ. અમદાવાદના ખેલાડીનો દાખલો લઈએ : પ્રથમ તો એણે શહેર અને પછી જિલ્લાની ટુર્નામેન્ટમાં સારો દેખાવ કરવો જોઈએ અને તો જ એને અખિલ ગુજરાત ટુર્નામેન્ટમાં રમવા મળે. અખિલ ગુજરાત ટુર્નાં.માં પહેલાં ચાર સ્થાનમાં એ આવે તો તેને રાષ્ટ્રીય 'બ' ટુર્નાં.માં રમવા મળે. લગભગ ૭૦ જેટલા ખેલાડીની એ સ્પર્ધામાં પહેલા દસમાં આવનારને તે પછી રાષ્ટ્રીય 'અ' ટુર્નાં.માં રમવા મળે. એમાં પહેલા બે આવનાર એશિયા ઝોનની ઝોનલ ટુર્નાં.માં રમી શકે.

આ ઝોનલ ટુર્નાં. પણ દર ત્રણ વર્ષે એકવાર રમાય. ૧૯૭૧માં રાષ્ટ્રીય ટુર્નાં.માં પહેલા અને બીજા આવનાર મેન્યુઅલ ઍરોન ને મહમ્મદ હસન આ વર્ષે મે માસમાં તહેરાનમાં રમાએલી ઝોનલ ટુર્નાં.માં રમ્યા હતા જેમાં મહમ્મદ બીજા નંબરે આવ્યા હતા. જો તેઓ પહેલા આવ્યા હોત તો તેઓ ઈન્ટરઝોનલ ટુર્નાં.માં રમી શકત. અત્યાર સુધીમાં ભારતમાંથી એક માત્ર મેન્યુઅલ ઍરોન જ ઈ. ૧૯૬૧-'૬૨માં આ પદે પહોંચી શક્યા છે.

દુનિયાના આવા દસ ઝોન નક્કી કરેલા છે. તેમાં ખેલના ધોરણ પ્રમાણે ૧, ૨, ૩, કે ૪ ખેલાડી મળી કુલ ૨૪ ખેલાડી ઈન્ટરઝોનલ રમતા, પણ હવે પછી ૧૬-૧૬ ખેલાડીની બે ઈન્ટરઝોનલ રમાશે. આ ટુર્નાં.માં પહેલા છ ખેલાડી તે પછી કૅન્ડીડેટ ટુર્નાં.માં પાછલી કૅન્ડીડેટ ટુર્નાં.માં પહેલા આવેલા ખેલાડી સાથે રમે. ફિશર ૧૪ વર્ષની નાની વયે આ સ્તર સુધી પહોંચી ગયો હતો. અને તેણે આંતરરાષ્ટ્રીય મહાઉસ્તાદ-ઈન્ટરનેશનલ ગ્રાન્ડમાસ્ટરનું પદ મેળવ્યું હતું. અગાઉ તો આ કૅન્ડીડેટ્સ ટુર્નાં. 'લીગ'પદ્ધતિથી રમાતી જેમાં ભાગ લેનારા ઘણા રશિયન હોઈ તે એમના ફાયદામાં જતી આથી બે વખત આ ટુર્નાં.માં રમ્યા પછી ફિશરે તેનો બૉયકોટ કરેલો. હવે આ ટુર્નામેન્ટ 'નૉકઆઉટ' પદ્ધતિની ને દરેક મૅચ ૧૦ કે ૧૨ રમતની હોય છે.

ફિશરને કૅન્ડી. ટુર્નાં.ના પહેલા રાઉન્ડમાં રશિયાના માર્ક ટાઈમનૉવ સામે રમવાનું હતું. તેમાં ઉપરા ઉપર છ રમતમાં તેણે ટાઈમનૉવને હરાવીને તેણે સૌને ચકિત કરી દીધેલા. બીજા રાઉન્ડમાં ડેન્માર્કના બેન્ટ લારસનને પણ એણે ૬-૦ પૉઈન્ટથી હરાવીને ગજબ કરેલો. લારસન અને ફિશર બંને રશિયા બહારના સારામાં સારા શતરંજખેલાડી ગણાય. તેમની સ્પર્ધા રસાકસીભરી થશે એવી જે મોટી ધારણા હતી તે એથી ખોટી પડી. છેલ્લે ફિશરને ભૂતપૂર્વ (૧૯૬૩-૬૯) વિશ્વવિજેતા ટીગ્રન પૅટ્રોશ્યન સામે રમવાનું હતું. તેમાં પહેલી પાંચ રમતને અંતે બંનેના $2\frac{1}{2}$-$2\frac{1}{2}$ પૉઈન્ટ હતા. એ પરથી ખરી રસાકસી જામશે તેમ લાગતું હતું, પણ ત્યાર પછીની ચાર રમતમાં ફિશરે એકધારી જીત મેળવીને $6\frac{1}{2}$-$2\frac{1}{2}$ પૉઈન્ટથી પૅટ્રોસ્યનને અજબ હાર આપીને સ્પાસ્કીને ચૅલેંજ આપવાનો હક્ક મેળવ્યો.

અખબારો ને સામયિકોમાં ફિશર અને સ્પાસ્કી વચ્ચેની સ્પર્ધા વિષે તો હવે બહુ વિગતવાર માહિતી પ્રકટ થતી રહી છે અને આ લખાય છે તે દરમિયાન ફિશરે ઘણી સારી એવી લીડ મેળવી લીધી હોઈ એનો વિજય લગભગ નિશ્ચિત થઈ ચુક્યો છે. આમ, આ સ્પર્ધા એ દુનિયાભરના શતરંજક્ષેત્રમાં એક અજબ ખળભળાટ પેદા કરી દીધો છે જેમાંથી પ્રકટેલા કુતૂહલે અનેક નવા પ્રેમીઓ પેદા કરી શતરંજના સેટ અને પુસ્તકોના બજારમાં પણ સારી એવી તેજી આણી દીધી છે.

આ દરમિયાન જુલાઈ માસમાં સિમલા ખાતે રાષ્ટ્રીય 'બ' ટુર્નાં. રમાઈ ગઈ. તેમાં પહેલા દસમાં મહારાષ્ટ્રના છ ખેલાડી—અરુણ વૈદ્ય, મોહન બાખુર, ડૉ. શરદ રાજાધ્યક્ષ, વિજય અધિકારી, રામચંદ્ર સપ્રે અને શિવદત્ત હર્ષ, આંધ્રપ્રદેશના આબિદઅલી અલવી, તમ્મીળ નાડુના નટરાજન ને દિલ્હીના કિશનબિહારી છે.

સુરેશ મોદી

ફોટો-હરીફાઈ : ઉત્તરોત્તર વધતી જતી મોંઘવારીને કારણે 'કુમાર'માં વર્ષો સુધી ચાલતી રહેલી ફોટો-હરીફાઈ માટે બહુ ઓછી સંખ્યામાં અથવા એક-બે હરીફોનાં ઘણાં વધુ ચિત્રો આવતાં રહેવાથી કેટલાક સમયથી આ વિભાગ લગભગ બંધ રાખવો પડ્યો હતો. પરંતુ હમણાંહમણાં એ અંગે ઠીકઠીક પૃચ્છા આવવાથી ફરી આ હરીફાઈ ચાલુ કરીએ છીએ. હવે પછી અગાઉથી જાહેર કરેલા ચિત્રવિષય પર વર્ષમાં ચાર વખત – માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બર માસમાં એ યોજાશે અને એ માટે જાહેર કરેલી તારીખ સુધીમાં ફોટોગ્રાફ મોકલવાના રહેશે.

અન્ય નિયમો : (૧) ફોટો નાનામાં નાના ૮ × ૧૦ સેન્ટીમીટર અને મોટામાં મોટા ૧૫ × ૨૦ સેન્ટી.ના કદના, બ્લૅક ઍન્ડ વ્હાઇટ તથા ગ્લૉસી હોવા જરૂરી છે. (૨) દરેક પ્રિન્ટની પાછળ મોકલનારે પોતાનું પૂરું નામ-સરનામું અવશ્ય લખવું. (૩) બેથી વધુ ચિત્રો મોકલી શકાશે નહિ. (૪) એક હરીફને એક જ ઇનામ અપાશે. (૫) પહેલું ઇનામ ૧૦ રૂા; બીજું ૭ રૂા. અને ત્રીજું ૫ રૂા.નું રહેશે. (યોગ્ય જણાશે ત્યારે ઉત્તેજના ઇનામ પણ અપાશે.) (૬) જે ફોટોગ્રાફ 'કુમાર'માં પ્રકટ થશે તેના પ્રિન્ટની માલિકી 'કુમાર'ની રહેશે અને (૭) એ સિવાયનાં પ્રિન્ટ, જો મોકલનારે પૂરતું પોસ્ટેજ ચોડી પોતાનું નામ-સરનામું લખેલું યોગ્ય કદનું કવર મોકલ્યું હશે તો જ તેમને પાછા મોકલી અપાશે.

આગામી હરીફાઇનો ચિત્ર વિષય : નિસર્ગદૃશ્ય * ફોટો મોકલવાની છેલ્લી તા. ૩૦-૧૧-૧૯૭૨

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

સપ્ટેમ્બર૧૯૪૭·આખાંઅંક૨૮૫

પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'ના અંકોમાં આવતી વિટામિન વિષેની માહિતીપ્રદ લેખમાળાને અંતે સપ્ટેમ્બર '૪૭ના અંકમાં એ સમગ્ર માહિતીને આવરી લેતો કોઠો આપેલો તે કયા કયા ખોરાકમાં કયા કયા વિટામિનનું કેટલું પ્રમાણ છે તેનો એકી નજરે સમગ્રતયા ખયાલ આપતો હોઈ આ નીચે આપ્યો છે. કોઠાની સમજ : (○○○○)=ખૂબ સારા પ્રમાણમાં, (○○○)=મોટા પ્રમાણમાં, (○○)=ઠીકઠીક પ્રમાણમાં, (○)=ઘણું થોડું, (×)=નહિ જેવું.

વિટામિનનો કોઠો

પદાર્થ	એ	બી-૧	બી-૨	સી	ડી	ઈ	કે	પી
દૂધ	○ ○	○	○ ○	○	○ ○	○		
માખણ	○ ○ ○				○ ○	○		
ઘી	○ ○		○		○ ○ ○	○		
કૉડલિવર ઑઈલ	○ ○ ○ ○				○ ○ ○ ○			
ઇંડાં	○ ○	○ ○	○ ○ ○		○			
ઘઉં	×	○ ○ ○	○					
ચોખા	×	○	×					
બાજરી		○ ○	×					
જવ	×	○ ○	×					
મકાઈ	○ ○	○ ○	×					
તુવેરની દાળ	○	○ ○	○ ○					
મગ	○ ○	○ ○	○ ○					
સોયાબીન	○ ○ ○	○ ○ ○	○ ○					
વટાણા		○ ○	○			○	○	
ફણગાવાળાં કઠોળ	○ ○	○ ○	○ ○	○ ○ ○		○		
ગાજર	○ ○ ○	○	○	×	○ ○		○ ○	
ડુંગળી	×	○	○	○				
બટાટા		○	○	○			○	
મૂળા	×	○		○				
મેથીની ભાજી	○ ○ ○	○	○	○ ○		○ ○	○ ○	
મૂળાની ભાજી	○			○ ○		○ ○	○ ○	
પાલખની ભાજી	○ ○ ○	○	○ ○	○ ○		○ ○	○ ○	
કોબીજ	○ ○ ○	○	○	○ ○		○	○ ○	
મીઠો લીમડો	○ ○ ○			○ ○				
કંકોડાં				○ ○ ○ ○				
સરગવો	○ ○ ○	○		○ ○ ○				
ફ્લાવર	×	○ ○		○ ○ ○				
કારેલાં	○ ○	○	×	○ ○ ○				
કોથમીર	○ ○ ○		○	○ ○				
ટમાટા	○ ○	○ ○	○	○ ○			○	
કાકડી	×	○	○	×		○		
આમળાં				○ ○ ○ ○				
જમરૂખ	○	○	○	○ ○ ○				
પોપૈયાં	○ ○	×	○	○ ○				
કેળાં	○	○	○	○				
લીંબુ				○ ○				○
મોસંબી	○	○	○	○ ○				
પાકી કેરી	○ ○	○	○	○				
લીલાં મરચાં	○ ○			○ ○				
નાગરવેલનાં પાન	○ ○			○				
મગફળી	○	○ ○ ○	○ ○					

વૃક્ષ-વેલ-પરિચય–૧ · અશોક

पादाघातादशोक विकसति જેવી અનેક કલ્પ-નાઓ જેની આસપાસ ગૂંથાઈ છે એ, કામદેવને અર્પણ થએલાં સુંદર સુગંધી પ્રેમપ્રતીક અશોક-ને હિંદુ અને બૌદ્ધોમાં એક પવિત્ર વૃક્ષ ગણ-વામાં આવે છે. એનું શાસ્ત્રીય નામ છે 'સરાકા ઇન્ડિકા'. ઘણા માણસો આસોપાલવને અશોક કહે છે તે ભૂલ છે.

અશોક કદમાં નાનું શીંગોવાળા-શિંબી વર્ગનું વૃક્ષ છે. દરેક દિશામાં પ્રસરતી તેની શાખાઓ પર એક પછી એક ગોઠવાએલાં દાંડીરહિત અને સંયુક્ત પાન હોય છે. કૂણાં હોય ત્યારે પાતળાં ને રતાશ પડતાં એ પાન પછીથી સાધારણ ઘટ્ટ, લીસાં, ચળકતાં ને વળાંકદાર કિનારીવાળાં થઈ જાય છે. આંબા અને આસોપાલવનાં પાન જેવાં એ લાગે છે. બારે માસ લીલા રહેતા આ વૃક્ષ પર જાન્યુઆરીથી મે માસમાં ફૂલોનાં ઝૂમખાં બેસે છે. આરંભમાં નારંગી રંગનાં લાગતાં એ સુંદર સુગંધી ફૂલો પાછળથી રતાશ પકડે ત્યારે અશો-કનો દેખાવ મનોહર બની રહે છે. અશોકની શીંગ ૧૫ થી ૨૫ સે.મી. લાંબી ને ચપટી હોઈ તેમાં ૪ થી ૮ ભૂખરાં લીસાં બી હોય છે.

અશોક શીતળ છાયા અને સુંદર શોભા આપ-વા સાથે ઠંડું, કડવું, લોહી સુધારનાર, મલ સ્તંભક, કૃમિનાશક વગેરે જેવા ઔષધીય ગુણો પણ ધરાવે છે. ખાસ કરીને સ્ત્રીઓનાં અનેક દર્દોમાં એનાં છાલ, પાન, પુષ્પ ને મૂળનો ઉપ-યોગ થાય છે. 'અશોકારિષ્ટ' ને 'અશોક ઘૃત' વગેરે જેવી એની કેટલીક ઔષધીય બનાવટો જાણીતી છે. અશોકનું લાકડું પણ ઈમારતી કામ-માં વાપરી શકાય તેવું મજબૂત હોય છે.



અશોકનો પુષ્પગુચ્છ અને (નીચે) શીંગ






શું કરવા તું સુખને માટે દે છે દોડાદોડ જોને,
તારાં સુખ તો તુજને શોધે, સૂઈ રૂહે તાણી સોડ જોને.
માગ્યા વિણ જ મળે મેહુલા, માગ્યે મળે તો માગી જોને,
મોત સરીખું માગ્યું ન મળે, જીવલડા તું જાગી જોને.
મોંનાં માગ્યાં સુખ મળે, તો સંકટ આવે શાથી જોને,
બારણિયામાં સર્વે બાંધત હેમભરેલા હાથી જોને.

—ઋષિરાય

વિદ્યાપ્રિય વિપ્રવર્ય હિંમતલાલ અંજારિયા

હિંમતલાલ ગણેશજી અંજારિયાનું નામ કોઈ પણ સાહિત્યરસિકથી અજાણ્યું નહિ હોય. પંચાણું વર્ષની પાકટ વયે ૨૮મી જૂન ને બુધવારે એમનો દેહ પડયો ત્યારે આગલી પેઢીના એક સન્નિષ્ઠ સાહિત્યરસિકનો એક વધુ વર્તમાન અંકોડો ખડયો, એવો ભાવ કોઈને પણ થયા વગર રહેશે નહિ.

એમનો જન્મ રાજકોટમાં ઈ. ૧૮૭૭ના ઑક્ટોબરની બીજી તારીખે, એટલે કે સંવત ૧૯૩૩-ના ભાદરવા વદ ૧૦ને દિવસે થએલો. કુટુંબ વડનગરા નાગરનું, એટલે જન્મથી જ સંસ્કારી વાતાવરણ મળેલું. એમની સાહિત્યરુચિ, અને વિશેષે તો કવિતાપ્રીતિ ઘડવામાં એમનાં માતુશ્રી નિર્ભયકુંવરનો મુખ્ય ફાળો. એઓ પરમ વૈષ્ણવ, એટલે નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, દયારામ આદિ કવિઓનાં ઘણાં કાવ્યો એમને કંઠસ્થ હતાં, એટલું જ નહિ પણ, એ પદોને એઓ મધુર કંઠે ગાતાં. બાળ-કિશોર હિંમતલાલનું હૈયું આ પદગાનથી આકર્ષાયું. આ શૈશવ-સંસ્કાર સમજ આવતાં સાહિત્યરુચિમાં પરિણમ્યાં. વડોદરામાં અરવિંદ ઘોષ જેવા વિદ્વાન પ્રાધ્યાપકોની જ્ઞાન-છાયામાં ઈ. ૧૮૯૮માં બી.એ. થઈ એમણે સૌરાષ્ટ્રના ગોંડલ રાજ્યના કેળવણી ખાતાની નોકરી સ્વીકારી. ઈ. ૧૯૦૫માં એમ.એ. થયા ને પછી ૧૯૦૬માં મુંબાઈ નગરપાલિકાની શાળાસમિતિમાં ત્યાંની શાળાઓના મદદનીશ અધીક્ષક (આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ) તરીકે નિયુક્ત થયા. ઈ. ૧૯૧૩માં એલએલ. બી. થયા બાદ ઈ. ૧૯૧૫થી એઓ અધીક્ષક (સુપરિન્ટેન્ડેન્ટ) બન્યા.

એ હોદ્દા પર વર્ષો સુધી રહ્યા પછી પણ એમણે પોતાનાં ચિર અનુભવ, ધીર પ્રકૃતિ અને સ્થિર સન્નિષ્ઠાનો લાભ કેળવણીના ક્ષેત્રમાં આપવાનું ચાલુ રાખ્યું. એ જમાનામાં હજી સમા-જમાં સ્ત્રીશિક્ષણની મશાલ પ્રોજ્જ્વલ બની નહોતી, એટલે એમણે એ દિશામાં પુરુષાર્થ કર્યો. ઘેર ઘેર ઘૂમીને એમણે કન્યાકેળવણીનું માહાત્મ્ય સમજાવ્યું. પરિણામ? એમણે શરૂ કરેલી મહિલા કૉલેજમાં પ્રથમ ચાર જ વિદ્યાર્થિની-ઓ જોડાઈ! ભલભલો હિંમતવાન પણ શ્રદ્ધા અને ધીરજ ગુમાવી બેસે એવા એ સંજોગોમાં યે આ હિંમતલાલ અપાર હિંમતથી પરિસ્થિ-તિનો સામનો કરી સાર્થનામ પુરવાર થયા. પંચા-વનથી પાંસઠનો આયુ-દાયકો એમણે એ મહિલા કૉલેજના સફળ સંચાલનમાં ગાળ્યો. ત્યાર પછી તો એ કૉલેજ વિકસીને કર્વે કૉલેજ અને પછીથી એસ. એન. ડી. ટી. (શ્રીમતી નાથીબાઈ દામો-દર ઠાકરસી) કૉલેજમાં પરિણમી, એ એમની જ ધીરજ અને પરિશ્રમનું પ્રશસ્ય ફળ છે.



એ કૉલેજના આચાર્યપદેથી ૬૫મે વર્ષે નિ-વૃત્ત થયા પછી પણ એમણે વિદ્યાદાનની પ્રવૃત્તિ તો અટકાવી નહોતી જ. પોતાને ઘેરે આવનાર કોઈ પણ વિદ્યાઅર્થીને તેઓ વિદ્યાદાન વગર પાછો કાઢતા નહિ. લગભગ બે દાયકા સુધી. એટલે કે ૮૫ વર્ષ સુધી એમણે પોતાને ઘેરે રહી સંસ્કૃત શીખવતાંશીખવતાં ઘરને જાણે નાની વિદ્યાપીઠમાં જ ફેરવી નાખ્યું હતું. અરે. એટલું જ નહિ: દેવ વિદ્યાનો કોઈ ખરો આશક જણાતો તો તેને ઘેર જઈને ભણાવવામાં પણ પાછી પાની કરતા







સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ—

મુખલિંગો

લેખક · નરોત્તમ પલાણ

મહાન સંસ્કૃતિના અવશેષો આપણા દેશમાં પશ્ચિમ કિનારે મળી આવ્યા હોવા છતાં આજે સૌરાષ્ટ્રનો પશ્ચિમ કિનારો અનેક દૃષ્ટિથી અંધારામાં રહેલો છે. એના પ્રાચીન ટીંબા, મંદિરો, વાપીઓ, કુંડો, શિલાલેખો અને પાળિયાઓ વિષે હજુ જોઈએ તેટલું કામ નથી થયું; અને ધાર્મિક રિવાજો, નાનાનાના પંથો અને વાડાઓ વિષે તો હજુ કશું જ બહાર નથી આવ્યું એમ કહી શકાય. કોઈ નિરાંતે એની પાછળ પડે તો મધ્યકાલીન ગુજરાતીના ઘણા શબ્દો એના સાચા અર્થોમાં પ્રાપ્ત કરી શકે, તેમ ઘણા અણઉકલ્યા કોયડા તથા ખૂટતી બાબતોના ખુલાસાથી ગુજરાતનો ઇતિહાસ પૂર્ણ બને.

સૌરાષ્ટ્રમાં આર્યોના ઉદયકાળે સૂર્યપૂજા હતી. તે પછી શક્તિ, શિવ, સ્કંદ, વિષ્ણુ, બ્રહ્મા આદિના સ્વતંત્ર વિધિઓ પ્રવર્તેલા જણાય છે. આ બધાના ઉપાસ્ય પ્રકારના અવશેષો સૌરાષ્ટ્રમાં ડેરડેર પડ્યા છે. જૂનાગઢ જિલ્લામાં બાંટવા નજીક ભાદર નદીના ઘેડમાં આવેલા જૂણેજ નામે ગામે એક કણબી પટેલના વાડામાં ખાડ ખોદતાં સાંકડા મોઢાનું, જાડા દળનું, માટીનું તૂટેલું વાસણ મળી આવ્યું. આ વાસણમાંથી પ્રાપ્ત પાંચ અવશેષોમાંનાં ત્રણ મુખલિંગોના ફોટોગ્રાફ તથા વિગત અહીં રજૂ કરું છું.

પહેલું લિંગ લગભગ ચાર ઈંચ લાંબું અને બે ઈંચના વ્યાસનું છે, જેના પર નીચેથી ઊંચે જઈ વચ્ચે મિલન પામતી રેખાઓ બતાવેલી છે. બીજા લિંગમાં એક બાજુ યોગેશ્વર મહાદેવનું સૌમ્ય સુંદર મુખ અર્ધો ઈંચ બહાર ઊપસતું કોતરેલું છે. અલ્મોડાના દંડેશ્વર શિવને આબેહૂબ મળતો આ નાનો નમૂનો છે. શિવના માથા પર જટાની ત્રણ ગાંઠ મૂકીને, એક મુખ, એ ત્રણ ગોળાકાર ગાંઠ અને ઉપરનું લિંગશીર્ષ થઈ પંચશિવની કલ્પના સિદ્ધ કરી શિલ્પીએ અહીં વિશેષતા બતાવી છે. ત્રીજા લિંગમાં ચારે બાજુ ચાર મસ્તકો અને ઉપર શિશ્નાકાર ગોળ ટોપ છે. મૂર્તિવિધાનશાસ્ત્ર મુજબ એ ચારમુખ સદ્યોન્નત, વામદેવ, અઘોર અને તત્પુરુષ તથા ઉપરનો ગોળાકાર ઈશાન નામથી ઓળખાય છે. આ લિંગ ૩ાા ઇંચનું જ છે, ને નીચે જલાધારીમાં બેસાડવા અર્ધા ઇંચનો સાલ કાઢેલો છે.

ત્રણે લિંગો લીલાશપડતા કાળા આરસનાં સુંદર સુઘડ અને સફાઈદાર ઘડતરનાં છે. લિંગ ઉપરની આકૃતિઓ જોતાં આ ત્રણે લિંગો પ્રતિહાર યુગનાં જણાય છે. આઠમીથી બારમી સદી સુધી આપણે ત્યાં આવેલી શિવભક્તિની ભરતીનો સમય આ લિંગોમાં નોંધાએલો છે.

આ જાતનાં મોટાં મુખલિંગોની શ્રી ગોપીનાથરાવે નોંધ લીધી છે. તેઓ મદ્રાસની બાજુના રેણીગુંટા પાસેના ગુડીમલ્લમના પરશુરામેશ્વર મંદિરમાં પૂજાતા મુખલિંગને ભારતનું સૌથી પ્રાચીન મુખલિંગ કહે છે. અત્યાર સુધી આ પ્રકારનાં નાનાં મુખલિંગો ગુજરાત-સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત' હોવાનું મારી જાણમાં નથી, એટલે મારા મતે આ લિંગો ગુજરાતમાં પ્રાપ્ત પ્રથમ મુખલિંગો છે. આકૃતિ અને કદને કારણે અનન્ય એવાં આ ત્રણેય સૈન્ય પ્રકારનાં મુખલિંગો કોઈ ફરતા સાધુની પૂજા હોવાનું સંભવે છે.

ભાગવતના ત્રીજા સ્કંદના પહેલા અધ્યાયમાં 'ભારતનો પશ્ચિમ સમુદ્રકિનારો શિવલિંગોથી વ્યાપ્ત' હોવાની જે વાત થએલી છે તે આ અને આવા બીજા અસંખ્ય અવશેષોથી સત્ય જણાય છે. કોઈ મિત્ર કે સંસ્થા આ દિશામાં વધુ પ્રયત્ન કરે તો નિઃશંક વધુ વિગત પ્રાપ્ત થઈ શકે તેમ છે.*

* ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૬મા અધિવેશન(મદ્રાસ)માં ઇતિહાસ-પુરાતત્ત્વ-સંશોધન વિભાગમાં વંચાએલો નિબંધ.

નહિ! આમ, વિદ્યાદાનમાં જ એમની અખંડ વિદ્યોપાસના રહેલી હતી.

વિદ્યાનો આવો ઉપાસક કડવું વેણ તો બોલી જ કેમ શકે? કોઈના પણ દિલને દુઃખ થાય તેવું બોલવાનું એ ટાળતા. એમની સંસ્કારિતા અને સજ્જનતાનો અનુભવ એમના પરિચયમાં આવેલ કોઈ પણ વ્યક્તિ ભૂલી શકશે નહિ. એમની સાદાઈ અને વિનમ્રતા પણ એવાં જ નોંધપાત્ર. સ્વચ્છ સફેદ ધોતિયું, લાંબો કોટ અને પાઘડીમાં એમની સૌંદર્યદૃષ્ટિ અને ગૌરવપ્રીતિ જોઈ શકાતી. સ્વાશ્રયી પણ એવા જ. પોતાનું કામ, મોટે ભાગે, પોતે જ પતાવી લે. એઓ માત્ર જન્મે જ નહિ પણ કર્મે ય બ્રાહ્મણ જ હતા. વિત્ત કરતાં વિદ્યા એમને વધારે વહાલી હતી. સમૃદ્ધિ કરતાં સ્વમાન અને સિદ્ધાંતપ્રિયતા વધુ પ્યારાં હતાં. એક પ્રસંગ આ વાતની ગવાહી પૂરે છે. જો એઓ ખાદીનો ત્યાગ કરે તો મુંબાઈ નગરપાલિકાના આ કેળવણી અધીક્ષકને શાળાસમિતિનું મંત્રી પદ આપવાની વાત થએલી. ત્યારે એ મંત્રીપદ કરતાં ખાદીના સ્વમતને વળગી રહેવામાં જ એમણે સિદ્ધાંતનિષ્ઠા માની હતી. આવા વિદ્યાવ્યાસંગી પુરુષને શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષીએ 'અકામહત શ્રોત્રિય' કહ્યા છે તે ઉચિત જ છે.

ગુજરાતી સાહિત્યમાં એમણે કંડારેલી કેટલીક કેડીઓ અનુકરણીય રહી છે. 'કાવ્યમાધુર્ય'નું સંપાદન (ઈ. ૧૯૦૩) કરી એમણે ગુજરાતી કવિતારસિકો સમક્ષ, પાલગ્રેવની 'ગોલ્ડન ટ્રેઝરી'ને અનુસરતો સવિવેક સુંદર કાવ્યસમુચ્ચય પ્રથમ જ વાર રજૂ કર્યો. આ જ રીતે 'કવિતા-પ્રવેશ' (કરીમ મહમદ માસ્તર સાથે ઈ. ૧૯૦૮માં), 'કવિતાવિનોદ' (ઈ. ૧૯૨૬) વગેરે પણ ભુલાય તેવાં નથી. 'સંગીતમંજરી' (૧૯૦૯) દ્વારા એમણે ગુજરાતી ગીતોનો પ્રથમ પરિચય કરાવ્યો હતો; તો 'મધુબિન્દુ' (૧૯૧૫)માં બાળકાવ્યોનો સર્વપ્રથમ આસ્વાદ કરાવ્યો હતો 'સાહિત્યપ્રવેશિકા' (૧૯૨૨)માં એમણે જ ગુજરાતી ભાષામાં ગુજરાતી સાહિત્યની વ્યવ-

સ્થિત પરિચયરેખા આપવાનો પ્રથમ પુરુષાર્થ કર્યો હતો. 'બાળસ્વભાવ અને બાળઉછેર' (૧૯૨૦) તથા 'શિક્ષણચંદ્રિકા' (૧૯૨૩) એમની શિક્ષણપ્રીતિની પ્રતીતિ કરાવતાં પુસ્તકો છે. 'ગોંડળનો વાર્તારૂપ ઇતિહાસ'(૧૯૦૩) કે 'મુંબાઈ બેટની ભૂગોળ' (૧૯૧૪) અને 'હિંદુસ્તાનની ભૂગોળ' (૧૯૧૫) જેવી કૃતિઓ એમની ઇતિહાસ-ભૂગોળપ્રીતિ સૂચવે છે. આ રીતે, એમણે આજીવન સાહિત્ય અને શિક્ષણની જ સેવા કરી છે. એમના જવાથી ગુજરાતી સમાજે એક શીલભદ્ર સાહિત્યરસિક કર્તવ્યનિષ્ઠ શિક્ષક અને અખૂટ વિદ્યાપ્રીતિ ધરાવનાર આજન્મ બ્રાહ્મણ ગુમાવ્યો છે.

—ધી. પ.

સ્વાતંત્ર્યની રજતજયંતી નિમિત્તના ખાસ સિક્કા



ભારતની આઝાદીની રજતજયંતી નિમિત્તે દસ રૂપિયા અને પચાસ પૈસાની કિંમતના બે ખાસ સિક્કા બહાર પડ્યા છે. દસ રૂપિયાનો સિક્કો (ઉપર) ૩૯ મિ. મી. વ્યાસનો, ૨૨·૫ ગ્રામ વજનનો છે અને તેમાં ૫૦ ટકા ચાંદી, ૪૦ ટકા તાંબું, તથા પાંચ પાંચ ટકા નિકલ અને જસત છે. ૫૦ પૈસાનો સિક્કો કદ અને વજનમાં હાલના ૫૦ પૈસાના સિક્કા જેટલો જ છે અને તેમાં ૭૫ ટકા તાંબુ તથા ૨૫ ટકા નિકલ છે.

બંને સિક્કા પર એક તરફ અશોક સ્તંભ સાથે તેની કિંમત આપી છે જ્યારે બીજી તરફ, ઉપર દસ રૂપિયાના સિક્કામાં છે એ પ્રમાણે, સંસદ ભવનની પશ્ચાદભૂ પર હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે યુવકયુવતીનું અંકન છે. કિનાર પર '૨૫મી સ્વાતંત્ર્યજયંતી' તથા '૧૯૪૭–૧૯૭૨' એવું લખાણ છે.

સ્વાતંત્ર્ય પછી આ પ્રકારના આ ચોથા ખાસ સિક્કા છે. પ્રથમ ૧૯૬૪-માં સ્વ. પં. નેહરુની સ્મૃતિમાં ૧ રૂપિયો અને ૫૦ પૈ.ના સિક્કા બહાર પડેલા; તે પછી ગાંધી જન્મશતાબ્દી પ્રસંગે ઈ. ૧૯૬૯ની ૨૭ ઑક્ટોબરે ૧૦ રૂ., ૧ રૂ., ૫૦ પૈ. અને ૨૦ પૈ.ના સિક્કા; ને ત્યાર બાદ ૧૯૭૦ની ૧૬મી ઑક્ટોબરે 'યુનો'ની અન્ન અને કૃષિ સંસ્થાની રજતજયંતી પ્રસંગે ૧૦ રૂ. અને ૨૦ પૈ.ના બે ખાસ સિક્કા બહાર પડ્યા હતા.

લૉટરીનો નિર્દોષ વિકલ્પ

લૉટરીનો જુગાર આ દેશની ગરીબ પ્રજામાં વ્યાપક બનાવવા માટે લગભગ બધાં રાજ્યોની સરકારો એકમેકની સાથે સરસાઈ કરી રહી હતી, તે દિવસોમાં પણ અડીખમ બનીને તેની સામે ટકી રહેવાની હિંમત, દૂરંદેશી અને લોકકલ્યાણની ભાવના બતાવનાર ગુજરાતની સરકારે સહુ પ્રજાસેવકોના ધન્યવાદ મેળવેલા. હવે નવી સરકાર આવી છે તે, લૉટરી-માંથી રાજ્યને અમુક કરોડની આવક થઈ શકે તેવા પ્રલોભનમાં પડીને, આગલી નીતિની ફેરવિચારણા કરતી જણાય છે ત્યારે, એક સૂચન મૂકું?

તાજેતરમાં સ્ટેઈટ બૅંક ઑવ ઇંડિયા તરફથી 'પ્રાઈઝ ડિપૉઝિટ સર્ટિફિકેટ' બહાર પાડવામાં આવ્યાં છે. શ્રી મોરારજી દેસાઈ નાણાંમંત્રી હતા ત્યારે ભારત સરકારે બહાર પાડેલાં ઈનામી બૉન્ડને મળતાં આ સર્ટિફિકેટ છે. આ યોજનામાં રોકેલી મૂડીને અઢી ટકા વ્યાજ મળવાનું છે. પણ ઓછા વ્યાજની સામે થાપણના કરતાં દસગણી રકમ સુધીનાં ઈનામ જીતવાની શક્યતા છે.

બીજી લૉટરીઓમાં ને 'ઈનામી થાપણ'ની આ યોજનામાં પાયાનો તફાવત એ છે કે ઈનામ મળે કે ન મળે, પણ રોકાએલી પૂરી મૂડી મુદતને અંતે આપણને પાછી મળે છે, અને અઢી ટકા જેટલું વ્યાજ પણ દરેક વ્યક્તિને મળે જ છે. લૉટરીના ઈનામની લાલચે માણસ આંધળો બનીને પોતાની મહામૂલી બચત ખોઈ બેસી ખુવાર થાય છે, તેવું આમાં નથી. અસંખ્ય લોકોની બચત ધૂતી લઈને તેમાંથી બે-ચાર જણને લાખોનાં મોટાં મોટાં ઈનામો આપવાનું પાપ પણ આમાં નથી. સૌથી મોટું ઈનામ રોકેલી થાપણ કરતાં દસગણું જ રાખવાનો સંયમ આમાં છે, ને સૌથી

વસતિ-ગણતરી

ઈ. ૧૯૭૧માં થએલી છેલ્લી ગણતરી પ્રમાણે ભારતની વસતિ આગલી બે ગણતરીઓ પછી વધીને સવાગણી થઈ છે, ને કુલ ૫૪,૭૯,૪૯,૮૦૯ ઉપર પહોંચી છે. તેની થોડી વિગતો રસમય થઈ પડશે.

પુરુષો ૨૮,૩૮,૩૯,૬૧૪
સ્ત્રીઓ ૨૬,૪૦,૧૩,૧૦૫
(એટલે કે દર ૧૦૦૦ પુરુષે ૯૩૦ સ્ત્રીઓ)

ગામડાની વસતિ ૪૩,૮૮,૫૫,૫૦૦
શહેરોની વસતિ ૧૦,૯૦,૯૪,૩૦૯

હિંદુઓનું પ્રમાણ ૮૩·૫૧ ટકાથી ઘટીને ૮૨·૭૨ ટકા થયું છે.
મુસ્લિમોનું પ્રમાણ ૧૦·૭૧ ટકાથી વધીને ૧૧·૨૧ ટકા

દેશનાં મુખ્ય નવ શહેરોની વસતિ નીચે પ્રમાણે છે:

કલકત્તા	૭૦,૩૧,૩૮૨	હૈદરાબાદ	૧૭,૯૬,૦૩૯
મુંબાઈ	૫૯,૭૦,૫૭૫	અમદાવાદ	૧૭,૪૧,૫૨૨
દિલ્હી	૩૬,૪૭.૦૨૩	બૅંગ્લોર	૧૬,૩૫,૭૭૯
મદ્રાસ	૩૧,૬૯,૯૩૦	કાનપુર	૧૨,૭૫,૨૪૨
પૂના	૧૧,૩૫,૦૩૪		

ગુજરાતની વસતિ

ગુજરાતની કુલ વસતિ ૨,૬૬,૯૭,૪૭૫ છે—જેમાં

પુરુષો: ૧,૩૮,૦૨,૪૯૪
સ્ત્રીઓ: ૧,૨૮,૯૪,૯૮૧

ગ્રામ-વિસ્તારમાં		શહેરોમાં
૯૮,૪૨,૪૮૩	પુરુષો	૩૯,૬૦,૦૧૧
૯૩,૫૮,૪૯૨	સ્ત્રીઓ	૩૫,૩૬,૪૮૯
૧,૯૨,૦૦,૯૭૫	કુલ	૭૪,૯૬,૫૦૦

ગુજરાતની જિલ્લાવાર વસતિ

અમદાવાદ	૨૯,૧૦,૩૦૭	ભાવનગર	૧૪,૦૫,૨૮૫
ખેડા	૨૪,૧૧,૩૮૭	બનાસકાંઠા	૧૨,૬૫,૩૮૫
મહેસાણા	૨૦,૯૨,૪૬૮	સાબરકાંઠા	૧૧,૮૭,૬૩૭
વડોદરા	૧૯,૮૦,૦૬૫	જામનગર	૧૧,૧૧,૩૪૩
પંચમહાલ	૧૮,૪૮,૯૦૪	ભરુચ	૧૧,૦૯,૬૦૧
સૂરત	૧૭,૮૬,૯૨૪	કચ્છ	૮,૪૯,૭૬૯
જૂનાગઢ	૧૬,૫૬,૬૭૭	અમરેલી	૮,૪૮,૭૩૦
રાજકોટ	૧૬,૨૪,૦૭૨	સુરેન્દ્રનગર	૮,૪૫,૪૫૪
વલસાડ	૧૪,૨૮,૭૪૨	ગાંધીનગર	૨,૦૦,૬૪૨
ડાંગ	૯૪,૧૮૫		

અને એક લાખથી વધુ વસતિવાળાં શહેરો (પરાં સાથે)

અમદાવાદ	૧૭,૪૧,૫૨૨	ભાવનગર	૨,૨૫,૯૭૪
સૂરત	૪,૯૩,૦૦૧	જામનગર	૨,૧૪,૮૧૬
વડોદરા	૪,૬૭,૪૮૭	નડિયાદ	૧,૦૮,૨૬૯
રાજકોટ	૩,૦૦,૬૧૨	પોરબંદર	૧,૦૬,૭૨૭

નાનું ઈનામ રોકાણના ચોથા ભાગ જેટલું. દર ૧,૦૦૦ સર્ટિફિકેટમાંથી ૫૦ને તો નાનું મોટું કોઈક ઈનામ આપવાની બાંહેધરી પણ એમાં છે. ભાગ લેનારા લોકોમાંથી પાંચ ટકાને તો કશુંક ઈનામ મળવાનું જ.

આ ઈનામી થાપણનાં સર્ટિફિકેટ રૂ. ૧૦૦, રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦-વાળાં બહાર પાડેલાં છે, તે દરેકની ઉપર નંબર છાપેલો છે. બે-બે માસના ગાળા દરમિયાન વેચાએલાં આવાં તમામ સર્ટિફિકેટમાંથી ચિઠ્ઠી નાખીને ઈનામી નંબરો ચૂંટાશે. રૂ. ૧૦૦ના સર્ટિફિકેટોમાંથી પહેલા આવનારને રૂ. ૧,૦૦૦નું ઈનામ મળશે : પછી આવનાર દસ સર્ટિફિકેટોને રૂ. ૧૦૦-૧૦૦-નાં ઈનામ મળશે. ને ત્રીજાં આવનાર ચાલીસ સર્ટિફિકેટને રૂ. ૨૫-૨૫નાં ઈનામ મળશે. રૂ. ૫૦૦ અને રૂ. ૧,૦૦૦નાં સર્ટિફિકેટો માટે પણ એથી પાંચગણાં ને દસગણાં મોટાં ઈનામોની એવી જ જોગવાઈ રહેશે.

બારને બદલે છ મહિના માટે જ જેમને થાપણ મૂકવી હોય તેમને પણ, પ્રમાણમાં નાની રકમનાં, એટલી જ સંખ્યામાં ઈનામો મળશે.

દરેક સર્ટિફિકેટ પર તે પાકવાની (અને ઈનામી નંબર ચૂંટવાના 'ડ્રૉ'ની) તારીખ જણાવેલી હશે. પાકવાની તારીખે આપણે સર્ટિફિકેટ પાછળ સહી કરીને તે બૅંકને પાછું મોકલીએ, એટલે મૂળ રકમ તથા વ્યાજ અને, એ નંબરને લાગ્યું હોય તો, ઈનામ તે આપણને મોકલી આપે.

રાતોરાત લાખોપતિ થઈ જવાની લાલસા નહિ ધરાવનાર અનેક સામાન્ય પ્રજાજનોને થોડીથોડી બચત કરવાની પ્રેરણા આપનારું જે તત્ત્વ આ યોજનામાં પડેલું છે તે નિર્દોષ છે અને પ્રોત્સાહનને પાત્ર પણ છે. બૅંકની માફક ગુજરાત સરકાર જ જો ઈનામી થાપણની આવી યોજનાનો આરંભ કરશે, તો પ્રજાને જુગારને છંદે ચડાવવાના કલંકમાંથી તે ઊગરેલી રહેશે, અને સાથોસાથ સામાન્ય નાગરિકોના સારા એવા વર્ગને બચત કરવાનું, તથા તે મૂડી રાજ્યને બાંધી મુદત માટે વ્યાજે ધીરવાનું, એક અસરકારક આકર્ષણ પૂરું પાડશે. —મહેન્દ્ર મેઘાણી

ગણિતગમ્મત

અંક ૫૭૦ (જૂન ૧૯૭૧)મા પાન નં. ૨૩૩માં ૪૩૫૬ની ગણિત-ગમ્મત આપેલી છે એમાં હજી વિશેષ રહસ્ય છુપાએલું છે. એ સંખ્યાના દ્વિઅંક વિભાગોનો સરવાળો ૪૩+૫૬ = ૯૯ થાય છે. એમાં ૯ બે વખત આવેલા છે. વળી એ વર્ગસંખ્યા છે: ૪૩૫૬ = ૬૬² એટલે કે ૪૩૫૬નું વર્ગમૂળ ૬૬ છે અને એમાં પણ ૬નો આંકડો બે વખત આવેલો છે.

બીજી ખાસ વિચિત્રતા એ છે કે ૪૩૫૬ને ૨ વડે ભાગવાથી જે સંખ્યા (૨૧૭૮) આવે તે અને ૨ વડે ગુણવાથી જે સંખ્યા (૮૭૧૨) આવે એ બંને એકબીજીથી ઊલટી છે! —મ. ના. ખત્રી

ગુજરાત ઇતિહાસ પરિષદ: દ્વિતીય જ્ઞાનસત્ર

પુરાતત્ત્વ સંશોધન મંડળ, પોરબંદરના આમંત્રણથી, ગુજરાત ઇતિહાસ પરિષદનું બીજું જ્ઞાનસત્ર આગામી તા. ૨૯-૩૦-૩૧ ઑક્ટોબરે ડૉ. રમણલાલ ના. મહેતાના પ્રમુખસ્થાને પોરબંદરમાં મળશે. તે સાથે સૌરાષ્ટ્રી ભરતગૂંથણનું એક લોકકલા-પ્રદર્શન પણ યોજવાનું વિચાર્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ઇતિહાસ તથા લોકસંસ્કૃતિમાં રસ લેતા સૌને નિમંત્રણ છે. વિશેષ માટે સંપર્ક સાધો: ૧) ગુજરાત ઇતિહાસ પરિષદ C/o ભો. જે. વિદ્યાભવન, ર. છો. માર્ગ અમદાવાદ-૯; ૨) પુરાતત્ત્વ સંશોધન મંડળ C/o મણિભાઈ વોરા, કડિયા પ્લૉટ, પોરબંદર.

ફોરમ ઑવ ફ્રી એન્ટર પ્રાઇઝ

તરફથી યોજવામાં આવેલી 'મૂળભૂત અધિકારો' એ વિષય પરની નિબંધ હરીફાઇનું રૂ. ૧૦૦૦નું પ્રથમ ઇનામ ન્યૂ દિલ્હીનાં ડૉ. મિસ પી. સરોજિની રેડ્ડી ને બિકાનેરના શ્રી વી. એસ. ગાંગલને સરખે ભાગે આપવામાં આવ્યું છે; અને રૂ. ૫૦૦નું બીજું ઇનામ મુંબાઇનાં શ્રી મીનાક્ષી સુન્દરમ્ અને કાલિકટના શ્રી આર. રાધાકૃષ્ણન વચ્ચે વહેંચવામાં આવ્યું છે.


આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

આ માસ-સપ્ટેમ્બરનું મૂળ નામ છેક રોમન પંચાંગમાં હતું એ જ આજ સુધી ચાલુ રહ્યું છે, જેનો અર્થ થાય છે 'સાતમો'. ત્યારે વર્ષગણના માર્ચ માસથી આરંભાતી હતી. એ ગણતરીએ એનો ક્રમ સાતમો આવતો. યુરોપનાં ખેતરોમાં પાકની લણણી આ માસમાં થતી એ પરથી શાર્લમાનના કૅલેન્ડરમાં તે 'હાર્વેસ્ટ મન્થ'ના નામથી ઓળખાતો. ઍંગ્લો-સૅક્સનો તેને 'ગર્સ્ટ મૉનાથ' એટલે કે ઉઘાડો મહિનો કહેતા તે પણ આ જ અર્થમાં કેમ કે લણણી થઈ જવાથી આ માસમાં ખેતરો બધાં ખુલ્લાં થઈ જતાં. ઇંગ્લૅન્ડમાં તો છેક ઈ. ૧૭૫૨ સુધી વર્ષારંભ ૨૫મી માર્ચથી ગણાતો હતો.

૮ (૧૬૬૪) ઇંગ્લૅન્ડ સામે હારવાથી ડચોએ અમેરિકામાં પચાસથી યે વધુ વર્ષથી પોતાની માલિકીનું ન્યૂ આમ્સ્ટર્ડામ નગર એમને સોંપી દીધું. અંગ્રેજોએ, ચાર્લ્સ બીજાના ભાઈ ડ્યુક ઑવ યૉર્કના નામ પરથી એ નગરને 'ન્યૂ યૉર્ક' એવું નામ આપ્યું. ઈ. ૧૭૬૦માં આ જ તારીખે ફ્રેન્ચોએ કૅનેડામાં પોતાની પાસેનું છેલ્લું શહેર મૉન્ટ્રીઅલ અંગ્રેજોને સોંપી દીધું. એની આગલી રાત્રે ફ્રેન્ચ કમાન્ડરે દુખતે હૃદયે ત્યારે ફ્રાંસના રાષ્ટ્રધ્વજને અગ્નિદાહ આપ્યો હતો. આજે યે કૅનેડાના આ સૌથી મોટા શહેરમાં મુખ્ય ચલણ ફ્રેન્ચ ભાષાનું જ છે.

૯ (૧૯૫૨) ગાંધી વિચારના પ્રચારક અને 'હરિજન' પત્રોના સમર્થ તંત્રી શ્રી કિશોરલાલ મશરૂવાળાનું અવસાન.

૧૧ (૧૮૯૩) અંગ્રેજી હકૂમત તળેના હિંદમાં મુંબાઈમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે પહેલું કોમી હુલ્લડ થયું. ઈ. ૧૯૨૪માં આવા કોમી દાવાનળની શાંતિ માટે ગાંધીજીએ ૨૧ ઉપવાસ કરેલા તે પણ આ જ માસની ૧૮મી તારીખથી શરૂ કરેલા.



૧૪ (૧૮૧૨) નેપોલિયનના સૈન્યે મૉસ્કો પર જીત મેળવી અને તેને આગ લગાડી. આ જીત પછી પાછા ફરતાં રશિયાની કાતિલ ઠંડીમાં એના વિજયી સૈન્યનો ઘણો મોટો ભાગ ખલાસ થઈ ગયો. નેપોલિયનને તેનો આ વિજય સૌથી વધુ ભારે પડી ગયો હતો. વિજયી સૈન્યોના ઇતિહાસની એ એક મહા કરુણ ઘટના છે. (ઉપર એ ઘટનાનું એક દશ્ય આપ્યું છે.)

૧૫ (૧૮૩૦) રેલમાર્ગના યુગનો આરંભ: લિવરપુલ અને માંચેસ્ટર વચ્ચે પહેલી રેલવે લાઈનનું કામ પૂરું થઈ એનું વિધિસર ઉદ્‌ઘાટન થયું. સ્ટીફન્સનનું વિખ્યાત ઍંજિન 'ધી રૉકેટ' એ પહેલી રેલગાડીને ખેંચતું હતું. આરંભમાં તો એ ગાડીનો વેગ કલાકે ૨૯ માઈલ જેવો રહેતો જે આગળ જતાં કલાકે ૫૩ માઈલ સુધી પહોંચેલો. આરંભની એ ગાડીમાં પહેલા વર્ગના ડબા એ કાળની બંધ ઘોડાગાડીના જેવા પણ જરા વધુ લાંબા હતા અને પ્રવાસીઓનો સામાન એના છાપરે મુકાતો. થર્ડ ક્લાસના ડબા આજના ખુલ્લા વૅગન જેવા હતા.



લિવરપુલ-માંચેસ્ટરના પાર્કસાઈડ સ્ટેશન પર પાણી ભરતું ઍંજિન

૧૯ (૧૯૩૬) ધારાશાસ્ત્રી તરીકે ઊજળી કારકિર્દી છોડી દઈ આજીવન સંગીતપ્રસારનો ભેખ લેનાર પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડેનું અવસાન.



લગભગ અર્ધી સદી સુધી એક ધારું સંશોધન કરીને એમણે દેશભરમાં પ્રવાસ કરી હિંદુસ્તાની સંગીતને આમજનતા સુધી પહોંચતું કર્યું. સ્વર માલિકા સંગીત પદ્ધતિ પર ચાર ગ્રંથો અને સંગીતનાં ક્રમિક પુસ્તકોના છ ભાગોમાં એમણે શાસ્ત્રીય અને ઘરાણેદાર લગભગ ૨૦૦૦ ચીજોને સ્વરાંકન કરીને આજની તેમજ આવતી પેઢીને માટે એક અમર કાર્ય કર્યું છે. ૭૨ મેલમાંથી રાગોત્પાદક રે-ધ કોમળ, રે-ધ-ગ શુદ્ધ અને ગ-નિ કોમળ એમ સ્વરોનું સરળ વિભાજન કરી, પ્રાતઃ ગેય, સાયંગેય તથા દિવસ અને રાત્રિના અન્ય ભાગમાં ગવાતા રાગોને ૧૦ થાટમાં ગોઠવી હિંદુસ્તાન સંગીતને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું. એમનો જન્મ ૧૦-૮-૧૮૬૦ ને જન્માષ્ટમીના રોજ થએલો. આ માસમાં એમની બંને તિથિનો-સુયોગ આવે છે.

૨૩ (૧૬૮૬) લગભગ બે સદીથી ચાલતી રહેલી આદિલશાહી પાદશાહતનો અંત. તુર્કી ગુલામ તરીકે હિંદ આવેલો, પણ હકીકતે રાજખટપટથી નાસી આવેલો કહેવાતો, તુર્કસ્તાનના સુલતાનનો નાનો પુત્ર યુસુફ આદિલખાન પોતાનાં પરાક્રમ અને ચાતુર્યથી દક્ષિણના બ્રાહ્મણી રાજ્યમાં પ્રગતિ કરતો કરતો બીજાપુરનો સૂબો બન્યો હતો અને પછી લાગ સાધી એણે ઈ. ૧૪૮૯માં ત્યાં પોતાની સ્વતંત્ર હકૂમત સ્થાપી તે આદિલશાહી નામે ઓળખાઈ. એણે એક મરાઠા સરદાર મુકુંદરાવની બહેન સાથે લગ્ન કર્યું, જે પુંજીખાનમ નામે ઓળખાતી. આદિલશાહી વંશમાં એના પછી ઈસ્માઈલ, મલ્લુ, ઈબ્રાહિમ પહેલો, અલી, ઈબ્રાહિમ બીજો, મુહમ્મદ, અલી બીજો અને સિકંદર બાદશાહ થઈ ગયા. એમની રાજભાષા મરાઠી અને ઊંચા હોદ્દાઓ બહુધા મરાઠાઓ હોઈ તેઓના જીવનમાં પણ અનેક પરિવર્તનો થયાં ને બહાદુરી પણ વધી, જેમાંથી એક મોરારરાવે મોટું પરાક્રમ કરી મોગલોની વિખ્યાત તોપ 'મુલ્કે મૈદાન' બીજાપુર જીતી આણેલી. આવાં પરાક્રમો અને પ્રગતિની એષણામાંથી મરાઠાઓને સ્વાતંત્ર્યનું ભાન થયું. ઔરંગઝેબે બીજાપુર પર દબાણ વધાર્યું. બીજી તરફ શિવાજીનો સિતારો પણ ચમક્યો અને એમની ભિવડી ભીંસમાં આદિલશાહીના પાયા ડગવા લાગ્યા. અંતે ઔરંગઝેબે સિકંદર આદિલશાહને કપટથી ઝેર દઈને બીજાપુર અને તેની અઢળક દોલત હાથ કરી ને આદિલશાહી પાદશાહત પૂરી થઈ.

કાજળ તજે ન શ્યામતા, મુક્તા તજે ન શ્વેત;
દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત.

ફ્રેન્ચ ડૉક્ટર થીઓફીલ લાઈનેકે ૧૮૧૪-માં લાકડાના ચીચુડા પર રમતાં છોકરાઓને કંઈક કરતાં જોયાં. એક છોકરો ચીચુડાને એક છેડે લીસોટા કરતો હતો અને બીજો, બીજે છેડે કાન માંડી તે સાંભળતો હતો. આથી તેને થયું કે આ જ રીતે માણસની છાતીમાં થતા સૂક્ષ્મ અવાજો કાગળની ભૂંગળી વડે સાંભળી શકાય કે નહિ? તેણે પ્રયોગ કરી જોયો તો શરીરના અવાજોની નોંધ કરી શકાય એટલું સ્પષ્ટ સંભળાવવા લાગ્યું. ડૉક્ટરો વાપરે છે તે ભૂંગળી (સ્ટેથેસ્કોપ)ની શરૂઆત તે દિવસથી થઈ.


કહેવતોના અર્થ: 'મોટી વચલી ને નાની; તે ખાર, સેલી ને વાની,' પોતાની ત્રણે વહુઓ એકસરખી (ગુણવાન?) છે તે દર્શાવવા વાપરેલી કહેવત (કેમ કે સેલી=રાખ, ને વાની=રાખ). જ્યાં બધી જ વસ્તુઓ સરખી નિકૃષ્ટ હોય એ સ્થિતિ-સંજોગ દર્શાવવા આ કહેવત વપરાય છે.

અનેકાર્થી શબ્દ: ઘાટ=આકાર કે દેખાવ; બાંધેલો આરો-ઓવારો; સ્ત્રીઓને પહેરવાનું એક રેશમી વસ્ત્ર; પહાડી રસ્તો, સહ્યાદ્રિનો પહાડી પ્રદેશ; પ્રસંગ કે લાગ; યુક્તિથી કામ લેવાની યોજના; તજવીજ, રીત કે લક્ષણ; શોભા; કાંટો; જથ્થો કે સમૂહ; તલવારનો ધારવાળો વળાંક; ઓઢણી, ચૂંદડી; ચણિયો કે ઘાઘરો, મનોરથ, વિચાર કે મનસૂબો.

ગણિત-ગમ્મત: એકથી માંડીને કોઇ પણ રકમ સુધીના અંકોનો સરવાળો જાણવો હોય તો એને માટે એક ઘણી જ સહેલી રીત છે. જે રકમ સુધીનો સરવાળો કરવો હોય તેનો તથા તેની પછીની રકમનો ગુણાકાર કરી, આવેલા ગુણાકારની રકમને બે વડે ભાગતાં જે આવે તે સરવાળાનો જવાબ. દા. ત. એકથી દસ સુધીના અંકનો કુલ સરવાળો $\frac{૧૦ \times ૧૧}{૨} = ૫૫$ —પી. એ. વ્યાસ


ખમીસના કૉલર અંદરથી વધુ મેલા થાય છે ને ધોવા છતાં યે ગરદન પાસેની એની ધાર તદ્દન સાફ થતી નથી. એ માટે ધોતાં પહેલાં બેએક કલાક અગાઉ, કે આગલી રાતે, એને સહેજ ભીના કરી ખાંડ ઘસી રાખવી. આમ કર્યા પછી ધોતાં કૉલર સ્વચ્છ થઈ શકશે.

શીશીના બૂચમાંથી પ્રવાહી ટપકવાનો સંભવ લાગતો હોય તો બૂચને ગરમ પાણીમાં ઉકાળી ગરમાગરમ બેસાડી દેવું. સુકાઈ જશે એટલે વધીને સજ્જડ થઈ જશે.



એક દીવાસળીના ટોપકામાં યે એટલી અણુ-શક્તિ હોય હોય છે કે જો તેનો વિસ્ફોટ કરવામાં આવે તો સ્વિટ્ઝર્લૅન્ડ દેશનો બધો બરફ પીગળી જાય એટલી ગરમી તેમાંથી પેદા થાય.

પ્રધાનશ્રી ઘેર આવ્યા ત્યારે પત્નીએ અકળાઇને કહ્યું: 'આવો તે કેવો ડ્રાઈવર રાખ્યો?'
'કેમ? શું થયું? બેઅદબ છે?'
'ના, એનું નામ લેવાય એવું નથી.'
'શું નામ છે?' 'પ્રાણનાથ.'
'તો એની અટકથી બોલાવવો.'
'એ પણ બને એવું નથી.'
'કેમ? શી અટક છે?' 'સ્વામી.'



કલાકણિકા: પશ્ચિમના દેશોમાં બગીચાની દીવાલ ઉપર શોભન તરીકે રચાતાં ફૂલછોડનાં આવાં કૂંડાં જેવાં, આપણે ત્યાં પણ, જૂનાં ઘરોના ચોક કે ફળિયામાં ભારતીય રૂપાકૃતિવાળા તુલસીક્યારા ક્યાં નથી હોતા?



નાવલી : સૌરાષ્ટ્રની એક વિશિષ્ટ નદી (ચિત્રકાર : છગનલાલ જાદવ)

ૈરાષ્ટ્રની આ માત્ર ચારેક માઇલ લાંબી નદી સાવરકુંડલા (સાવર અને કુંડલા એમ બે ગામ)ની વચ્ચેથી વહે છે. માંડ આઠ દસ હાથ પહોળી અને 'ઊંડ ઢે મથોડું' પાણીવાળી આ નાવલી જમીનમાંથી નીકળી જમીનમાં સમાઈ જાય છે. છતાં ગમે તેવા દુકાળમાં યે એ કદી સુકાતી નથી એ એ એની વિશિષ્ટતાઓ. ક દંતકથા છે કે અગાઉ ગામને છેડે દેવીનું એક દેહરું હતું. એક ચારણ એ દેવીની ભક્તિ કરતો. એક વાર દુકાળ પડ્યો ને લોકો પાણી વિના તરફડવા લાગ્યા. રણે દેવીને રીઝવવા તપ આદર્યું. દેવીએ પ્રસન્ન થઈ વરદાન માગવા કહ્યું ત્યારે ચારણે કદી ન સુકાય એવી એક નદી માગી. દેવીએ કહ્યું: 'જા, પાછળ જોયા ના આગળ ચાલતો થા. તારી પાછળ પાછળ એક નદી ચાલી આવશે. પણ જોજે, પાછું વાળી જોતો નહિ.' ચારણે તો ચાલવા માંડ્યું ને એક ભાગોળથી બીજી ગોળ સુધીનો રસ્તો કાપી નાખ્યો. પણ પછી એના મનમાં અશ્રદ્ધા પેઠી અને ખાત્રી કરવા એણે પાછું જોયું. પાછળ આવતી નદી ત્યાં જ અટકી ગઈ ને એનું ણી ભોંયમાં સમાવા માંડ્યું. ત્યારથી એ નાવલી સાવરકુંડલાની એક ભાગોળથી બીજી ભાગોળ સુધી નિરંતર એકધારા પ્રવાહે વહી જાય છે અને ગામથી થોડે દૂર ભૂમિમાં સમાઈ જાય છે.